ગુજરાતી ભાષાનું વ્યાકરણ.

પદચ્છેદ અને વાક્ય પ્રથક્કૃતિ સાથે.

ઉંચાં ધોરણના વિદ્યાર્થીઓ અને

ટ્રેનિંગ કૉલેજના સ્કૉલરોને સારૂ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વલ્લભ ભાણજી દાણી સે૰ આ૰

અને

ત્રિભુવન નારાયણ બીજા આસી૰

બોટાદ તાલુકા સ્કૂલ.

સંવત ૧૯૪૨ સને ૧૮૮૫

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

મૂલ્ય ૮ આના.

ગૂજરાતી ભાષાનું વ્યાકરણ.

પદચ્છેદ અને વાક્ય પ્રથક્કૃતિ સાથે.

—o—

ઉંચાં ધોરણના વિદ્યાર્થીઓ અને
ટ્રેનિંગ કૉલેજના સ્કૉલરોને સારૂ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વલ્લભ ભાણજી દાણી સ્પે૰ આ૰

અને

ત્રિભુવન નારાયણ બીજા આસી૰

બોટાદ તાલુકા સ્કૂલ.

સંવત ૧૯૪૨ સને ૧૮૮૫

—o*o—

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

મૂલ્ય ૮ આના.

પ્રસ્તાવના.

હાલમાં ઇતિહાસ અને ભૂગોળની શાળોપયોગી ચોપડીઓ છપાઈ બહાર પડે છે. પણ થોડી કિંમત ને વધારે બોધ થાય, એવી વ્યાકરણની ચોપડી નિશાળમાં ચલાવવા લાયક થોડીજ છપાઇ છે. અને તેનો ખપ વધારે છે, તેથી એ ખોટ પૂરી પાડવાના હેતુથી એક વ્યાકરણની ચોપડી છપાવવાનો વિચાર થયો. એવામાં અત્રેના તાલૂકા સ્કૂલ માસ્તર પાસે રાજકોટ ટ્રેનિંગ કૉલેજમાં ઉતરાવેલી હોપ કૃત વ્યાકરણની વિસ્તાર વાળી નોટ અમારા જોવામાં આવી, અને તે નિશાળીઆ અને શિક્ષક બંનેને ઉપયોગી જણાયાથી એમાં પદચ્છેદ વગેરે બાબતો ઉમેરી, તે છપાવવાનું કામ માથે લીધું. તે કામ અમારી શક્તિ ઉપરાંત છે, તેથી વિદ્વજ્જનો અમારી થએલી ભૂલો ક્ષમા કરશે, એવી અમારી ઉમેદ છે.

સરકારી નિશાળોમાં હાલ ચાલતાં ધોરણમાં વ્યાકરણનો વિષય સુપિરીયર ત્રીજા ધોરણથી શીખવવાનો છે. એ વિષય કઠિન છે, તેથી છોકરાંને તેનું પહેલેથીજ ચોખ્ખું અને દૃઢ જ્ઞાન પદ્ધતિસર આપવામાં આવે, તોજ આગળ જતાં મુસ્કેલી પડે નહીં, પરંતુ ઘણે ઠેકાણે પદ્ધતિસર ન શીખવતાં ગોખણ રીતિ ચલાવી શિક્ષકો એ વિષયને એવો ડહોળી મારે છે કે ઉંચાં ધોરણમાં પણ તે બાબતની ભૂલ્યો ચાલ્યાંજ કરે છે. હવે જ્યારે તેનું જ્ઞાન અપૂર્ણ રહે ત્યારે બીજા તેના સંબંધ વાળા વિષયોમાં પણ સ્વાભાવિક રીતે ન્યૂનતા રહે એમાં નવાઇ નથી, માટે વ્યાકરણનો વિષય પહેલેથી બરાબર પાકો શીખવવો જોઇએ.

એ વિષય સંયોગીકરણની રીતેજ શીખવવાનો છે. તેની દરેક બાબત કેમ શીખવવી, તે વિસ્તારથી લખીએ તો

એ એક ઈલાયદુંજ પુસ્તક થાય, તેથી આમાં તે લખ્યું નથી, પણ મે. હોપ સાહેબ કૃત અને વિદ્વાન રા.સા. હરગોવિંદદાસભાઇ કૃત વ્યાકરણની શરૂઆતમાં એ વિશે શિક્ષકોને સૂચના આવી છે, તે વાંચીજવા અહિંઆં ભલામણ કરીએછીએ.

આ ચોપડીની સાથે વ્યુત્પત્તિ. પિંગળ. વગેરે બાબતોનો ટુંકામાં સમાવેશ કરવાનો હતો, પણ તે જુદાં શીખવાય છે. તેથી દાખલ કરેલાં નથી. તેમજ સંધિ, સમાસ, જોડણી, વગેરે વિષય હોપ કૃત વ્યાકરણમાં નથી. તેથી આમાં ઉમેરવામાં આવ્યાં નથી, માત્ર હોપકૃત વ્યાકરણને આધારેજ વિષયોનો અનુક્રમ રાખી તેની વિસ્તારથી સમજણ આપેલી છે.

વ્યાકરણના વિષયની મહત્તા જોતાં અમારાથી આ કામ બરાબર થયું હશે કે નહીં? એ શક રહ્યા કરે છે. કેમકે સારસ્વત નામના સંસ્કૃત વ્યાકરણ ગ્રંથમાં તેના સમર્થ વિદ્વદ્વર્ય અનુભૂતિ સ્વરૂપાચાર્ય પણ કહે છે કેઃ—

इन्द्रादयोऽपियस्यान्तं, नययुःशब्दवारिधेः
प्रक्रियांतस्यकृत्स्नस्य, क्षमोवक्तुंनरः कथं? ॥१॥

અર્થઃ—ઇંદ્રાદિ આચાર્યો પણ સંપૂર્ણ શબ્દ સમુદ્રનો પાર પામ્યા નથી, તો તેની (વ્યાકરણ શાસ્ત્રની) પ્રક્રિયા કહેવાને માણસ શી રીતે સમર્થ થાય?

તો અમારી અલ્પજ્ઞની એ બાબતમાં શી શકિત ચાલે. માત્ર વિદ્વાન મહાત્માઓએ દેખાડેલા રસ્તા પ્રમાણે ચાલી, અમારાથી બને તેટલો પ્રયાસ કરી સુજ્ઞજનોની સેવામાં આ ચોપડી ભેટ કરીએ છીએ.

આ ચોપડી પ્રસિદ્ધ કરવામાં અત્રેના તાલુકા સ્કૂલ માસ્તર દેવશંકર વૈકુંઠજીએ અમને પોતાના ખાનગી વખતમાં જેજે મદદ આપી છે, તે બાબત તેમનો ઉપકાર માનીએ છીએ.

પ્રસિદ્ધ કર્તા.

ગૂજરાતી ભાષાનું પ્રશ્નોત્તર વ્યાકરણ.

પ્રશ્ન—વ્યાકરણ એટલે શું? તેની વ્યાખ્યા આપો.

ઉત્તર—વ્યાકરણ=(વિ=વિશેષે કરીને+આ=મર્યાદા બતાવનાર ઉપસર્ગ+અન=ક્રિયા બતાવનાર પ્રત્યય)=વિશેષે કરીને મર્યાદા કરનાર. એમાં ભાષા એ શબ્દનો અધ્યાહાર રહેલો છે, એટલે ભાષાના નિયમનું શાસ્ત્ર. તે ઉપરથી તેની વ્યાખ્યા એવી થઈ કે—જેમાં શુદ્ધ બોલવાની તથા શુદ્ધ લખવાની વિદ્યા જણાવેલી હોય તે.

પ્ર—વ્યાકરણનું કામ શું? અને ભાષા તથા વ્યાકરણમાં પેહેલું શું?

ઉ—ભાષાને બગડતી અટકાવવાને માટે વ્યાકરણ છે. વ્યાકરણ ને ભાષા એ બેમાં પ્રથમ ભાષા છે.

પ્ર—કઈ ભાષા વ્યાકરણ ન હોવાથી નાશ પામી? અને તેનું વ્યાકરણ હાલ યુરોપના વિદ્વાનોએ શા સંબંધ ઉપરથી બનાવી કાઢ્યું છે.

ઉ—ઝંદભાષા. એનું વ્યાકરણ હાલ યુરોપના વિદ્વાનોએ ભાષાના સંબંધપરથી બનાવી કાઢ્યું છે.

પ્ર—વ્યાકરણના કેટલા ભાગ છે? તેનાં નામ આપો.

ઉ—ચાર (૧) અક્ષર વિચાર. (૨) શબ્દ વિચાર. (૩) વાક્ય વિચાર. (૪) કવિતા વિચાર.

પ્ર—હોપકૃત વ્યાકરણમાં કયા ભાગનું વર્ણન કર્યું છે? ને કયાનું નથી કર્યું.?

ઉ—પહેલા ત્રણ ભાગનું વર્ણન કર્યું છે, ને ચોથા કવિતા વિચારનું વર્ણન નથી કર્યું. તે વર્ણન મોટા વ્યાકરણમાં (ટેલરમાં) તથા પિંગળમાં આવે છે.

પ્ર—અક્ષર એટલે શું?

ઉ-આપણા વાણી સ્થાનમાંથી નીકળતા ટુંકામાં ટુંકા ઉચ્ચાર. તથા તે ઉચ્ચાર લખી બતાવવાની જે નીશાનીઓ તેને અક્ષર કહેછે.

પ્ર-અક્ષરવિચાર એટલે શું?

ઉ-અક્ષર કેટલાછે, તેનો, તથા તેના ભેદનો વિચાર.

પ્ર-શબ્દ એટલે શું?

ઉ-એક અથવા વધારે અક્ષર મળ્યાથી કાંઇ પણ અર્થ સમજાય તેને શબ્દ કહીએ,

પ્ર-શબ્દ વિચાર એટલે શું?

ઉ-નામ, સર્વનામ ને વિશેષણને વિભક્તિ લગાડયાથી, તથા ક્રિયાપદનાં રૂપાખ્યાપન ઇત્યાદિ કરવાથી તેમનાં જે રૂપ થાયછે તે, તથા અવ્યય કેમ વપરાયછે, તે સર્વનો વિચાર.

પ્ર-ક્રિયાપદનાં રૂપાખ્યાપન એટલે શું?

ઉ-કોઈ ક્રિયાપદનાં જૂદાં જૂદાં રૂપ કહેવાં તે.

પ્ર-શબ્દ વિચારની વ્યાખ્યામાં "ઇત્યાદિ" શબ્દ કોને લાગુ પડે છે? તે સ્પષ્ટ રીતે સમજાવો.

ઉ-શબ્દ વિચારમાં ઇત્યાદિ શબ્દ નામ, સર્વનામ, વિશેષણ ને ક્રિયાપદને લાગુ પડે છે, કેમકે નામ, સર્વનામ અને વિશેષણને વિભક્તિના પ્રત્યય સિવાય જાતિ વચનના પ્રત્યયો લાગે છે, તેમ ક્રિયાપદનાં રૂપને જાતિ, વચન, ભેદ, કાળ, વગેરેના જૂદા જૂદા પ્રત્યયો લાગે છે, માટે એ ચારે વર્ગને ઈત્યાદિ શબ્દ લાગુ પડે છે.

પ્ર-વાક્ય એટલે શું? તે સંપૂર્ણ રીતે સમજાવો.

ઉ-* એકકે વધારે શબ્દથી થએલા પૂરા વેણનો અર્થ

---

* માણસના મનનો એક નિર્ણય જે વડે સંપૂર્ણ પ્રકાશ પામે, તેને વાક્ય કહે છે. આ વ્યાખ્યા વધારે સ્પષ્ટ છે. પણ હોપકૃત વ્યાકરણને આધારેજ આ નોટ લખી છે. તેથી તેજ વ્યાખ્યા કાયમ રાખી છે.

અધૂરો રહે નહીં, તો તેને વાક્ય કહેવું, પણ એક શબ્દથી વાક્ય થતું નથી, કેમકે વાક્યને અંતે ક્રિયાપદ જોઇએ, અને ક્રિયાપદ હોય તો તેનો કર્તા પણ હોવો જોઈએ, એટલે ઓછામાં ઓછા બે શબ્દ તો જોઇએજ, પણ જે ઠેકાણે એક શબ્દનું વાક્ય વાપરીએ છીએ, તે ઠેકાણે બીજા શબ્દ અધ્યાહાર હોય છે. આવાં અધ્યાહાર રહેલાં વાક્ય ઘણું કરીને હુકમ કરતી વખતે વપરાય છે. જેમ જા, બેસ, ઉઠ. (પણ ખરેખરૂં તો તું જા, તું બેસ; તું ઉઠ) ઇત્યાદિ વળી ઉત્તર આપતી વખતે પણ વખતે વપરાય છે. જેમ તું આવીશ? જવાબ ના (નહીં આવું.)

પ્ર—વાક્ય વિચાર એટલે શું ?

ઉ—વાક્યમાં બરાબર રીતે શબ્દ ગોઠવાની રીત.

ભાગ ૧ લો અક્ષર વિચાર.

પ્ર—અક્ષરના કેટલા ભાગ છે, તેનાં નામ લખો.

ઉ—બે [૧] મૂળાક્ષર, [૨] જોડાક્ષર.

પ્ર—મૂળાક્ષર એટલે શું? તેના કેટલા ભાગ છે, તેનાં નામ આપો.

ઉ—મૂળાક્ષર એટલે જેમાં કાંઇ ફેરફાર થયો ન હોય તે. જેમ [ક] પણ ક્‌ નહીં.

પ્ર—સ્વર એટલે શું ? તેના કેટલા ભાગ છે ? ને દરેક ભાગમાં કયા સ્વર આવે છે ?

ઉ—સ્વર એટલે જેનો ઉચ્ચાર બીજાની સહાયતા વગર થઈ શકે તે. તેના પેટા ભાગ બે છે ૧ -હ્રસ્વ ૨ દીર્ઘ -હ્રસ્વ સ્વર ત્રણ છે અ, ઇ, ઉ, દીર્ઘ સ્વર ૯ છે આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ એવી રીતે બાર સ્વર છે.

પ્ર—ગૂજરાતી ભાષામાં સ્વર કેટલા છે, ને સંસ્કૃતમાં કેટ-

ક્ષા વધારે છે?

ઉ–ગૂજરાતી ભાષામાં બાર છે, ને સંસ્કૃતમાં ઋ ૠ ઌ ૡ એ ચાર વધારેછે.

પ્ર–ઋ ૠ ઌ ૡ એ સ્વરોમાંનો કયો સ્વર ગૂજરાતીમાં વપરાય છે.

ઉ–ઋ ઘણો વપરાયછે. જેમ ઋષિ, પૃથ્વી, કૃદંત, ઋતુ. વગેરે

પ્ર–અનુસ્વાર એટલે શું?

ઉ–હરકોઇ સ્વરની ઉપર બિંદુ હોય તે.

પ્ર–અનુસ્વારને વાંચવાની રીત બોલો?

ઉ–અનુસ્વાર બે જાતના છે, ૧ સંસ્કૃત ૨ પ્રાકૃત. (૧)જો અનુસ્વારની પછી સવર્ગીય અક્ષરમાંનો કોઇ પણ અક્ષર આવતો હોય તો તે અક્ષર જે સ્થાનનો હોય, તે સ્થાનના અનુનાસિક અક્ષર જેવો સંસ્કૃત અનુસ્વારનો ઉચ્ચાર કરવો. જેમકે પંચ=પઞ્ચ, દંત=દન્ત, કંપ=કમ્પ, કંઠ=કણ્ઠ, અંગ=અઙ્ગ

૨ સંસ્કૃત અનુસ્વાર પછી અવર્ગીય અક્ષર આવતો હોય તો તેનો ઉચ્ચાર કાંઈક જૂદીજ તરેહનો થાય છે. જેમકે વંશ, અંશ, સંહાર, સંરક્ષણ, સંસ્કૃત ઈ૦ પ્રાકૃત અનુસ્વારનો ઉચ્ચાર ફક્ત નાકમાંથી કરવો. જેમકે કરૂં છું કહું છું, સારૂં.

પ્ર–વિસર્ગ એટલે શું? તેનો ઉચ્ચાર કેવો થાય છે?

ઉ–હર કોઇ સ્વરની આગળ બે મીંડાં હોય તે વિસર્ગ કહેવાય છે. તેનો ઉચ્ચાર "અ" સ્વરની આગળ 'હ' જેવો, 'આ' આગળ 'હા' જેવો 'ઇ' આગળ 'હિ' જેવો, એ પ્રમાણે થાય છે.

પ્ર–સ્વર જ્યારે વ્યંજનમાં મળે છે, ત્યારે તેનો આકાર કેવો થાય છે, ને તે આકારનું નામ શું?

ઉ–અની નીશાની નથી, પણ વ્યંજન દર્શક (્)ચિન્હ

કાઢી નાંખવાથી તેમાં અ ભેજેલો છે એમ સમજાયું છે. આની (ા)=કાનો, ઇની (િ)=હ્રસ્વ ઇ, ઈની (ી) =દીર્ઘ ઈ, ઉની (ુ)=હ્રસ્વ વરડું, ઊની (ૂ)=દીર્ઘ વરડું. એની (ે)=એક માત્રા, ઐની (ૈ)=બે માત્રા, ઓની (ો)=કાનો માત્રા, ઔની (ૌ)=કાનો બે માત્રા, અંની (ં)=અનુસ્વાર, અઃની (ઃ)= વિસર્ગ.

પ્ર– હ્રસ્વ અને દીર્ઘ સ્વરને કવિતામાં શું કહે છે? ને તેની કેટલી માત્રા ગણાય છે?

ઉ– હ્રસ્વને લઘુ કહે છે. ને તેની એક માત્રા ગણાય છે, દીર્ઘ ને ગુરૂ કહે છે, ને તેની બે માત્રા ગણાય છે.

પ્ર–પ્લુત એટલે શુ? ને તેની કેટલી માત્રા ગણાય છે.

ઉ–રોતાં, ગાતાં. બોલતાં કે પોકારતાં સ્વરોનો જે લાંબો ઉચ્ચાર થાય છે, તેને પ્લુત કહે છે, ને તેની ત્રણ તથા તેથી વધારે પણ માત્રા ગણાય છે.

પ્ર–વ્યંજન એટલે શુ.?

ઉ–જેનો ઉચ્ચાર સ્વરની સહાયતા વગર થતો નથી તે.

પ્ર–બાળકોને વ્યંજન બોડા કેમ શીખવતા નથી? વ્યંજનમાં સ્વર ક્યારે ભેળવાય?

ઉ–શીખવવું મુશ્કેલ પડે માટે શીખવતા નથી. વ્યંજન બોડા હોય ત્યારે સ્વર ભેળવાય. જેમ क्+ओ=को क्+इ=कि વગેરે.

પ્ર–૩૪ વ્યંજનમાં સવર્ગીય કયા? ને અવર્ગીય કયા?

ઉ–ક થી મ સુધીના ૨૫ સવર્ગીય, ને બાકીના ૯ અવર્ગીય છે, તેને વર્ગમાં લાવવા ધારીએ તો લવાય.

પ્ર–વ્યંજનના સ્થાન પ્રમાણે ભાગ પાડો.

ઉ–કંઠસ્થાની ક્ ખ્ ગ્ ઘ્ ઙ્ હ્

તાળુસ્થાની ચ્ છ્ જ્ ઝ્ ઞ્ ય્ શ્

મુર્ધ્યન્યસ્થાની ટ્ ઠ્ ડ્ ઢ્ ણ્ ર્ ષ્ ળ્

દંતસ્થાની ત્ થ્ દ્ ધ્ ન્ સ્ લ્ } વ્ દંતોષ્ટ્ય
ઓષ્ટસ્થાની પ્ ફ્ બ્ ભ્ મ્

પ્ર–ઘોષ તથા અઘોષ અક્ષર એટલે શું? અને તે કયા ?

ઉ–(ઘોષ=સાદ) જેના ઉચ્ચારમાં છાતીનો સાદ વધારે થાય છે તે ઘોષ, ને જેના ઉચ્ચારમાં છાતીનો સાદ વધારે થતો નથી તે અઘોષ

ઘોષ અક્ષર–ક્ ચ્ ટ્ ત્ પ્ ખ્ છ્ ઠ્ થ્ ફ્ શ્ ષ્ સ્ (૧૩)

અઘોષ અક્ષર–ગ્ જ્ ડ્ દ્ બ્ ઘ્ ઝ્ ઢ ધ્ ભ્ ઙ
ઞ્ ણ્ ન્ મ્ ય્ વ્ ર્ લ્ હ્ ળ્ (૨૧)

પ્ર–અલ્પપ્રાણી, મહાપ્રાણી, અને અનુનાસિક અક્ષર એટલે શું ? ને તે કયા ?

ઉ–જેનો ઉચ્ચાર કરતાં થોડો શ્વાસ જોઈએ તે અલ્પપ્રાણી, વધારે જોઇએ તે મહાપ્રાણી, અને જેનો ઉચ્ચાર નાકમાંથી થાય તે અનુનાસિક અક્ષર.

અલ્પપ્રાણી–ક્ ચ્ ટ્ ત્ પ્ ગ્ જ્ ડ્ દ્ બ્ ય્ વ્ ર્ લ્ ળ

મહાપ્રાણી–ખ્ છ ઠ્ થ્ ફ ઘ્ ઝ્ ઢ્ ધ ભ્ શ્ ષ સ્ હ્

અનુનાસિક–ઙ્ ઞ્ ણ્ ન્ મ્

પ્ર–બારાક્ષરી એટલે શું ? તે નામ પાડવાનું કારણ શું ? ને તેનું બીજુ નામ શું?

ઉ–વ્યંજનમાં સ્વર મળવાથી બારાક્ષરી થાય છે. તેની દરેક હારમાં બાર અક્ષર હોય છે, તેથી તેને બારાક્ષરી (બાર અક્ષરવાળી) કહે છે. એનું બીજુ નામ પદ પણ છે.

પ્ર–જોડાક્ષર એટલું શું? ને તે લખવાની રીત લખો?

ઉ–(જોડ+અક્ષર)=જોડાક્ષર એટલે જ્યારે બે અથવા વધારે વ્યંજન એકઠા થાય છે, ને તેઓની વચ્ચે કોઇ પણ સ્વર હોતો નથી, તેને જોડાક્ષર કહે છે. તે લખવાની રીત નીચે પ્રમાણે છે.

(૧) પહેલા વ્યંજનમાં જો*કાના વાળો ભાગ હોયતો તે મૂકી દઈ છેવટનો આખો વ્યંજન સ્વર સહિત જોડાય છે. જેમ સ્ત, પ્ન, સ્ય, ભ્ય, વગેરે.

(૨) પહેલો વ્યંજન કાના વગરનો હોયતો બીજા વ્યં-જન સાથે ઘણોજ પાસે લખાય છે. જેમ જજ. ક્ક, ટ્ય, ક્ય, ડ્ય

(૩) કેટલાએક વ્યંજન અક્ષરની મુકરર નિશાનીઓ છે. તે બીજા વ્યંજન સાથે જોડવામાં આવે છે. જેમ ર ને માટે(્ર)ને વખતે (ˆ), શને માટે (શ્ર) વગેરે.

(૪) અક્ષરને ખોડીને જોડવામાં આવે છે જેમ અ-દ્ભૂત, સદ્ગુણી, વગેરે, સંસ્કૃત રીતના અક્ષરો પણ લ-ખાય છે. જેમ, બ્રહ્મ, પશ્ચિમ, કહ્યું વગેરે.

પ્ર–ગૂજરાતીમાં ઋ વગેરે ચાર સ્વરો ગણાતા નથી, તેજ્યા-રે વ્યંજનમાં મળે છે, ત્યારે તે શેમાં ગણાય છે. તેદા-ખલા આપી સમજાવો?

ઉ–જોડાક્ષરમાં ગણાય છે. જેમ પૃથ્વી, આકૃતિ એમાં પૃ, કૃ વગેરે જોડાક્ષર ગણાય.

પ્ર–ક્ષને જ્ઞ એ શેમાં ગણાય છે? ને તે કયા કયા અક્ષર મળીને થયા છે?

ઉ–જોડાક્ષરમાં ગણાય છે. ક્નેષ્ મળીને ક્ષ. ને જને ઞ મ-ળીને જ્ઞ થએલો છે.

પ્ર–બારાક્ષરીનો જોડાક્ષર સાથે મુકાબલો કરો?

ઉ–વ્યંજનમાં સ્વર મળવાથી બારાક્ષરી ને વ્યંજનમાં વ્યંજન મળવાથી જોડાક્ષર થાય છે.

---

* વ્યંજનમાં જે ઉભી લીટી આવે છે, તેને કાનો કહ્યો છે. જેમ ધ, ત, પ વગેરેમાં છે. ટ, ઠ, ડ, વગેરેમાં નથી. પરંતુ બાળબોધ લિપીમાં તો એ ભાગ સ્પષ્ટ જ-ણાય છે. જેમ **टठड** એમાં ઉપલા ભાગમાં ઉભી લીટીજ છે.

ભાગ ૨ જો શબ્દ વિચાર.

પ્ર–શબ્દના અર્થ પ્રમાણે કેટલા ભાગ પડી શકે? અને રૂપ પ્રમાણે કેટલા ભાગ પડી શકે? તેનાં નામ આપો.

ઉ–‡અર્થ પ્રમાણે આઠ ભાગ પડી શકે છે નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, ઉભયાન્વયી અવ્યય, કેવળ પ્રયોગી અવ્યય, શબ્દયોગી અવ્યય ક્રિયા વિશેષણ અવ્યય, ને રૂપ પ્રમાણે ફક્ત બેજ પડી શકે. તેનાં નામ આખ્યેય ને અવ્યય, આખ્યેયમાં નામ, સર્વનામ, વિશેષણને ક્રિયાપદ આવીજાય છે. અને અવ્યયમાં ઉભયાન્વયી, કેવળ પ્રયોગી, શબ્દ યોગી ને ક્રિયાવિશેષણ અવ્યય આવી જાય છે.

પ્ર–શબ્દના હોપ સાહેબે કેટલા ભાગ પાડેલા છે તેનાં નામ આપો ને તે શા ઉપરથી પાડેલા છે?

ઉ–પાંચ. ૧ નામ ૨ સર્વનામ ૩ વિશેષણ ૪ ક્રિયાપદ ૫ અવ્યય. તેમાં પહેલા ચાર અર્થ ઉપરથી ને છેલ્લો રૂપ ઉપરથી પાડેલો છે.

પ્ર–નામ, સર્વનામ, વિશેષણને ક્રિયાપદની વ્યાખ્યા આપો તથા ક્રિયાપદની વ્યાખ્યા સારી રીતે સમજાવો?

ઉ–નામ–જે શબ્દ વડે પ્રાણી પદાર્થ વગેરે ઓળખાય છે તે. † સર્વનામ–જે શબ્દ નામને ઠેકાણે વપરાય છે તે. વિ-

---

‡શબ્દના કોઇ મુખ્ય બે ભેદ ગણે છે. ૧ ધ્વન્યાત્મક ૨ વર્ણાત્મક. ધ્વન્યાત્મક નું વર્ણન સંગિત શાસ્ત્રમાં હોય છે. આ સવાલ વર્ણાત્મક શબ્દના વર્ગને માટે છે એમ સમજવું. એના બીજી રીતેએમ પણ ભાગ પડે કે (૧) વાકયમાં સંબંધ રાખનારા, ને વાકયમાં કોઇ સાથે સંબંધ નહીં રાખનારા.

† સંસ્કૃતમાં એ વર્ગના શબ્દોની શરૂઆતમાં "સર્વ" શબ્દ છે તેથી એવા શબ્દોને સર્વનામ કહેલા છે. કેટલાએક કહે છે કે બધા નામને ઠેકાણે આવે છે માટે સર્વનામ કહ્યું છે, પરંતુ તે ખોટું છે.

શેષણુ—જે શબ્દ બીજા શબ્દનો ગુણુ સંખ્યા વગેરે બતાવે છે તે. ક્રિયાપદ—જે શબ્દ કૃતિ અથવા સ્થિતિ કે અસ્તિત્વ બતાવે છે તે. કરવું, ચાલવું થવું. ભોગવવું વગેરે મતલબના શબ્દો ક્રિયાપદ છે. એટલે જેની અંદર કરવા પણું, થવા પણું, ભોગવવાપણું, વગેરે રહેલું હોય તે જેમકે—મારાથી ખવાયું એમાં ભોગવવા પણાનો અર્થ રહેલો છે. જ્યારે ક્રિયાપદ શક્ય ભેદની અંદર જાય છે, ત્યારે તેમાં ઘણું કરીને ભોગવવા પણાનો અર્થ આવે છે. અવ્યય—જે શબ્દના રૂપમાં વધ ઘટ ન થતાં હમેશાં પોતાને રૂપે રહે તે.

પ્ર—કેટલાક અવ્યયને વિભક્તિના પ્રત્યય લાગેછે, તેનું કારણ શું?

ઉ—ભાષામાં હાલ જે અવ્યય વપરાય છે, તેમાંના કેટલાક આગળ નામ તરીકે વપરાતા, હાલ તેનો તેટલો અર્થ રહ્યો નથી, તોપણ તેને વિભક્તિના પ્રત્યય લાગે છે. જેમકે મેડેથી ખુરશી લાવ, તેને બદલે ઉપરથી ખુરશી લાવ. આ ઠેકાણે ઉપરને પાંચમી વિભક્તિ લાગે છે. કેમકે મેડો એ શબ્દને ઠેકાણે ઉપર વપરાયો છે. તેથી મેડાને જે વિભક્તિ લાગી હતી તે એમાં કાયમ રહી.

પ્ર—જાતિ કેટલી છે. તે કઇ કઈ? ને તે કેમ નક્કી થાય?

ઉ—જાતિ (સં)=(જન=જનમવું+તિ=પણું =જેની અંદર જન્મેલો હોય તે તેની જાતિ કહેવાય છે. જાતિ ત્રણ છે. ૧ નર ૨ નારી ૩ નાન્યેતર જે શબ્દ નરની પેઠે બોલાય એટલે જેને કવો લાગે તે નરજાતિ. જે શબ્દ નારીની પેઠે બોલાય એટલે જેને કવી લાગે તે નારીજાતિ. જે શબ્દ નર કે નારીની પેઠે બોલાતો નથી તે નાન્યતર જાતિ કહેવાય છે. એટલે જેને કવું લાગે છે તે.

પ્ર—દરેક જાતિના સાધારણ પ્રત્યય કયા કયા છે? એ પ્રત્યયથી કોઇ બીજી જાતિ થતી હોય તેના દાખલા આપો?

ઉ—નરજાતિનો સાધારણ પ્રત્યય ઓ, નારીજાતિનો ઇ, ને નાન્યતરજાતિનો ઉં છે એ પ્રત્યયથી બીજી જાતિ પણ થાયછે.

ઓકારાંત નારીજાતિ—છો, ગળો, બો, ઘ્રો વગેરે

ઓકારાંત—નાન્યતર જાતિ—મોં, પો (પગડું) વગેરે

ઉકારાંત—નરજાતિ—ઘઉં, લાડુ. સાધુ, મેરૂ, સાબુ, વગેરે.

ઉકારાંત—નારીજાતિ— જુ, સાસુ. વહુ, પાટુ. વગેરે.

ઇકારરાંત—નરજાતિ—હાથી; મોચી, દરજી, ઘાંચી વગેરે.

ઈકારાંત—નાન્યતરજાતિ—દહીં. પાણી, મોતી. સાંતી, વગેરે.

પ્ર—અકારાંતને આકારાંત નર, નારી ને નાન્યતરજાતિના તથા એ*કારાંત નર ને નારીજાતિના દાખલા આપો?

અકારાંત—નરજાતિ—નર, રંગ, પાઠ, નાચ, ગજ, વગેરે

અકારાંત—નારીજાતિ—વાત, બુટ, લાત, વેંત સ્લેટ વગેરે

અકારાંત—નાન્યતરજાતિ—હાટ, ઝાડ, નાળીએર, અસ્તર, શરીર. વગેરે.

આકારાંત—નરજાતિ—રાજા, પિતા, બ્રહ્મા, આત્મા. ચંદ્રમા વગેરે

આકારાંત-નારીજાતિ—બાધા, પ્રજા, પુજા, દુનિઆ, વિદ્યાવગેરે

આકારાંત—નાન્યતરજાતિ—ધોળકા, ઘોલેરાં, સારસા, ઢાકા ચુડા, વગેરે.

એકારાંત—નરજાતિ ખે (ક્ષય) 'મે' (મેઘ), પ્રલે [પ્રલય) વે [વેહ] વગરે

એકારાંત—નારીજાતિ હરડે, વલે, રેલવે, ને' (હોકાની). જે [જય]. ભે (ભય), વગેરે

પ્ર—જે નામ બે કે ત્રણ જાતિમાં એ ને એ રૂપે બોલી શકાય. તેવાં નામના પાંચ પાંચ દાખલા આપો ?

ઉ—નર ને નારીજાતિમાં બોલાય તેવા—તપાસ, શોધ, કલાસ, વર્ગ, વગેરે

---

*એકારાંત નાન્યતરજાતિનો શુદ્ધ ગૂજરાતી કોઇ શબ્દ જાણવામાં આવ્યો નથી.

ત્રણે જાતિમાં બોલાય તેવા—ટેબલ, ગુજરાત, ઢોલ, આયુષ્ય, ખજુર વગેરે.—

પ્ર—બે કે ત્રણ જાતિમાં ફરી શકે એવાં નામ લખો ?

ઉ—ત્રણ જાતિમાં ફરે એવાં—છોકરો, ઘોડો, પાડો, બકરો, દેડકો, વગેરે.

બે જાતિમાં ફરી શકે એવાં—કુવાડો, ચોપડો, ચોટલો, વાડકો, દીવો, ધાબરો, ખાટલો, કોથળો, ચોરણો વગેરે.

પ્ર—જે નામ ત્રણ જાતિ કે બે જાતિમાં ન ફરે પણ એકજ રૂપે રહે એવા દાખલા આપો ?

ઉ—દરવાજો, ઘડું, ગાઉ, ગામ, ચાંડલો, દોકડો પૈસો.

પ્ર—પ્રાકૃતિક ને સાંકેતિક જાતિ એટલે શું ?

ઉ—પ્રાણીની પ્રકૃતિ ઉપર વિચાર કરીને જાતિ ઠેરવવી તેનું નામ પ્રાકૃતિક જાતિ જેમ છોકરો તે નર, છોકરી તે નારી. ઘોડો તે નર, ઘોડી તે નારી—કેટલીક વખત પ્રાણીની પ્રકૃતિપર વિચાર કર્યા વિના જાતિ કહેવામાં આવે છે તેને પ્રાકૃતિક નાન્યતરજાતિ કહે છે જેમ ઘોડું. બૈરું, છોકરું.

જડ પદાર્થમાં નર માદાનો ભેદ નથી તોપણ તેને નર, નારી, કે નાન્યતરજાતિમાં ગણે છે એવા નામને સાંકેતિક નર, નારી, કે નાન્યતરજાતિ કહે છે. જેમકે પત્થર તે નર, સ્લેટ તે નારી, ને કબાટ તે નાન્યતરજાતિ.

પ્ર—જાતિ વિષે સામાન્ય વિચાર આપો ?

ઉ—પ્રાણીઓમાં નર નારીનો ભેદ છે પણ જડ પદાર્થ ઈત્યાદિમાં તેવો ભેદ નથી તે છતાં ગુજરાતી ભાષામાં તેવો ભેદ રાખેલો છે આવો ભેદ હિંદુસ્થાની, મરાઠી, વગેરે કેટલીએક ભાષા તથા આર્ય વર્ગની જૂની ભાષાઓ જેવીકે ગ્રિક, રોમન, લાટીન, સંસ્કૃત વગેરે ભાષામાં પણ છે. પણ અંગ્રેજી ભાષામાં નર પ્રાણીનાં નામ નરજાતિ,

નારી પ્રાણીનાં નામ નારીજાતિનાં, ને બાકીનાં બધાં નાન્યતર જાતિનાં ગણાય છે. તેમ હિંદને કચ્છી ભાષામાં એજ જાતિ છે.

પ્ર—નામની જાતિ કેરો, કેવી, કેવું લગાડયા વગર બીજી કોઇ રીતે જણાય?

ઉ—વિકારી વિશેષણ કે ક્રિયાપદ લગાડયાથી જાતિ ઓળખાય છે જેમકે સારી છોકરી એમાં છોકરી નારીજાતિ કેમકે સારી બોલાય છે. જળો પડી એમાં જળો નારી જાતિ કેમકે પડી બોલાય છે.

પ્ર-વિભક્તિ એટલે શું?

ઉ—એક શબ્દનો બાજા શબ્દ સાથે ક્રિયા વગેરેનો સંબંધ દેખાડનાર પ્રત્યય સાથેનાં શબ્દનાં રૂપ.

પ્ર—વિભક્તિના પ્રત્યય મૂળે શું હશે?

ઉ—મૂળે છુટા છુટા શબ્દો હતા પણ તેઓ ઘસાઇને પ્રત્યય રૂપે થઇ ગયા છે. જે ભાષામાં સંબંધ બતાવવાને પ્રથક્ શબ્દો થોડા, તેમાં વિભક્તિના પ્રત્યય ઘણા હોય છે.

પ્ર—કઇ કઇ વિભક્તિ ક્રિયાપદ સાથે સંબંધ રાખે છે ને તેને શું કહે છે?

ઉ-છઠ્ઠી સિવાય બીજી બધી વિભક્તિઓ ક્રિયાપદ સાથે સંબંધ રાખે છે, અને તેને કારક કહે છે. છઠ્ઠી વિભક્તિ નામ સાથે સંબંધ રાખે છે.

પ્ર—વિભક્તિની વ્યાખ્યામાં "પ્રત્યય સાથેના શબ્દનાં રૂપ" એમ શા માટે લખ્યું છે?

ઉ—વિભક્તિના પ્રત્યય એ શબ્દનો ભાગ છે જેમ છોકરાંનો એમાં 'નો' એ કાંઈ છઠ્ઠીનું રૂપ નથી, પણ તે તો છઠ્ઠીનો પ્રત્યય છે. માટે એ પ્રત્યય શબ્દને લાગ્યા પછી જે રૂપ થાય છે, તે રૂપ છઠ્ઠી વિભક્તિનું ગણાય છે એ મુજબ શબ્દ ઉપર અન્ય વિભક્તિનો પ્રત્યય ઉમેર્યા પછી જે આ-

ખો થાય તે તેની વિભક્તિ કહેવાય.

પ્ર–ભાષામાં સંબંધ શા વડે બતાવાય છે?

ઉ–(૧) શબ્દયોગી અવ્યય વડે. જેમકે હું તેની સાથે આવીશ.
(૨) વિભક્તિના પ્રત્યય વડે, જેમ તેણે ચોરને પકડ્યો એમાં ચોર શબ્દને "ને" પ્રત્ય લાગીને સંબંધ બતાવ્યો છે, પણ કોઈ વાર પ્રત્યય વગર પણ સંબંધ બતાવાય છે જેમ રાજા બેઠા, તે આવ્યો.

પ્ર–પ્રત્યય ને ઉપસર્ગ એટલે શું?

ઉ–પ્રત્યય=એક કે વધારે અક્ષર શબ્દને છેડે આવીને તેના અર્થમાં કે સંબંધમાં ફેર પાડે છે તે. જેમકે મનમાં એમાં "માં" એ પ્રત્યય છે. ઉપસર્ગ=જે શબ્દ સિદ્ધ શબ્દની પહેલાં આવે તે. જેમકે સુબુદ્ધિ એમાં સુ ઉપસર્ગ છે, એનું બીજું નામ * આધેય છે.

પ્ર–વિભક્તિઓ કેટલી છે. તેનાં નામ અને પ્રત્યય આપો?

ઉ–સાત, પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, પહેલીનો પ્રત્યય નથી, પણ બહુ વચનમાં ઓ પ્રત્યય ઘણી વાર વધે છે. બીજીનો ને, ત્રીજીનો એ, ચોથીનો ને, પાંચમીનો થી, છઠ્ઠીનો નો, ની, નું, ના, નાં, સાતમીનો માં.

પ્ર–બીજીનો ને ચોથીનો "ને" શી રીતે ઓળખાય?

ઉ–ને પછી કાજે, માટે, વાસ્તે, વગેરે અવ્યય લાગી શકતા હોય તો તે ચોથી વિભક્તિનો પ્રત્યય જાણવો, જેમકે મગનને સારૂ ચોપડી લાવ. અને ને પછી કાજે, માટે, વાસ્તે, સારૂ વગેરે અવ્યય ન લાગી શકતા હોય તો બીજીનો જાણવો જેમ મગનને માર્યો એમાં મગન

* શબ્દની ડાબી બાજુએ આવે તે ઉપસર્ગ ને જમણી બાજુએ આવે તે પ્રત્યય.

ને માટે માર્યો એમ બોલાય નહીં માટે આ દાખલા માં મગનને એ બીજી વિભક્તિ છે.

પ્ર-કાજે, માટે, વાસ્તે, સારૂ, એ શબ્દોનું વ્યાકરણ શું થાય ?

ઉ-શબ્દયોગી અવ્યય.

પ્ર-પાંચમી વિભક્તિને સમાન કયા કયા શબ્દ વપરાય છે, ને તેનું પદચ્છેદ શું થાય ?

ઉ-કરતાં, વડે અને વતે. એનું પદચ્છેદ શબ્દયોગી અવ્યય કરવું. જેમ મારાથી તે મોટો છે તેને બદલે મારા કરતાં તે મોટો છે. છરીથી કપાયું, તેને બદલે છરી વડે કપાયું. મારાથી તે બનશે, તેને બદલે મારા વડે તે બનશે.

પ્ર-મુકાબલો કરવો હોય તો શા વડે થાય છે ? તેનું પદચ્છેદ શું થાય ?

ઉ-"કરતાં" ને "થી" એ શબ્દોથી મુકાબલો કરાય છે. તેમાં "કરતાં"નું પદચ્છેદ શબ્દયોગી અવ્યય કરવું. જેમ મારા કરતાં તું નાનો છે. ને "થી"ને પાંચમીનો પ્રત્યય ગણવો જેમ ચોપડીથી સ્લેટ મોટી છે.

પ્ર-છઠ્ઠી વિભક્તિના પ્રત્યય કેમ વધારે છે અને બીજી વિભક્તિઓના કેમ વધારે નથી?

ઉ-‡ છઠ્ઠી વિભક્તિ આગલા નામની જોડે સંબંધ રાખે છે,

---

‡ નરજાતિના એક વચન વાળા શબ્દની સાથે સંબંધ રાખતાં નો.

નરજાતિના બહુ વચન વાળા શબ્દની સાથે સંબંધ રાખતાં ના.

નાન્યતર જાતિના એક વચન વાળા શબ્દની સાથે સંબંધ રાખતાં નું.

તેથી તેનું રૂપ વિશેષણના જેવું થાય છે. માટે આગલાં નામની જાતિ અને વચન પ્રમાણે તેના પ્રત્યય ફરે છે એ કારણથી નરજાતિનો નો તથા ના, નારીજાતિનો ની (બહુ વચનમાં પણ "ની" જ રહે છે) નાન્યતરજાતિનો 'નું' તથા 'નાં' એ રીતે કુલ પાંચ પ્રત્યય થાય છે. અને બીજી બધી વિભક્તિઓ ક્રિયાપદ સાથે સબંધ રાખે છે, માટે તેઓના પ્રત્યય ઘણા નથી.

પ્ર—કવિતામાં છઠ્ઠી વિભક્તિના બીજા કયા કયા પ્રત્યયો વપરાય છે?

ઉ—તણો, તણી, તણું, તણા, તણાં કેરો, કેરી, કેરૂં, કેરા, કેરાં.

પ્ર—સાતમીનો પ્રત્યય "માં" સિવાય બીજો કોઇ છે? તે ક્યાં વપરાય છે? તેનું પદચ્છેદ શું થાય? ને જે નામને તે પ્રત્યય લાગ્યો હોય તે નામની વિભક્તિ કઇ કહેવાય?

ઉ—મોઝાર તે કવિતામાં વપરાય છે. તેનું પદચ્છેદ શબ્દયોગી અવ્યય થાય છે. અને જે નામને પ્રત્યય લાગ્યો હોય તે નામને છઠ્ઠી વિભક્તિ કહેવી.

પ્ર—સાતમી વિભક્તિને સમાન કયા શબ્દ છે તેનું પદચ્છેદ શું થાય?

ઉ—માંહે. મધ્યે. વિષે, પર, ઉપર, અંદર, ઈત્યાદિ ને તે શબ્દનું પદચ્છેદ શબ્દયોગી અવ્યય કરવું.

નાન્યતરજાતિના બહુ વચન વાળા શબ્દની સાથે સંબંધ રાખતાં નાં.

નારીજાતિના બંને વચન વાળા શબ્દની સાથે સંબંધ રાખતાં ની.

જેમ લલુનો ઘોડો, લલુના ઘોડા.

લલુનું અંગરખું, લલુનાં અંગરખાં.

લલુની પાઘડી, લલુની પાઘડીઓ.

પ્ર—એક કરતાં વધારે વિભક્તિ એક શબ્દને લાગી હોય એવા ત્રણ દાખલા આપો ને એવે પ્રસંગે કઇ વિભક્તિનો અર્થ કહેવો?

ઉ—તેનાથી એમાં છઠ્ઠી સાથે પાંચમી, તેનામાં એમાં છઠ્ઠી સાથે સાતમી, દરિઆમાંથી એમાં સાતમી સાથે પાંચમી આવે પ્રસંગે છેલ્લી વિભક્તિ લાગી હોય તેનોજ અર્થ કહેવો.

પ્ર—એ પ્રત્યય ત્રીજી વિભકિતના પ્રત્યય સિવાય બીજે કોઇ ઠેકાણે વપરાય છે? ને બીજે ઠેકાણે વપરાતો હોય તો તેનું પદચ્છેદ શું થાય?

ઉ—કેટલીક વખતે એ પ્રત્યય પણના અર્થમાં વપરાય છે. જેમ હુંએ આવીશ એટલે હું પણ આવીશ, આ વાક્યમાં એનું પદચ્છેદ ક્રિ. વિ. અ. થાય છે.

પ્ર—વચન એટલે શું?‡

ઉ—વચન (વચ્=બોલવું+અન=ક્રિ. બતાવનાર પ્રત્યય)=જે શબ્દ જેમાં બોલાય તે, એટલે એક પણામાં બોલાય તો એકવચન અને એકથી વધારેપણામાં બોલાય તો બહુવચન.

પ્ર—નામનું બહુવચન શાથી માલમ પડે?

ઉ—નીચેની પાંચ રીતે નામ બહુવચનમાં છે એમ માલુમ પડે

(૧) એક, બે, ત્રણ ઇત્યાદિ સંખ્યા વિશેષણથી જેમ ત્રણ ઘર.

---

‡ ગુજરાતી ભાષામાં વચન બે છે પણ સંસ્કૃત આદિ પ્રાચીન ભાષામાં ત્રણ વચન છે. સંસ્કૃત વગેરેમાં અનેકવચન દેખાડવાનો પ્રત્યય છે. ચીની અને બ્રહ્મ દેશી ભાષામાં પ્રથક્ શબ્દથી બહુવચન દેખાડવામાં આવેછે પણ બહુવચનના પ્રત્યય નથી. ગુજરાતી ભાષામાં બહુવચન બીજા શબ્દથી પણ બતાવાય છે.

(૨) અનેક પણું બતાવનાર સવ, સંધુ, સઘળું, બહુ, ઘણાં. ઇત્યાદિ શબ્દોથી જેમ ત્યાં ઘણાં માણસ હતાં.

(૩) પહેલા પ્રકારના વિશેષણથી જેમ સારાં માણસ સારાં કામ કરે છે.

(૪) જાતિ દર્શક ક્રિયાપદનાં રૂપ ઉપરથી —જેમ તે માણસ ગયાં.

(૫) વાક્યના અર્થ ઉપરથી—જેમ જે માણસ કાલે આવ્યાં હતાં, તે આજે જશે.

પ્ર—અનેકતાનો અર્થ છતાં એકવચનમાં વપરાય એવાં નામ આપો, ને તેવાં નામનું બહુવચન ક્યારે થાય?

ઉ—સભા, મંડળી, કુંટુબ, સમુદાય વગેરે ઝાઝાપણાનો અર્થ છતાં એકવચનમાં છે. એવાં નામને જ્યારે અનેકપણું બતાવનાર શબ્દ લાગે ત્યારે તે બહુવચનમાં આવે. જેમકે બે સભા.

પ્ર—પદચ્છેદ એટલે શું?

ઉ—પદચ્છેદ (પદ=શબ્દ+છિદ્=છેદવું+અ=ક્રિ. બતાવનાર પ્રત્યય) શબ્દને છેદવા એટલે વાક્યમાં આવેલા શબ્દો કયા વર્ગના છે, તેમને કઇ કઇ જાતના પ્રત્યયો લાગે છે. તેમનો વાક્યમાં એક બીજા સાથે શો સંબંધ છે, તે પ્રથક્ પ્રથક્ કરી બતાવવવું તેને પદચ્છેદ અથવા વ્યાકરણ કરવું કહે છે.

પ્ર—પદચ્છેદ કેટલી જાતનાં છે, તેનાં નામ તથા વ્યાખ્યા આપો?

ઉ—બે જાતનાં, ૧ સાદું ૨ સંપૂર્ણ. સાદું પદચ્છેદ એટલે શબ્દના વર્ગ, જાતિ, વિભક્તિ, તથા ક્રિયાપદને ભેદ, કાળ, પુરૂષ, વગેરે લગાડીને વ્યાકરણ કરવું તે. સંપૂર્ણ પદચ્છેદમાં નામ, સર્વનામ, આદિના વિવિધ પ્રકાર, વિભક્તિના અર્થ શબ્દોનો એક બીજા સાથે વાક્યમાં સંબંધ

વગેરે શબ્દને લગતી વ્યાકરણમાં જે જે બાબતો આવી હોય તે તમામ કહેવી તે.

પ્ર–પદચ્છેદ કરવામાં કઇ કઇ બાબત પર ધ્યાન આપવું?

ઉ–+ પદચ્છેદ કરવામાં ઘણું કરીને શબ્દના અર્થ પર ધ્યાન આપવું જોઇએ. નહીંતો સોની એ છઠ્ઠી, હાથી એ પાંચમી વિભક્તિ કહેવાય. તેમજ વાક્યમાં અધ્યાહાર રહેલા શબ્દ પણ માલમ ન પડે, અને તેથી પદચ્છેદ ખોટું થાય. જેમ મગનલાલ સારૂ ચોપડી લાવ એમાં ચોથી વિભક્તિનો અધ્યાહાર છે. તે ભૂલી જવાય ને પહેલી કહેવાય. એ રીતે ભૂલો થાય માટે ઘણી વખત અર્થ ઉપરજ આધાર રાખીને વ્યાકરણ થાય છે.

પ્ર–કવિતાનું પદચ્છેદ કેમ કરવું

ઉ–પ્રથમ તો ચરણનો બરોબર અન્વય કરવો, કેમકે પદ્ય રચનાનો નિયમ ગદ્યમાં લાગુ પડતો નથી, પછી તેમાં વિભક્તિ વગેરે જે અધ્યાહાર હોય તે ઉમેરવા, ત્યાર પછી કવિતામાં ચરણની અંદર જે શબ્દો હોય તે એક એક લઇ પદચ્છેદ કરવું. (જો પ્રથમથી અન્વય કરી રાખેલો હશે, તોજ દરેક શબ્દને કઇ કઇ વિભક્તિ છે. અને તે શબ્દ શા કામે આવેલો છે વગેરે બરાબર માલમ પડશે.)

કવિતાના ચરણના શબ્દમાં કાંઈ અધ્યાહાર હોય તો પ્રથમ ચરણનો શબ્દ લખવો તેની પાસે કૌંસમાં શબ્દનો અધ્યાહાર રહેલો ભાગ ઉમેરીને આખું લખવું, જેમકે "વસ-

---

+ કોઇ વખત રૂપ ઉપર ધ્યાન આપવાની જરૂર પડે છે. જેમ તમે જાઓ હું ઘડી પછી આવું છું એમાં ભવિષ્ય કાળનો અર્થ છે, ને પ્રત્યય વર્તમાન કાળનો છે. તો આવુંછું એ વર્તમાન કાળ કહેવો પડશે. પણ અર્થને આધારે ભવિષ્કાળ નહીં કહેવાય.

તાં વન મોઝાર" એમાં વનના પદચ્છેદમાં આમ લખાય. વન (વનની)=બીજા પ્રકારનું નામ નાન્યતર જાતિ સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન. (છઠ્ઠીનો અધ્યાહાર) મોઝાર સાથે સંબંધ રાખે છે.

પ્ર—નામના પ્રકાર કેટલા છે, તે કયા કયા તે વ્યાખ્યા સાથે સમજાવો.

ઉ—નામના પ્રકાર બેછે. પહેલો પ્રકાર ને બીજો પ્રકાર. વિભક્તિ અને બહુવચનના પ્રત્યય લગાડવાથી જેમાં ફેરફાર થાય તે પહેલા પ્રકારનું નામ છે જેમ છોકરો એનું છોકરા, છોકરાને, અને વિભક્તિ તથા બહુવચનના પ્રત્યય લગાડવાથી જેમાં ફેરફાર થતો નથી, તે બીજા પ્રકારનું નામ છે. જેમ સ્ત્રી, એનું સ્ત્રીઓ, સ્ત્રીને.

ઓકારાંત નર ને ઉંકારાંત નાન્યતરજાતિનાં નામ પહેલા પ્રકારનાં છે. એ સિવાય બીજાં બધાં નામ બીજા પ્રકારનાં છે.

પ્ર—નામનું બહુ વચન કરવાની રીત બોલો ?

ઉ—૧ પહેલા પ્રકારનાં જે નામ ઓકારાંત નરજાતિનાં છે તેનું બહુ વચન કરવું હોય તેને છેડે ઓનો આ કરવો અગર આ કરી *ઓ લગાડવો જેમકે છોકરો એનું બહુ વચન છોકરા અથવા છોકરાઓ.

૨ પહેલા પ્રકારનાં જે નામ ઊંકારાંત નાન્યતરજાતિનાં

---

* કેટલાક તો ઓનો આ કરીને બહુ વચન કરવાનું ધારે છે, પણ ભાષામાં બંને રીતી ચાલે છે, ઓ પ્રત્યય ઉમેરવાથી કેટલીક વખત સ્પષ્ટતા જણાતી નથી. જેમ તેણે છોકરાને કહ્યું આમાં છોકરાને એ શબ્દ બંને વચનમાં ગણી શકાય; પણ ઓ ઉમેરીએ તો બહુ વચનજ સમજાય, જેમકે તેણે છોકરાઓને કહ્યું.

છે, તેનું બહુ વચન કરવું હોય તો ઉંનો આં કરવો. જેમકે ઇંડું એનું બહુ વચન ઇંડાં.

૩ બીજા પ્રકારનાં જે નામ નર અથવા નાન્યતરજાતિનાં છે, તેનું બહુ વચન બે રીતે થાયછે, જેમ માણુસ એનું બહુ વચન માણુસ અથવા માણુસો (પણ બીજીરીત સારીનથી.)

૪ બીજા પ્રકારનાં જે નામ નારીજાતિનાંછે તેનું બહુ વચન કરવું હોય તો ઓ લગાડવો જેમ છોકરી એનું બહુ વચન છોકરીઓ.

પ્ર—ગાડું, ઘોડો, વા ને બૈરી એનાં રૂપાખ્યાન લખો ?

પેહેલા પ્રકારનાં નામના રૂપ.

"ઓ" છેડાનો દાખલો.

એક વચન.	બહુ વચન.
૧ ઘોડો	ઘોડા, ઘોડાઓ
૨ ઘોડાને	ઘોડાને, ઘોડાઓને.
૩ ઘોડે	ઘોડાએ, ઘોડાઓએ.
૪ ઘોડાને માટે સારૂ.	ઘોડાને માટેસારૂ, ઘોડાઓને માટે સારૂ.
૫ ઘોડાથી. થકી.	ઘોડાથી, થકી, ઘોડાઓથી, થકી.
૬ ઘોડાનો, ની, નું, ના, નાં	ઘોડાનો, ની, નું, ના, નાં, ઘોડાઓનો, ની, નું ના, નાં.
૭ ઘોડામાં	ઘોડામાં, ઘોડાઓમાં,

"ઉં" છેડાનો દાખલો.

એક વચન.	બહુ વચન.
૧ ગાડું	ગાડાં
૨ ગાડાને.	ગાડાંને
૩ ગાડાએ, ગાડે.	ગાડાંએ
૪ ગાડાને માટે, સારૂ.	ગાડાંને માટે સારૂં.

૫ ગાડાથી, થકી.	ગાડાંથી, થકી
૬ ગાડાનો, ની, નું, ના, નાં	ગાડાંનો, ની, નું, ના, નાં.
૭ ગાડામાં.	ગાડાંમાં.

બીજા પ્રકારનાં નામનાં રૂપ.

એક વચન.	બહુ વચન.
૧ વા	વા
૨ વાને	વાને
૩ વાએ	વાએ
૪ વાને માટે, સારૂ.	વાને માટે, સારૂ.
૫ વાથી, થકી.	વાથી, થકી.
૬ વાનો, ની, નું, ના, નાં	વાનો, ની, નું, ના, નાં.
૭ વામાં.	વામાં.

"ઇ" છેડાનો દાખલો.

એક વચન.	બહુ વચન.
૧ બૈરી	બૈરીઓ
૨ બૈરીને	બૈરીઓને
૩ બૈરીએ	બૈરીઓએ
૪ બૈરીને માટે, સારૂ	બૈરીઓને માટે, સારૂ.
૫ બૈરીથી, થકી	બૈરીઓથી, થકી.
૬ બૈરીનો, ની, નું ના, નાં,	બૈરીઓનો, ની, નું, ના, નાં.
૭ બૈરીમાં.	બૈરીઓમાં.

પ્ર—નામને વિભક્તિના પ્રત્યય શી રીતે લગાડવા?

ઉ—પહેલા પ્રકારનાં નામને એક વચનમાં વિભક્તિનો પ્રત્યય લગાડતાં તેને છેડે જાતિદર્શક "ઓ" કે "ઉ" પ્રત્યય હોય છે, તે જતા રહી * "આ" થાય છે. ને તે ઉપર

* ત્રીજી વિભક્તિમાં આ થઇને પછી એ લાગે છે અથવા પાધરોજ એ લાગે છે.

વિભક્તિના પ્રત્યય ઉમેરાય છે. જેમ છોકરા, છોકરાને, છોકરાએ, છોકરે, તેમ ઇંડું, ઈંડાએ, ઇંડે, ઈંડાને. બહુ વચનમાં વિભક્તિના પ્રત્યય લગાડતાં તેને છેડે નરજાતિમાં આ કે આઓ. ને નાન્યતર જાતિમાં આં થાય છે. જેમ છોકરાને કે છોકરાઓને, અને નાન્યતરજાતિમાં ઇંડાંને.

પ્ર—એક વચનને બહુ વચનમાં રહે એવાં નામ આપો?

ઉ—એક વચનમાં રહે એવાં—ઘી, ખાંડ, ગોળ, સાકર, પાણી, માટી, દેવતા, ભોંય, કપાસ, જીરું, હીંગ, મેથી, ઇત્યાદિ. બહુ વચનમાં રહે એવાં—ઘઉં, મગ, અડદ, તલ, કાજુ, સુવા, ઇત્યાદિ.

પ્ર—વિશેષણ જ્યારે નામના અર્થમાં વપરાય, ત્યારે તેનું પદચ્છેદ શું થાય?

ઉ-વિશેષણ જો વિશેષ્યની સાથે આવે તો વિશેષણ, અને એકલું આવે તોપણ વિશેષણ કરવું. પણ છેવટ કૌંસમાં જણાવવું કે વિશેષણ નામના અર્થમાં છે. જેમ વિદ્વાન, ધનવાન, લુચ્ચા. ચોર, ઇત્યાદિ.

પ્ર—પહેલા પ્રકારનું વિશેષણ નામ તરીકે વપરાય તો તે પહેલા પ્રકારનું નામ ગણાય કે નહીં, ને શા કારણથી?

ઉ—પહેલા પ્રકારનું નર અને નાન્યતરજાતિનું વિશેષણ નામ તરીકે વપરાય તો તે પહેલા પ્રકારનું નામ ગણાય, પણ નારીજાતિનું પહેલા પ્રકારનું વિશેષણ નામ તરીકે વપરાય તો તે પહેલા પ્રકારનું નામ ગણાય નહીં કેમકે વિશેષણના પ્રકાર જાતિદર્શક પ્રત્યયોથી તેને છેડે ફેરફાર થાય છે કે નહીં. તે પરથી પાડેલા છે, અને નામના પ્રકાર તેને વિભક્તિ ને બહુ વચનના પ્રત્યય લગાડવાથી ફેરફાર થાય છે કે નહીં, તે પરથી પાડેલા છે.

પ્ર—કયા નામનું પદચ્છેદ ભેગું થાય?

ઉ–સામાસિક શબ્દોવાળાં નામનું પદચ્છેદ ભેગું થાય જેમકે માબાપ, ગુરૂચેલો, રાજમાર્ગ, ભક્તિમાર્ગ, ઇત્યાદિ

પ્ર–દિશા, ધર્મ, ખુણો અને મહાસાગર એને ઓળખાવનાર શબ્દનું પદચ્છેદ શું કરવું?

ઉ–વિશેષણ કરવું, પણ હિંદીમહાસાગર એ સામાસિક શબ્દ છે, માટે તેનું પદચ્છેદ ભેગું નામ કરવું.

પ્ર–લોકને ઓળખાવનાર શબ્દનું પદચ્છેદ શું કરવું?

ઉ–જ્યારે ધર્મ પ્રમાણે જાતિ કહેવામાં આવે તે ઠેકાણે તેનું પદચ્છેદ વિશેષણ કહેવું, જેમ વૈષ્ણવ, ખ્રિસ્તી, જૈન, પણ જ્યારે કર્મ પ્રમાણે જાતિ કહેવામાં આવે ત્યારે નામ કહેવું. જેમ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શુદ્ર, કણબી, પાટીદાર, દરજી, સુતાર, લુવાર, મોચી. વગેરે.

પ્ર–વિશેષણ ઉપરથી થએલાં નામ અને વિશેષ્ય વચ્ચે શો સંબંધ છે?

ઉ–વિશેષણ પરથી થએલાં નામ વિશેષ્યની પછી આવે છે, અને તે વિશેષ્યને છઠ્ઠી અને સાતમી વિભક્તિ લાગે છે જેમ પાઘડીની લાલાશ, છોકરામાં ડહાપણ.

પ્ર–પથરો અને પત્થરો એ કયા પ્રકારનાં નામ છે? અને શા કારણથી?

ઉ–પથરો એ પહેલા પ્રકારનું નામ છે. કારણ કે તેનું બહુવચન પથરા થાય છે, ને પત્થરો તે બીજા પ્રકારનું નામ છે, કારણ કે પત્થરનું બહુવચન પત્થરો થાય છે; માટે તેમાં ફેરફાર થતો નથી.

સર્વનામ.

પ્ર–સર્વનામનો ઉપયોગ શો?

ઉ–એકજ વાક્યમાં તેનો તે શબ્દ વારે વારે વાપરીએ તો ભાષા અશોભિત થાય છે. અને બહુ લાંબા વાક્ય થવાથી

તેના અર્થમાં પણ ગુંચવણ પડે છે. આ હરકતો સર્વનામથી દુર થાય છે. જેમ "આજ કાળીદાસ કાળીદાસના ઘરમાંથી નીકળતાં કાળીદાસના ઘર પાસે એક ખાડામાં કાળીદાસ પડી ગયો" એને બદલે સર્વનામનો ઉપયોગ કરીએ તો આ પ્રમાણે બોલી શકાય. "આજ કાળીદાસ પોતાના ઘરમાંથો નીકળતાં તેના ઘર પાસે એક ખાડામાં તે પડી ગયો" આ વાકયમાં પોતાનાં, તેના, તે એ સર્વનામ છે. વળી સર્વનામ ન વાપરવાથી કેટલીક વખત અર્થ પણ સમજાતો નથી. જેમ "મગનલાલે કહ્યું કે હું વાંચીશ" તેને બદલે સર્વનામ ન વાપરેતો આમ બોલાય કે "મગનલાલે કહ્યું કે મગનલાલ વાંચશે." આ વાક્યમાં તે પંડે વાંચશે કે બીજો મગનલાલ હશે તે સમજાતું નથી.

પ્ર—વિશેષ્ય સર્વનામ અને વિશેષણ સર્વનામ એટલે શું?

ઉ—જે સર્વનામ ફક્ત નામને ઠેકાણે વપરાય તે વિશેષ્ય સર્વનામ હું, તું, પોતે, એ વિશેષ્ય સર્વનામ છે. ને સર્વનામ છતાં વિશેષણના જેવાં છે તે વિશેષણ સર્વનામ તે ફક્ત કોણ છે.+

પ્ર—સર્વનામ કેટલાં છે. તેનાં નામ દો?

ઉ—સર્વનામ સાત છે હું, તું, તે. આપણ, આપ, પોતે, કોણ.

પ્ર—હુંનાં રૂપાખ્યાપન લખો.

ઉ— પહેલો પુરૂષ "હું"

નર, નારી, તથા નાન્યતરજાતિ.

એકવચન બહુવચન

+ આ, એ, ઓલ્યો, પેલો, કયો. જે ને એ બધા વિશેષણ સર્વનામ છે પણ તે હાલ વિશેષણજ ગણાય છે, માટે લખ્યા નથી.

૧ હું	અમે
૨ મને, મારે	અમને, અમારે.
૩ મેં, મારે.	અમે, અમારે.
૪ મારે માટે, સારૂ.	અમારે માટે, સારૂ,
૫ મારાથી, થકી, મજથી, હુંથી.	અમારાથી થકી. અમથી
૬ મારો, રી, રૂં, રા, રાં.	અમારો, રી, રૂં રા, રાં.
૭ મારાંમાં.	અમારામાં, અમમાં.

પ્ર–અમે, મારે ને અમારે કઇ કઈ વિભક્તિ ને વચનમાં વપરાય છે? તેના દાખલા આપો તથા તે ઓળખવાની રીત લખો.

ઉ–અમે પહેલી ને ત્રીજીના બહુવચનમાં આવે છે, તે ઓળખવાની રીત એ છે કે, તેને ઠેકાણે નામ મૂકી જોવું. અને તે નામને જે વિભક્તિ લાગે તે "અમેની" વિભક્તિ સમજવી. અથવા અમેનું એક વચન કરતાં હું વપરાય તો પહેલી જાણવી, ને મેં વપરાયતો ત્રીજી જાણવી. જેમ અમે કામ કર્યું. એ ત્રીજી કેમકે અમેને ઠેકાણે મગન એ નામ મૂકી બોલવાથી મગને કામ કર્યું એમ બોલાય છે. અમે ગામ જઇશું. એ પહેલી.

મારે { બીજીના એક વચનમાં. જેમ મારે બે ઘર છે. ત્રીજીના એક વચનમાં. જેમ મારે ગામ જવું. ચોથીના એક વચનમાં. જેમ મારેસારૂ પેનસીલ લાવ. }

અમારે બીજી, ત્રીજી ને ચોથીના બહુ વચનમાં વપરાય છે. તેના દાખલા મારેના જેવાજ છે. ફેર માત્ર એટલોજ કે મારે ને ઠેકાણે અમારે શબ્દ વાપરવો.

મારે, અમારે ને અમે એ કઇ વિભક્તિમાં તે જાણવાને માટે તેને ઠેકાણે ઉપર મુજબ નામ મૂકી જોવું. તે

નાગને જે વિભક્તિ લાગે. તે વિભક્તિ તેની જાણવી.

પ્ર—મારે એને હોપ સાહેબે કઈ વિભક્તિ ગણી છે? શા કારણથી? ને એ કઇ વિભક્તિ ગણવી?

ઉ—હોપ સાહેબે રૂપપર ધ્યાન આપ્યું છે. માટે છઠ્ઠી સાથે ત્રીજી ગણી છે, કેમકે છઠ્ઠીમાં તેનું રૂપ મારો થાય છે. તેમાંથી જાતિ દર્શક ઓ પ્રત્યયબાદ કરતાં "માર" રહ્યો તેને ત્રીજી વિભક્તિનો એ પ્રત્યય લગાડયાથી મારે થયું; પણ બીજા વ્યાકરણમાં તેના અર્થ ઉપર આધાર રાખે છે, માટે અર્થ ઉપર આધાર રાખીને જે નાગને ઠેકાણે આવ્યું હોય, તે નામને જે વિભક્તિ લાગે, તે વિભક્તિ તેની જાણવી.

પ્ર—હુંનાં બહુવચન કેટલાં થાય છે ને તે કયાં કયાં? તથા તે ક્યારે વપરાય છે?

ઉ—હુંનાં બહુ વચન બે છે, (૧) અમે (૨) આપણે એક માણસ બીજા માણસની સાથે વાત કરતો હોય. તે વખતે તેને વાતમાં સામેલ ગણતો ન હોય તો, અમે વપરાય છે, ને જ્યારે સામા માણસને સામેલ ગણતો હોય. ત્યારે આપણે વપરાય છે.

પ્ર—આપણે એનું એક વચન કરો?

ઉ—આપણે એનું એક વચન હું.

પ્ર—આપણે એનાં રૂપાખ્યાન લખો?

ઉ—પહેલા પુરૂષનું બીજે રૂપે બહુવચન "આપણ"

નર, નારી, નાન્યતરજાતિ બહુ વચન.

૧ આપણે, આપંણ.

૨ આપણને.

૩ આપણે.

૪ આપણે માટે, સારૂ.

૫ આપણાથી, થકી.

૬ આપણો. ણી. ણું, ણા, ણાં.

૭ આપણામાં.

પ્ર–આપણે કઇ કઇ વિભક્તિમાં વપરાય છે. તેઓળખવાની રીત, તથા તેના દાખલા આપો?

ઉ–આપણે કઇ વિભક્તિમાં છે, તે ઓળખવાને માટે તેને ઠેકાણે નામ મૂકી જોવું. તે નામને જે વિભક્તિ લાગે, તે આપણેની જાણવી.

તેનીચેની વિભક્તિઓમાં વપરાય છે.

આપણે { પહેલીના બહુવચનમાં. જેમ **આપણે** લાડુ જમ્યા.
બીજીના બહુવચનમાં. જેમ **આપણે** બે ભાઇ છે.
ત્રીજીના બહુવચનમાં. જેમ **આપણે** કામ કર્યું.
ચોથીના બહુવચનમાં. જેમ **આપણે**સારૂ સ્લેટ લાવ.

પ્ર–આપણે કયા પુરૂષનું સર્વનામ છે? હોપ સાહેબે તેને કયો પુરૂષ ગણ્યો છે? ને શા કારણથી?

ઉ–† આપણે એ પહેલો ને બીજો પુરૂષ સર્વનામ છે. પણ હોપ સાહેબે તેને પહેલો પુરૂષ ગણ્યો છે. કારણ તે નાનાં છોકરાંને શીખવવું મુશ્કેલ પડે તેથી પહેલો પુરૂષ ગણ્યોછે.

પ્ર–આપણે એક વચનમાં વપરાય એવો એક દાખલોઆપો?

ઉ–તમારે જવું હોય તો જાઓ, પણ આપણ (હું) તો આવનાર નથી.

---

† **आत्मन** (**सं**) ઉપરથી આપ તથા આપણે શબ્દ થયાછે. ટેલેર કૃત બ્યા. પૃ ૫૮ એજમુજબ **सः** (સં)ઉપરથી **त.**

अहं (**सं.**) ઉપરથી હું.

त्वं ,, ,, તું.

स्वतः ,, ,, પોતે.

कोजन ,, ,, કોણ.

પ્ર—તું એનાં રૂપાખ્યાપન લખો?

ઉ— બીજો પુરૂષ "તું"

નર, નારી તથા નાન્યતર જાતિ.

એકવચન	બહુવચન.
૧ તું.	તમે
૨ તને, તારે.	તમને, તમારે.
૩ તેં, તારે.	તમે, તમારે.
૪ તારે માટે, સારૂ.	તમારે માટે સારૂ.
૫ તારાથી; તુંથી; તજથી, થકી.	તમારાથી; તમથીથકી.
૬ તારો રી, રૂં, રા, રાં.	તમારો, રી, રૂં. રા, રાં.
૭ તારામાં	તમારામાં, તમમાં.

પ્ર—તમે, તારે ને તમારે એ કઇ કઈ વિભક્તિમાં આવે છે? ને તે ઓળખવાની રીત લખો, તથા તેના દાખલા આપો.

ઉ—અમે, મારે, ને અમારે નાં પાછળ જણાવ્યાં છે, તે પ્રમાણે (જુઓ પૃષ્ટ ૨૫ મે.)

પ્ર—તારે એને હોપસાહેબે કઈ વિભક્તિ ગણી છે? શા કારણથી? અને કઇ વિભક્તિ કહેવી?

ઉ—મારે વિષે પાછળ જણાવ્યું છે, તે પ્રમાણે તારેનું પણ જાણવું. (પૃષ્ટ ૨૫ મે)

પ્ર—તુંનાં કેટલાં બહુ વચન થઈ શકે છે. તેનાં નામ દો, તથા તેના અર્થમાં કાંઇ ફેરફાર હોય તો સમજાવો?

ઉ—તુંનાં બહુ વચનમાં બે રૂપ થઇ શકે છે. તમે ને આપ. સામા માણસને જ્યારે થોડું માન દઇને બોલાવીએ છીએ, ત્યારે તમે વપરાય છે, પણ મોટા માણસની સાથે વાત કરતી વખતે વધારે માન આપવાસારૂ તમે ને બદલે "આપ" વપરાય છે.

પ્ર—આપ એને બીજે રૂપે બહુ વચન શાથી કહે છે?

ઉ–આપ એને બીજે રૂપે બહુ વચન કહેવાનું કારણ એટલું જ કે પહેલું રૂપ "તમે" છે.

પ્ર–આપનું એક વચન કરો?

ઉ–આપનું એક વચન તું?

પ્ર–આપનાં રૂપાખ્યાન લખો?

ઉ–બીજા પુરૂષનું બીજે રૂપે બહુ વચન "આપ"

નર, નારી, ને નાન્યતર જાતિ, બહુ વચન.

૧ આપ.
૨ આપને.
૩ આપે,
૪ આપને માટે, સારૂ.
૫ આપથી, થકી.
૬ આપનો, ની, નું, ના, નાં.
૭ આપમાં.

પ્ર–આપ એ કયા પુરૂષનું સર્વનામ છે?

ઉ–આપ એ બીજો પુરૂષ સર્વનામ છે.

પ્ર–આપ એ પહેલો ને ત્રીજો પુરૂપ થાય એવો દાખલો આપો?

ઉ–એવાં રૂપ કોઇ વાર કવિતામાં વપરાય છે, જેમકે "પાણી આપને પાય" એમાં આપ પહેલો પુરૂષ છે. અને "આપ રળેલું ખાય, બાપથી કરે સવાઇ" એમાં આપ ત્રીજો પુરૂષ છે.

પ્ર–તેનાં રૂપાખ્યાન લખો?

ઉ–ત્રીજો પુરૂષ "તે"

નર, નારી ને નાન્યતર જાતિ.

એક વચન.	બહુ વચન.
૧ તે.	તેઓ.
૨ તેને.	તેઓને, તેમને.

૩ તેણે.	તેઓએ, તેમણે.
૪ તેને માટે, સારૂ.	તેઓને માટે, સારૂ; તેમને માટે સારૂ.
૫ તેથી, થકી.	તેઓથી, થકી.
૬ તેનો, ની, નું, ના, નાં.	તેઓનો, ની, નું, ના, નાં, તેમનો, ની, નું, ના, નાં.
૭ તેમાં.	તેઓમાં, તેમનામાં.

પ્ર—તે કયા કયા વચનમાં વપરાય છે? તે દાખલા આપી સમજાવો?

ઉ—એકવચન ને બહુવચનમાં. જેમ તે ગયો (એકવચન). તે બધાં ગયાં (બહુવચન).

પ્ર—તેનું પદચ્છેદ શું થાય?

ઉ—(૧) જે નામને ઠેકાણે તે આવ્યું હોય, તેજ નામ "તે" ની પાછળ બોલવામાં આવે તો વિશેષણ થાય જેમ તે છોકરો આવશે,

(૨) પહેલા વાક્યને આરંભે જે અને બીજા વાક્યને આરંભે તે આવે, તો પણ વિશેષણ થાય. જેમ—જે માણસ કાલ આવ્યો હતો, **તે** આજ જશે,

(૩) આખા વાક્યને ઠેકાણે તે આવીને તેની પછી કારણ શબ્દનો અધ્યાહાર હોય તો વિશેષણ થાય, જેમ મારા પેટમાં દુખે છે, તે કારણથી ગયો નહીં. મને ગમતું નથી **તેથી** નહીં આવું.

(૪) ક્રિયાવિશેષણ અવ્યય જેમ રમાતું તે હશે.

બાકી બધે ઠેકાણે તેનું પદચ્છેદ સર્વનામ થાય.

પ્ર—પોતેનાં રૂપાખ્યાપન લખો?

ઉ— "પોતે"નાં રૂપ

પહેલો, બીજો તથા ત્રીજો પુરૂષ.

એક વચન, તથા બહુવચન.

નર, નારી તથા નાન્યતરજાતિ.

૧ પોતે.

૨ પોતાને.

૩ પોતે.

૪ પોતાને માટે, સારૂ,

૫ પોતાથી, થકી.

૬ પોતાનો, ની, નું, ના, નાં.

૭ પોતામાં.

પ્ર–પોતે એ કયો પુરૂષ સર્વનામ છે, ને શા કારણથી?

ઉ–પોતે એ પુરૂષ સર્વનામ છે, જે સર્વનામને ઠેકાણે તે વપરાય, તે સર્વનામનો પુરૂષ કહેવો. જેમ હું પોતેઆવીશ. આ વાક્યમાં પોતે પહેલો પુરૂષ છે. જો નામની સાથે આવે તો ત્રીજો પુરૂષ કહેવાય. જેમ મનસુખ પોતે ગયો, આગાં પોતે એ ત્રીજો પુરૂષ છે, કેમકે સઘળાં નામ ત્રીજા પુરૂષમાંજ છે.

પ્ર–પોતે એ કઇ વિભક્તિને વચનમાં વપરાય છે, ને તે ઓળખવાની રીત તથા દાખલા લખો?

ઉ–પહેલી ને ત્રીજીનાં બંને વચનમાં વપરાય છે. તે ઓળખવાને માટે તેની જગાએ નામ મૂકી જોવું, તે નામ ને જે વિભક્તિ ને વચન લાગે, તે તેનાં જાણવાં. જેમ.

પોતે ખાધું. એ ત્રીજી વિભક્તિના બંને વચનમાં.

પોતે ચાલ્યો. એ પહેલી વિભક્તિનું એકવચન.

પોતે ગયા એ પહેલી વિભક્તિનું બહુવચન.

પ્ર–પોતે શબ્દ ત્રણે પુરૂષમાં વપરાય એવો એક દાખલો આપો તે વખતે તેનો કયો પુરૂષ કહેવો?

ઉ–પોતાનું કામ પોતે કરવું આ વાક્યમાં સામાન્ય પુરૂષ કહેવો,

પ્ર—કોણનાં રૂપાખ્યાપન લખો?

ઉ— ત્રીજો પુરૂષ "કોણ"

નર, નારી ને નાન્યતરજાતિ.

એકવચન ને બહુવચન.

૧ કોણ.

૨ કોને, કેને.

૩ કોણે, કેણે.

૪ કોનેમાટે, સારૂ, કેને માટે. સારૂ.

૫ કોનાથી, થકી. કેનાથી થકી.

૬ કોનો, ની, નું, ના, નાં. કેનો, ની, નું, ના, નાં.

૭ કોનામાં, કેનામાં, કેમાં.

પ્ર—કોણ એ કયા પુરૂષનું સર્વનામ છે?

ઉ—કોણ એ ત્રીજા પુરૂષનું સર્વનામ છે.

પ્ર—કોણનું પદચ્છેદ વિશેષણ થાય એવો એક દાખલો આપો?

ઉ—કોણરાયની દીકરી. એમાં કોણ વિશેષણ છે.

પ્ર—સર્વનામની જાતિ કઈ કહેવાય?

ઉ—જે નામને ઠેકાણે તે વપરાય, તે નામની જે જાતિ હોય તે તેની જાતિ કહેવાય.

પ્ર—સર્વનામનાં રૂપાખ્યાનમાં કોઇ સર્વનામ જાતિ દર્શકછે?

ઉ—તેણીએ. આ એકજ રૂપ છે. તે નારીજાતિના એકવચનમાં છે. (એ રૂપ પારસી-ગુજરાતી લખાણુમાં જોવામાં આવે છે.)

પ્ર—સર્વનામનાં રૂપાખ્યાપનમાં જે રૂપ એક કરતાં વધારે વિભક્તિ તથા એક કરતાં વધારે વચનમાં વપરાતાંહોય તે રૂપ કહો? ને તે શેમાં વપરાય છે, ને જણાવો?

ઉ—અમે—પહેલી ને ત્રીજીના બહુવચનમાં તમે-પહેલીને ત્રીજીના બહુવચનમાં મારે—બીજી, ત્રીજી ને ચોથીના એક

વચનમાં. અમારે–બીજી, ત્રીજી, ને ચોથીના બહુવચનમાં તારે–બીજી, ત્રીજી, ને ચોથીના એકવચનમાં. તમારે–બીજી ત્રીજી ને ચોથીના બહુવચનમાં. તે–પહેલી વિભક્તિના એકવચન તથા બહુવચનમાં. આપણે–પહેલી, બીજી.ત્રીજી ને ચોથીના બહુવચનમાં. પોતે–પહેલી ને ત્રીજીના બંને વચનમાં. આવે ઠેકાણે નામ મૂકી જોવાથી વિભક્તિને વચન માલમ પડે છે.

પ્ર–આ, એ , ઓલ્યો, પેલો, તે, ફલાણો, કયો, શું, જે, એ શબ્દોને હોપ સાહેબે શેની અંદર ગણ્યા છે? પહેલાં શેમાં ગણતા હતા? હોપ સાહેબે તેમ શું કરવા કર્યું હશે?

ઉ– એ શબ્દો આજ સુધી સર્વનામમાં ગણાતા હતા, પણ હોપ સાહેબે તેમને વિશેષણ ગણ્યા છે, તેનું કારણ એ કે તે ઘણી વખત વિશેષ્યની સાથે વપરાય છે. માટે કેટલેક ઠેકાણે વિશેષણને કેટલેક ઠેકાણે સર્વનામ ગણવા જોઇએ, તે નાનાં છોકરાંને સમજવું મુશ્કેલ પડે, માટે વિશેષણમાં ગણ્યા છે.

પ્ર–આ તથા એનાં રૂપાખ્યાપન લખો?

ઉ–

	એકવચન	બહુવચન
૧	આ.	આ.
૨	આને.	આમને.
૩	આણે.	આમણે.
૪	આને માટે, સારૂ.	આમને માટે, સારૂ.
૫	આનાથી, થકી.	આમનાથી, થકી.
૬	આનો, નો, ની, નું, ના, નાં,	આમનો, ની. નું, ના, નાં
૭	આનામાં, આમાં.	આમનામાં

"એ"નાં રૂપાખ્યાપન.

એકવચન	બહુવચન

૧ એ.	એઓ.
૨ એને.	એઓને, એમને.
૩ એણે.	એઓએ, એમણે.
૪ એને માટે, સારૂ.	એઓનેમાટે,સારૂ. એમને માટે, સારૂ.
૫ એથી, થકી.	એઓથી, થકી.
૬ એનો, ની, નું, ના, નાં.	એઓનો, ની. નું, ના, નાં.એમનો, ની, નું, ના, નાં,
૭ એમાં.	એઓમાં, એમનામાં.

પ્ર—પેલો, પેલી, પેલું, ઓલ્યો, ઓલી, ઓલ્યું, ફલાણો, ફલાણી, ફલાણું, કયો, કઇ. કયું. એનાં રૂપાખ્યાપન કોના પ્રમા॰ણે થાય છે, ને તે સઘળાં બોલવામાં વપરાય છે?

ઉ—એ શબ્દોનાં રૂપાખ્યાપન સારો, સારી, સારૂં એ પ્ર-માણે થાય છે, પણ બોલવામાં ઝાઝાં વપરાતાં નથી.

પ્ર—શો, શી, શુંનાં રૂપાખ્યાપન લખો?

નરજાતિ "શો"

એક વચન.	બહુ વચન.
૧ શો,	શા.
૨ શાને, શેને.	
૩ શાણે. શેણે,	
૪ શાને માટે. સારૂ, શેને માટે, સારૂ.	એક વચન પ્રમાણે છે બહુ વચનમાં રૂપ થાય છે.
૫ શાથી. થકી.	
૬ શાનો ની. નું,ના, નાં. શેનો, ની, નું,ના,નાં.	
૭ શામાં,શેમાં.	

શુંનાં રૂપાખ્યાપન શો પ્રમાણે થાય છે. ફક્ત બહુ વ-ચનમાં શાને ઠેકાણે શાં, ને પેહેલીના એક વચનમાં શોને બદલે શું વપરાય છે- શીનું બહુ વચન શીજ થાય છે, તેને

વિભક્તિના પ્રત્યય લાગતા નથી,

પ્ર-કાંઈ, કાંઇક, હરકાંઇ, કંઇ, કંઇક, હરકંઈ, કોઇ, કોઇક, હરકોઇ, સર્વે, સૌ, અમૂક, દરેક એ શબ્દોનું પદચ્છેદ શું થાય?

ઉ-એ શબ્દોનું પદચ્છેદ વિશેષણ થાય.

વિશેષણ.

પ્ર-વિશ્રેષ્ય તથા ક્રિયાનાથની વ્યાખ્યા આપો?

ઉ-વિશેષણ જેગનો ગુણ, સંખ્યા વગેરે બતાવે, તેને વિશેષ્ય કહે છે. જેમ રાતો ઘોડો, રાતું લૂગડું. એમાં રાતો તથા રાતું એ "વિશેષણ" ને લૂગડું તથા ઘોડો એ વિશેષ્ય છે. ક્રિયાપદની જાતિ, વચન ને પુરૂપ જેના પ્રમાણે બદલાય છે, તેને ક્રિયાનાથ કહે છે. જેમ છોકરે ચોપડી વાંચી. એમાં વાંચી ક્રિયાપદનો ક્રિયાનાથ "ચોપડી" છે.

પ્ર-વિશેષણ શબ્દના કયા વર્ગનો ગુણ બતાવે છે? અને કયા વર્ગનો નથી બતાવતું? તે દાખલા આપી સમજાવો?

ઉ-નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ ને અવ્યયનો ગુણ બતાવે છે. જેમ સારો છોકરો, મેલો તે, ઘણો મોટો, ધીમો ચાલ, થોડું રહોને. પણ અવ્યયની અંદર ઉભયાન્વયી અવ્યય અને કેવળપ્રયોગી અવ્યયનો ગુણ નથી બતાવતું. અને શબ્દયોગી તથા ક્રિયાવિશેષણ અવ્યયનો ગુણ બતાવે છે. કેમકે તે ખરેખરા અવ્યય નથી, પણ એ શબ્દો શબ્દના બીજા વર્ગને મળતા હોય છે. જેમ ઘણુંજ પાસે, એમાં "પાસે" એ ક્રિયાવિશેષણ અવ્યયનો ગુણ બતાવે છે. એ "પાસે" શબ્દ મૂળે નામ છે. (પાર્શ્વ (સં) પરથી પાસું, અને તે પરથી પાસે.)

પ્ર-વિશેષણના પ્રકાર કેટલા છે? તેમનાં નામ તથા વ્યાખ્યા આપો?

ઉ–વિશેષણના પ્રકાર બે છે. પહેલો તથા બીજો પ્રકાર. જેને જાતિ દર્શક ઓ, ઇ, ઉં હોય, તે પહેલા પ્રકારનાં. જેમ સારો, સારી, સારૂં, ને ત્રણે જાતિમાં સરખાં છે, તે બીજો પ્રકાર. જેમ લાલ, સફેદ, વગેરે.

પ્ર–વિશેષણના ને નામના પ્રકાર શા ઉપરથી પાડેલા છે? તે બંને પ્રકારનો મુકાબલો કરો.

ઉ–તે બંનેના પ્રકાર રૂપ ઉપરથી પાડેલા છે. વિશેષણના પ્રકાર તેને છેડે જાતિ દર્શક પ્રત્યયો લગાડવાથી ફેરફાર થાય છે, કે નહીં? તે પરથી પાડેલા છે. ને નામના પ્રકાર તેને છેડે વિભક્તિ તથા બહુ વચનના પ્રત્યયો લગાડવાથી તેમાં ફેરફાર થાય છે કે નહીં? તે પરથી પાડેલા છે.

પ્ર–વિશેષણ ને વિભક્તિના પ્રત્યયો લાગી શકે કે નહીં?

ઉ–બંને પ્રકારમાં વિશેષણ જ્યારે વિશેષ્ય વિના એકલું આવે છે, ત્યારે તેને નામ પ્રમાણે વિભક્તિઓ લાગે છે, જેમ ભલામાં ભલાઈ હોય છે. પણ જ્યારે વિશેષ્યની સાથે આવે, ત્યારે બંને પ્રકારનાં વિશેષણને વિભક્તિના પ્રત્યય લાગતા નથી, પણ પેહેલા પ્રકારનાં વિશેષણને છેડે તેના વિશેષ્યના છેડાના સ્વર પ્રમાણે "આ" અગર "એ" થાય છે. જેમ રાતો ઘોડો. એને બીજી વિભક્તિ લગાડીએ તો રાતા ઘોડાને થાય છે, આમાં આ થાય છે, ને રાતે ઘોડે એમાં એ થાય છે, પણ સફેદ લૂગડે એમાં "એ" વધતો નથી.

પ્ર–સારે છોકરે એમાં સારે કઈ વિભક્તિ છે?

ઉ–એમાં સારે એ ત્રીજી વિભક્તિ છે. એમાં "એ" પ્રત્યય ત્રીજીનો નથી, પણ વિશેષ્યના છેડાનો સ્વર તેને લાગેલો છે, એટલે છોકરે એમાં છેલ્લો "એ" નો ઉચ્ચાર થાય છે, તેને લીધે સારે બોલાય છે.

પ્ર—વિશેષણ ક્રિયાપદનો ગુણ બતાવે, ત્યારે તેને જાતિ, વચન ને વિભક્તિ કોનાં લાગે? ને શા કારણથી?

ઉ-ક્રિયાપદને જાતિ વચન તેના ક્રિયાનાથની લાગે છે, માટે તેના વિશેષણને તેના ક્રિયાનાથનાં જાતિ વચન લાગે છે, પણ ક્રિયાપદને તેના ક્રિયાનાથની વિભક્તિ લાગતી નથી, માટે વિશેષણને વિભક્તિના પ્રત્યય લાગતા નથી, પણ પહેલી વિભક્તિમાં રહે છે; કેમકે ક્રિયાપદ વિભક્તિ વિનાનું છે. જેમ છોકરાને ઘણો માર્યો. એમાં ઘણો એ માર્યોનો ગુણ બતાવે છે, પણ તેની વિભક્તિ પહેલીકહેવી.

પ્ર—વધતા ઓછા ગુણનો મુકાબલો નામની સાથે કરવો હોયતો શા વડે થાય છે?

ઉ—"કરતાં" ને "થી" વડે.

પ્ર—વિશેષણને તેના વિશેષ્ય પ્રમાણે શું કહેવું જોઇએ?

ઉ—જાતિ, વચન ને વિભક્તિ.

પ્ર—સંખ્યાવાચક વિશેષણમાં કેટલીક વખત એ પ્રત્યય ઉમેરવામાં આવે છે, એનું પદચ્છેદ શું કરવું? તે દાખલા આપી સમજાવો.

ઉ—સંખ્યાવાચક વિશેષણમાં કેટલીક વખત એ પ્રત્યય ઉમેરવામાં આવે છે, તેમાંથી એ પ્રત્યય છૂટો પડી શકે, તો તેનું પદચ્છેદ ક્રિયાવિશેષણ અવ્યય કરવું. જેમકે ચાળીશે માણસ મરી ગયાં. એમાં ચાળીશ એનું પદચ્છેદ જુદું કરવું, ને "એ" નું ક્રિયાવિશેષણ અવ્યય કરવું, અને એ પ્રત્યય છૂટો ન પડી શકે તો, સંખ્યા સાથેજ તેનું પદચ્છેદ કરવું, ને તેને ત્રીજી વિભક્તિનો પ્રત્યય ન ગણવો. જેમ ચાળીશેમાં એકજ રોગ પેદા થયો. ચાળીશેમાં=બીજા પ્રકારનું વિશેષણ અધિકરણાર્થે સાતમીનું બહુવચન થયેલું અધિકરણ બતાવે છે.

પ્ર–બેલું, છક્કું, સૈકું, મણ, ખાંડી વગેરે જાતના શબ્દોનું પદચ્છેદ શું કરવું?

ઉ–એ શબ્દો એકલા આવે અગર તેના વિશેષ્યની સાથે આવે તોપણ તેનું પદચ્છેદ નામ કરવું. જેમ બેલું કાંત્યું, એમાં બેલું નામ. છક્કું કેરીઓ, એમાં છક્કું નામ. પંદરમા સૈકામાં, એમાં સૈકામાં નામ. બે મણ રૂ આણ્યું, એમાં મણ નામ.

પ્ર–મરી ગએલા માણસના નવથી પંદર સુધી દિવસ ગણવાને સારૂ નવમું. દશમું. એ પ્રમાણે પંદર સુધી ગણાય છે, એનું પદચ્છેદ શું કરવું?

ઉ–નામ કરવું.

પ્ર–૧–૨–૩–૪–૫ ને ૬ એ સંખ્યાનું એકવચન કરો તથા તે સિવાય બાકી સંખ્યાઓનું એકવચન કરવાને શું ઉમેરવું જોઈએ?

ઉ–પેલો, બીજો, ત્રીજો, ચોથોને છઠ્ઠો બાકીની સંખ્યાને છેડે નરજાતિમાં મો. નારીજાતિમાં મી, નાન્યતર જાતિમાં મું, એ પ્રત્યય ઉમેરવાથી તેમાં એકવચનનો અર્થ આવે છે. જેમ બત્રીશમો, ત્રેવીશમી, સતાવીશમું એ બધાં એક વચન છે.

પ્ર–કોઇ વખત ની ઉમેરવાથી એક વચનનો અર્થ આવે, એવો એક દાખલો આપો?

ઉ–૫૫૨ની સાલમાં,

પ્ર–પહેલા પ્રકારનું વિશેષણ ક્રિયાવિશેષણ અવ્યય ક્યારે થાય

ઉ–પહેલા પ્રકારના વિશેષણને ત્રીજી વિભક્તિનો એ પ્રત્યય' લાગે, ને તે ક્રિયાપદનો ગુણ બતાવે તો તેનું પદચ્છેદ ક્રિયા વિશેષણ અવ્યય થાય. જેમ તે ધણે છેટે હતો, તે ધણે આઘે હતો.

પ્ર—વિશેષણને વાક્યમાં ગોઠવવાની રીત લખો?

ઉ—જ્યારે નામ, વિશેષણ, ક્રિયાપદ ને અવ્યયનો ગુણ બતાવે, ત્યારે તે વિશેષણ તેની પહેલાં અગર તેની પાછળ આવે, પણ સર્વનામનો ગુણ બતાવે છે, ત્યારે તો તે વિશેષણ સર્વનામની પછીજ આવે. જેમ સારો છોકરો છે અથવા છોકરો સારો છે, તે શું કરે છે? અથવા તે કરે છે શું? હું લાંબો ઘણો છું અથવા હું ઘણો લાંબો છું એમ બોલાય , પણ તે સારો છે, તેને બદલે સારો તે છે એમ ન બોલાય.

પ્ર—જે વિશેષણ ક્રિયાપદનો ગુણ બતાવે છે, તે તથા ક્રિયાવિશેષણ અવ્યયમાં ફેર શો?

ઉ—જે વિશેષણ ક્રિયાપદનો ગુણ બતાવે છે; તે તેના ક્રિયાનાથ પ્રમાણે જાતિ વચનમાં ફરી શકે છે, અને ક્રિયાવિશેષણ અવ્યય ક્રિયાપદના ક્રિયાનાથ પ્રમાણે ફરી શકતું નથી. જેમ છોકરો ઘણો દોડયો, એ વિશેષણ, ને છોકરો ઘણું દોડયો, એ ક્રિયાવિશેષણ અવ્યય.

પ્ર—બીજા પ્રકારનું વિશેષણ ક્રિયાપદનો ગુણ બતાવે તો તેનું પદચ્છેદ શું થાય?

ઉ—ક્રિયાવિશેષણ અવ્યય. જેમ પરમેશ્વરે દુનિઆ ઉત્પન્ન કરી, પણ છ, હો, થા, વગેરે જે ક્રિયા રહિત ધાતુઓ છે, તેનો જ્યારે કોઇ બીજા પ્રકારનું વિશેષણ ગુણ બતાવે છે, ત્યારે તે ક્રિયાવિશેષણ અવ્યય ન કહેવાય, પણ વિશેષણ કહેવાય. જેમ શીવાજી આધીન થઇને દિલ્હી ગયો, એમાં આધીન ક્રિયાવિશેષણ અવ્યય નહીં, પણ વિશેષણ છે.

પ્ર—બીજા પ્રકારનું વિશેષણ વિશેષ્યની પછી આવે, અને ક્રિયાપદની પહેલાં આવે, ત્યારે તે નામનો ગુણ બતાવે

છે કે ક્રિયાપદનો ગુણ બતાવે છે? તે શોધી કાઢવાની રીત લખો.

ઉ–જો તેના વિશેષ્યની પહેલાં મૂકી શકાય, તો તે વિશેષણ તેના વિશેષ્યનો ગુણ બતાવે છે, એમ જાણવું, જેમ તે છોકરો રંગે લાલ છે, એમાં લાલનો વિશેષ્ય રંગ છે, કેમકે તે રંગની પહેલાં મૂકી શકાય છે, ને ન મૂકી શકાય, તો તે ક્રિયાપદનો ગુણ બતાવે છે, એમ જાણવું જેમ પરમેશ્વરે દુનિઆ ઉત્પન્ન કરી, એમાં ઉત્પન્નનો વિશેષ્ય ક્રિયાપદ છે.

પ્ર–કેટલોક, કેટલીક, કેટલુંક એ કયા પ્રકારનું વિશેષણ છે?

ઉ–છેડેના સ્વર પ્રમાણે પ્રકાર ગણીએ તો બીજા પ્રકારનું; નહીંતો કેટલો, કેટલી, કેટલું એ પ્રમાણે પ્રકાર કહીએ તો પહેલા પ્રકારનું, માટે પહેલો ને બીજો. એમાંથી જે પ્રકાર કહીએ, તે ખરો કહેવાય.

ક્રિયાપદ.

પ્ર–ધાતુ એટલે શું? ને તે શોધી કાઢવાની રીત લખો.

ઉ–જે મૂળ ઉપરથી ક્રિયાપદનાં જૂદાં જૂદાં રૂપ થાય છે, તે મૂળનું નામ ધાતુ પાડયું છે. જેમ આપે છે, આપતો, અપાયું. ઈત્યાદિનો ધાતુ આપ. ધાતુ શોધી કાઢવામાટે ક્રિયાપદને અનિયમિત વર્ત્તમાન કાળના બીજા પુરૂષના એક વચનમાં આજ્ઞાર્થ રૂપમાં મૂકવું, અને તે રૂપ તેજ ધાતુ. જેમ તે ચોપડી આપે છે, એનું બીજા પુરૂષના એકવચનનું આજ્ઞાર્થ રૂપ "આપ" છે, માટે આપે છે એનો ધાતુ "આપ" છે,

પ્ર–ધાતુ પોતે કયો કાળ કહેવાય?

ઉ–અનિયમિત વર્તમાન કાળ.

પ્ર–ધાતુના મુખ્ય કેટલા પ્રકારછે, તેનાં નામ તથા વ્યાખ્યા આપો?

ઉ–મુખ્ય બે પ્રકાર છે. (૧)સકર્મક (૨)અકર્મક. અકર્મક ક્રિયાપદ એટલે જેના કર્ત્તાની ક્રિયા કર્ત્તામાંજ રહીને બીજા માણસ અગર વસ્તુ ઉપર લાગુ પડતી નથી તે. જેમ જા, બેસ, પડ, સંતા, દોડ, ઇત્યાદિ. સકર્મક ક્રિયાપદ એટલે જેના કર્ત્તાની ક્રિયા બીજા માણસ અગર વસ્તુ ઉપર લાગુ પડે છે તે, જેમ લખ,બોલાવ,બેસ,ફેરવ ઇત્યાદિ.

પ્ર–ધાતુના મુખ્ય ભેદ સિવાય બીજાભેદ જાણુતા હો, તો તેનાં નામ લખો?

ઉ–(૧) પ્રયોજ્ય, (૨) ભાવવાચ્ય, (૩) અનુકરણવાચ્ય,(૪) ઉભયવિધ (૫) અપૂર્ણધાતુ,

પ્ર–પ્રયોજ્ય ધાતુ એટલે શું? તે સમજાવો.

ઉ–જ્યારે કર્ત્તા પોતે કામ ન કરતાં બીજાની પાસે કરાવેછે, ત્યારે ધાતુનું રૂપ પ્રયોજ્ય થઇ જાય છે. જેમ તું ચોપડી બીજા પાસે લખાવ, એમાં "તું" એ બીજા પુરૂષે કાંઇ ક્રિયા કરી નથી, પણ તેણે તો બીજા પાસે કરાવી છે, પ્રયોજ્યને કેટલાએક પ્રેરક પણ કહે છે. પ્રેરક એટલે ઉશ્કેરનાર, મતલબ કે પોતે ન કરતાં બીજાનેઉશ્કેરનાર.

પ્ર–પ્રયોજ્ય ધાતુ શી રીતે બની શકે?

ઉ–મૂળ ધાતુ ઉપર આડ, આવ, આવરાવ, વગેરે પ્રત્યય લાગીને જે રૂપ થાય છે, તે પ્રયોજ્ય ધાતુ ગણવો. જેમ લખાવ, જમાડ, કહેવડાવ, લખાવરાવ વગેરે.

પ્ર–અકર્મક ઉપરથી સકર્મક કરવાની રીત આપો?

ઉ– (૧) કેટલાએક ધાતુના પહેલા અક્ષરમાં આ ઉમેરવાથી. જેમ પડનું પાડ. વળનું વાળ. મરનું માર.

(૨) કોઈ વાર છેલા અક્ષરની પહેલા અક્ષરમાં એ ભળ્યાથી, જેમ ઉછરનું ઉછેર. ભળનું ભેળ.

(૩) કોઇવાર છેલા, અથવા છેલાના પહેલાના "આ" નો

"અ" કરી આડ, વાડ (અથવા વાર) પ્રત્યય લગાડવાથી પણ સકર્મક થાય છે. જેમ બેસનું બેસાડ. જાગનું જગાડ. રમનું રમાડ. સુનું સુવાડ (સુવાર) ખાનું ખવાડ(ખવાર.)

(૪) કોઇનાં બે રીતે સકર્મક રૂપ થાય છે, જેમ ખસનું ખસેડ, ખેસવ. ઠરનું ઠરાવ, ઠેરવ. ફરનું ફરાવ, ફેરવ. ગરનું ગરાવ. ગેરવ. ભળનું ભેળવ, ભેળ. ઠેરનું ઠેરવ, ઠરાવ.

(૫) "ટ" કારાંત ધાતુમાં ટ નો ડ થઈને ઇ કે ઉ સ્વરનો ગુણ થઇને *સકર્મક બને છે. જેમ ફાટનું, ફાડ. ફુટ ફોડ. તુટનું તોડ. છુટનું છોડ.

પ્ર–સકર્મક ધાતુ ઉપરથી અથવા અકર્મકનું સકર્મક કર્યા પછી પ્રયોજ્ય ધાતુ શી રીતે થાય છે?

(૧) ધાતુમાં † ઉપાંત્ય સ્વર આ ન હોય એવાં અકારાંત ધાતુને આવ લગાડયાથી. જેમ મૂકનું મૂકાવ, પૂછનું પૂછાવ, કરનું કરાવ, ખોદનું ખોદાવ.

(૨) ધાતુમાં ઉપાંત્ય"આ"હોયતો આનો"અ"થઈ જાય છે. જેમ બાળનું બળાવ, મારનું મરાવ, ડાટનું ડટાવ, બીવાડનું બીવડાવ, જગાડનું જગડાવ.

(૩) પ્રયોજ્યના રૂપને રાવ લાગવાથી એટલે સકર્મકના રૂપને ઉપલા નિયમ પ્રમાણે આવરાવ (આવડાવ) લગાડેથી. જેમ કરાવરાવ, મરાવરાવ, ખવડાવરાવ.

પ્ર–પ્રયોજ્ય ધાતુ ઓળખવાનો સાધારણ નિયમ લખો?

ઉ–જેની પાસે કામ કરાવવું હોય તેને પાસે. કને, સાથે, મા-

---

* ઇનો એ, ઉનો ઓ, ઋ નો અર, ને ્લૃ નો અલ્ થાય છે, તેને ગુણ કહે છે.

† ઉપાંત્ય એટલે છેવટના અક્ષરની પહેલાનો. જેમ બાળ. માર, એમાં આ ઉપાંત્ય સ્વર છે. પૂછ, મૂક એમાં ઉ, કરમાં અ બોલમાં ઓ ઉપાંત્ય સ્વર છે.

રફતે, એ શબ્દો અથવા એના જેવા બીજા કોઇ શબ્દો લાગીને તે શબ્દ કર્ત્તા કે કર્મમાં રહે નહીં તો ક્રિયાપદ પ્રયોજ્ય સમજવું.

પ્ર—કોઇવાર પ્રયોજ્યનું રૂપ છતાં પ્રયોજ્ય હોતું નથી, એવા દાખલા આપો?

ઉ—જેમ બાપે છોકરાને ભણાવ્યો. અહીં જો બાપે પોતે શીખવનાર થઇને, છોકરાને વિદ્યા શીખવી હોય તો તે પ્રયોજ્ય નથી, પણ જો બાપે કોઈ બીજા પાસે તેને ભણાવ્યો હોય તો પ્રયોજ્ય કહેવાય. મેં મારી પાઘડી તેની પાસે બંધાવી. વિવાહ ઉપર મારા ભાણેજને મેં પાઘડી બંધાવી. આમાં પહેલું ક્રિયાપદ પ્રયોજ્ય અને બીજું નહીં.

પ્ર—પ્રયોજ્ય ધાતુના ક્રિયાપદનું પદચ્છેદ કરતી વખતે શી વાત ધ્યાનમાં રાખવી?

ઉ—સકર્મક ક્રિયાપદ કહેવું. મૂળ ધાતુ ન કહેતાં પ્રત્યય લાગો જે ધાતુ થયો હોય તે કહેવો.

પ્ર—ખવરાવ ધાતુનાં સાતે કાળમાં શક્યભેદનાં રૂપ લખો?

"ખવરાવ" ધાતુ શક્યભેદ.†

વર્ત્તમાનકાળ.

	એકવચન,	બહુવચન.
પે. પુ.	હું ખવરાવાઉંછું.	અમે ખવરાવાઇએ છીએ.
બી. પુ.	તું ખવરાવાયછે.	તમે ખવરાવાઓ છો.
ત્રી. પુ.	તે ખવરાયછે.	તેઓ વખરાવાય છે.

અનિયમિત વર્ત્તમાનકાળ.

પે. પુ.	હું ખવરાવાઉં.	અમે ખવરાવાઈએ.
બી. પુ.	તું ખવરાવાય.	તમે ખવરાવાઓ.
ત્રી. પુ.	તે ખવરાવાય.	તેઓ ખવરાવાય.

† આ રૂપો કાળની હકીકત શીખવ્યા પછી ચલાવવાં.

વિધિવર્ત્તમાનકાળ.

ન. જા. ખવરાવાવો. ખવરાવાવા.
ના. જા. ખવરાવાવી. ખવરાવાવી,
નાન્ય. જા. ખવરાવાવું. ખવરાવાવાં.

ભૂતકાળ.

ન. જા. ખવરાવાયો ખવરાવાયા
ના. જા. ખવરાવાઇ. ખવરાવાઇ.
નાન્ય. જા. ખવરાવાયું. ખવરાવાયાં.

અનિયમિત ભૂતકાળ.

ન. જા. ખવરાવાતો. ખવરાવાતા.
ના. જા. ખવરાવાતી. ખવરાવાતી.
નાન્ય. જા. ખવરાવાતું. ખવરાવાતાં.

સંકેત ભૂતકાળ.

પે. પુ. ખવરાવાત. ખવરાવાત.
બી. પુ. ખવરાવાત. ખવરાવાત.
ત્રી. પુ. ખવરાવાત. ખવરાવાત.

ભવિષ્ય કાળ.

પે. પુ. હું ખવરાવાઇશ. અમે ખવરાવાઇશું.
બી. પુ. તું ખવરાઇશ, શે, જે. તમે ખવરાવાશો, જો.
ત્રી. પુ. તે ખવરાવાશે તેઓ ખવરાવાશે.

પ્ર–ભાવવાચ્ય ધાતુ એટલે શું?

ઉ–જે ધાતુને કર્તા કર્મ બીલકુલ લાગતાં નથી. તે ભાવવાચ્ય ધાતુ કહેવાય, એવા ધાતુનો કર્તા ભાવ માનવામાં આવે છે. જેમકે આજ મારા પેટમાં દુઃખેછે, એમાં દુઃખ એ ભાવવાચ્ય ધાતુ ગણાય, પણ જો મારા પેટમાં ગાંઠ દુઃખે છે, એમ હોય તો ભાવવાચ્ય ન ગણવો.

પ્ર– ભાવવાચ્ય ધાતુના કેટલાક દાખલા આપો?

ઉ–દુઃખ, ગમ, બન.

પ્ર–ભાવવાચ્ય ધાતુના પદચ્છેદમાં કઇ બાબતપર ધ્યાનઆપવું?

ઉ–જ્યારે કર્તા હાજર ન હોય, ત્યારે ક્રિયાનાથ ભાવ કહી ભાવેપ્રયોગ કરવો. જેમ મારે તેની સાથે બને છે, મને ગમે છે, પેટમાં દુઃખે છે. જ્યારે કર્તા હાજર હોય, ત્યારે જે હાજર હોય તે કર્તા કહેવાય. આવા ધાતુ હમેશાંઅ-કર્મક ક્રિયાપદજ હોય છે.

પ્ર–અનુકરણવાચ્ય એટલે શું? તેના કેટલાક દાખલા આપો?

ઉ–અનુકરણવાચ્ય એટલે કોઇ જનાવરથી થતો ઉચ્ચાર કે પદાર્થથી સંભળાતો અવાજ બોલી બતાવવા જે ધાતુ વ-પરાય છે, તે અનુકરણ વાચ્ય કહેવાય. જેમ ગડગડ, બડબડ, ધમધમ.

પ્ર–અનુકરણ વાચ્યએ ધાતુના કયા પ્રકારમાં જાય છે?

ઉ–અકર્મક ધાતુના પ્રકારમાં.

પ્ર–ઉભયવિધ ધાતુ એટલે શું?

ઉ–જે ધાતુ કોઈ વખત અકર્મક, ને કોઇ વખત સકર્મક થાય છે, તે ઉભયવિધ કહેવાય છે.

પ્ર–ઉભયવિધ ધાતુનું પદચ્છેદ કરતી વખતે શીશી વાતોધ્યા-નમાં રાખવી?

ઉ–જો તે સકર્મકના અર્થમાં હોય તો સકર્મક, નહીં તો અ-કર્મક ક્રિયાપદ કહેવું. જેમકે નદી વહે છે. (અકર્મક), મ-જુર ભાર વહે છે (સકર્મક).

પ્ર–ઉભયવિધ ધાતુના કેટલાએક દાખલા આપો?

ઉ–ગળ, ફળ, લાગ, ભાગ, વહે, સળ, વગેરે. બીજી વિભ-ક્તિમાં કર્મ આવે એવા હસ, રડ, કુટ, ફુટ ઇત્યાદિ.

પ્ર–અપૂર્ણ ધાતુ એટલે શું? તેના કેટલાક દાખલા આપો;

ઉ–જે ધાતુનાં બધા કાળમાં રૂપ થતાં નથી, તે અપૂર્ણ

ધાતુ કહેવાય. જેમ છ, હો, જોઇ, ઇત્યાદિ. છ ધાતુનાં વર્તમાન કાળ સિવાય બીજા કાળમાં રૂપ થતાં નથી, ને હો ધાતુનાં અનિયમિત ભૂત કાળમાં રૂપ થતાં નથી.

પ્ર–અકર્મક પ્રયોજ્ય, અને સકર્મક ભાવવાચ્ય તથા અનુકરણ વાચ્ય ક્રિયાપદના ત્રણ દાખલા આપો ?

ઉ–પ્રયોજ્ય ધાતુ અકર્મક હોયજ નહીં તેમ ભાવવાચ્ય ને અનુકરણ વાચ્ય સકર્મક હોયજ નહીં માટે એવો દાખલો મળે નહીં.

પ્ર–કૃદંત એટલે શું ?

ઉ–ઘણું કરીને જાતિ દર્શક કાળના પ્રત્યય ધાતુ ઉપર લાગવાથી કૃદંત બને છે.

પ્ર–કૃદંત તથા ક્રિયાપદમાં તફાવત શો?

ઉ–ધાતુ ઉપર પુરૂષદર્શક કાળના પ્રત્યય આવવાથી ક્રિયાપદ બને છે. અને ઘણું કરી ધાતુ ઉપર જાતિ દર્શક કાળના પ્રત્યય લાગવાથી કૃદંત બને છે.

પ્ર–કૃદંતના કેટલા પ્રકાર છે ? ને તેનાં નામ આપો?

ઉ–ચાર (૧) કૃદંત નામ. (૨) કૃદંત વિશેષણ. (૩) કૃદંત અવ્યય. (૪) કૃદંત ક્રિયાપદ.

પ્ર–કૃદંત નામની વ્યાખ્યા આપો. અને તેના કયા કયા પ્રત્યયો છે.

ઉ–જે કૃદંત કર્તા અથવા કર્મ થઈ શકે, અથવા જેને જાતિ વિભક્તિ ને વચનના પ્રત્યય લાગી શકે તે. જેમ વાંચવું શરૂ કર્યું, એમાં વાંચવું એ કૃદંત નામ કર્મને ઠેકાણે વપરાયું છે. આ છોકરાનું લખવું સારૂં છે. એમાં. લખવું એ કૃદંત નામ કર્તાને ઠેકાણે વપરાયું છે. તેણે મને મળવાને બોલાવ્યો, એમાં મળવાને એ કૃદંત નામને ચોથી વિભક્તિ લાગી છે. કૃદંત નામના પ્રત્યયો વો,

વી, વું (વિધિ વર્ત્તમાનકાળના પ્રત્યય) છે.

પ્ર–કયા કૃદંતને વિભક્તિના પ્રત્યય લાગી શકે છે?

ઉ–કૃદંત નામને.

પ્ર–કૃદંત નામ ક્યારે જાતિ વચનમાં ફરે છે અને ક્યારે નથી ફરતું?

ઉ–જ્યારે કૃદંત નામ પહેલી વિભકિતમાં હોય છે, ત્યારેતેના ક્રિયાનાથની જાતિ વચન પ્રમાણે ફરે છે, પણ જ્યારેપહેલી સિવાય બીજી હરકોઈ વિભકિતમાં હોય છે, ત્યારે તેના ક્રિયાનાથની જાતિ વચન પ્રમાણે ફરતું નથી.

પ્ર–કૃદંત નામને પહેલી સિવાય બીજી હરકોઈ વિભકિતલાગેલી હોય, ત્યારે તે કઈ જાતિમાં હોય છે, ને શાકારણથી?

ઉ–નાન્યતર જાતિના એક વચનમાં. કેમકે કૃદંત નામમાં જે ક્રિયા હોય છે; તે નાન્યતર જાતિના એકવચનમાંજ હોય છે.

પ્ર–કૃદંત નામને ને પ્રત્યય લાગેલો હોય છે, ત્યારે તે ઘણું કરીને કઈ વિભક્તિનો હોય છે?

ઉ–ઘણું કરીને ચોથી વિભક્તિનો હોય છે.

પ્ર–કૃદંત વિશેષણ એટલે શું? ને તેના પ્રત્યય કયા?

ઉ–જે કૃદંત નામ વગેરેનો ગુણ બતાવે તે કૃદંત વિશેષણ. કૃદંત વિશેષણના પ્રત્યયો તો તી, તું, ઠો, ઠી, ઠું. યો, ઈ, યું, લો, લી, લું, અથવા એલો, એલી, એલું, નારો, નારી, નારૂં, ટુંકામાં કહીએ તો ભૂત, અનિયમિત ભૂત ને વિશેષ્ય[1] ભૂતનાપ્રત્યય સિવાય નારો, નારી, નારૂં અનેનાર, એ પ્રત્યયો છે.

---

૧ એલો, એલી, એલું એ પ્રત્યયને ટેલર વ્યાકરણમાં વિશેષ્ય ભૂતના પ્રત્યય કહેલા છે.

પ્ર–નાર પ્રત્યયથી કયા કયા કૃદંત બને છે?

ઉ–‡કૃદંત નામ, અને કૃદંત વિશેષણ. જો નાર પ્રત્યય વાળા કૃદંતની પછી વિશેષ્ય આવે તો તે કૃદંત વિશેષણ થાય છે, નહીંતો કૃદંત નામ થાય છે. જેમ આ કામ કરનાર કોણ છે. એમાં કરનાર કૃદંત નામ છે. અને આ કામ કરનાર માણસ સારો નથી. એમાં કરનાર કૃદંત વિશેષણ છે.

પ્ર–ઇ, યાં ને તાં પ્રત્યયથી કયાં કયાં બને છે? તેને ઓળખવાની રીત કહો.

ઉ–કૃદંત વિશેષણ ને કૃદંત અવ્યય. જો ઇ, યાં, ને તાં પ્રત્યય વાળા કૃદંત એના વિશેષ્ય પ્રમાણે ફરતા હોય, તો કૃદંત વિશેષણ,અને ન ફરતા હોય તો કૃદંત અવ્યય. જેમઃ—

તે **ભણી** રહ્યો કૃદંત અવ્યય, તે છોડી **ગઈ** હતી કૃદંત વિશેષણ. તું તારે **વાંચ્યાં** કર કૃદંત અવ્યય,છોકરાં ગામ **ગયાં** છે કૃદંત વિશેષણ. તે કામ કરતાં થાકી ગયો કૃદંત અવ્યય, છોકરાં **વાંચતાં** હતાં કૃદંત વિશેષણ.

પ્ર–કૃદંત વિશેષણને જ્યારે એ પ્રત્યય લાગે, ત્યારે તેનું વ્યાકરણ શું થાય? તે દાખલા આપી સમજાવો.

ઉ–કૃદંત અવ્યય. જેમ લખ્યેજા, બોલ્યેજા, રહેતે રહેતે, સહેતે સહેતે ઇત્યાદિ.

પ્ર–કૃદંત વિશેષણ નામના અર્થમાં વપરાય એવો એક દાખલો આપો, અને એવે પ્રસંગે તેના પદચ્છેદમાં શીવાત ઉપર ધ્યાન આપવું?

ઉ–જેમ આ કામ કર્યાથી ફાયદો થશે એવે પ્રસંગે તેનું

‡કૃદંત નામને વર્તમાન કૃદંત પણ કહે છે.
કૃદંત વિશેષણને ભૂત કૃદંત કહે છે.
કૃદંત ક્રિયાપદને એકલું ક્રિયાપદ કહે છે.

પદચ્છેદ કૃદંત વિશેષણ કરવું, કેમકે હોપ સાહેબે રૂપ ઉપરજ આધાર રાખેલો છે. તેની જાતિ ન કહેવી, ને કહેવી તો નાન્યતર જાતિ કહેવી.

પ્ર–ફરીથી, કરીને, અને કરતાંનું પદચ્છેદ શું થાય? તે દાખલા આપી સમજાવો.

ઉ–ફરીથી એ ક્રિયાવિશેષણ અવ્યય, કેમકે એમાં ક્રિયા નથી. જેમકે આ કામ ફરીથી કરો. એમાં ફરીથી ક્રિયાવિશેષણ અવ્યય. કરીને કૃદંત અવ્યય. જેમકે તે કામ કરીને થાકી ગયો. એમાં કરીને કૃદંત અવ્યય. પણ કરીનેનો અર્થ જ્યારે વડે અથવા નામે થાય. ત્યારે શબ્દયોગી અવ્યય. જેમ છરીએ કપાયું, મગન કરીને છોકરો હતો. કરતાં એનું પદચ્છેદ કૃદંત વિશેષણ.શબ્દ યોગીઅવ્યય, કૃદંત અવ્યય, ને ક્રિયાપદ થાય છે. મુકાબલો કરવાનાં વપરાય ત્યાં શબ્દયોગી અવ્યય જેમ મારા "કરતાં" તે મોટો છે. ત્યાં સૌ માણસો કામ કરતાં હતાં. (કૃ. વિ.) ડહાપણ કરતાં સૌને આવડે (કૃ. અ.) ત્યાં સૌ કામ કરતાં (ક્રિયાપદ).

પ્ર–ક્યાં ક્રિયાપદ કૃદંત થઇ શકે?

ઉ–જાતિદર્શક પ્રત્યયવાળાં કૃદંત થઈ શકે અને પુરૂષ દર્શક વાળાં થઈ શકતાં નથી.

પ્ર–સહાયકારક ક્રિયાપદ એટલે શું ?

ઉ–કેટલાંએક ક્રિયાપદ બીજાની જોડે આવીને પહેલાના અર્થમાં કાંઇ વધારે બતાવે છે, માટે તેને સહાયકારક ક્રિયાપદ કહે છે.

પ્ર–મુખ્ય ક્રિયાપદ કોને કહે છે?

ઉ–જ્યારે ઘણાં ક્રિયાપદ સાથે આવે છે, ત્યારે તેમાંનું પહેલું ક્રિયાપદ તે મુખ્ય કહેવાય છે.

[illegible] આવે એવા [illegible] આપો.

ઉ–વાંચી રહ્યો હતો, એમાં વાચ્યો એ મુખ્ય ક્રિયાપદ અને રહ્યો હતો એ સહાયકારક. જતો રહ્યો હશે એમાં જતો એ મુખ્ય ક્રિયાપદ ને રહ્યો હશે એ સહાયકારક.

પ્ર–સહાયકારક ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદનો અર્થ ફેરવે અગર કોઇ વખત ન ફેરવે તે દાખલા આપી સમજાવો.

ઉ–તેણે વાંચ્યું એને સહાયકારક ક્રિયાપદ લગાડીએ તો વાંચ્યાના અર્થમાં ફેર પડે છે. જા ધાતુ જવાપણું બતાવે છે, પણ સૂઇ જા એમાં જા સહાયકારક ક્રિયાપદ આવવાથી સૂઇના અર્થમાં ફેર પડતો નથી, કેમકે એમાં જવાપણાનો કાંઇ અર્થ નથી. નાંખ્યો એમાં ફેંકી નાંખવાનો અર્થ છે, પણ વાંચી નાંખ્યું એમાં નાંખવાનો અર્થ નથી.

પ્ર–ઘણાં ક્રિયાપદ સાથે આવે; ત્યારે તેના પદચ્છેદમાં શું ધ્યાન આપવું?

ઉ–જે છેલ્લું સહાયકારક ક્રિયાપદ હોય, તેનું પદચ્છેદ ક્રિયાપદ કરવું. બાકી બધાં ક્રિયાપદ કૃદંત થાય,

પ્ર–ભેદ એટલે શું?

ઉ–ભેદ એટલે પ્રકાર. ક્રિયાપદને કાળના પ્રત્યય લગાડવાના જે બે પ્રકાર છે, તે તેના ભેદ કહેવાય છે.

પ્ર–ભેદ કેટલા છે, તેનાં નામ તથા વ્યાખ્યા આપો?

ઉ–બે (૧) મૂળભેદ (૨) શક્યભેદ. મૂળભેદ એટલે છે, હતું. અથવા થશે એવું જે નક્કી બતાવે તે મૂળભેદ જાણવો જ્યારે મૂળ ધાતુને કાળના પ્રત્યય લાગે. ત્યારે મૂળભેદ કહેવાય છે. શક્યભેદ (શક્=શક્તિમાન થવું+ય=યોગ્યપણું બતાવનાર પ્રત્યય)=પોતે કામ કરવાને શક્તિમાન છે, એવું જે ક્રિયાપદ બતાવે, તે ક્રિયાપદ શક્યભેદમાં જાય છે.

શક્યભેદનું બીજું નામ કર્મણિવાચ્ય છે. કર્મણિવાચ્ય (કર્મણિ=કર્મમાં વાચ્ય=બોલવું)=કર્મમાં બોલાય તે=જેની અંદર કર્મ કર્ત્તા થએલો હોય તે. એટલે સકર્મક ક્રિયાપદ હોય તો જેની અંદર કર્મ કર્ત્તા થએલો હોય, અને અકર્મક હોય તો જેની અંદર ભાવ કર્ત્તા થએલો હોય તે.

પ્ર–કર્મણિવાચ્યની વ્યાખ્યા સમજાવવાથી શક્યભેદની વ્યાખ્યા પૂરી થાય છે કે નહીં ?

ઉ–ના. કેમકે તેમાં સકર્મક ક્રિયાપદની વાત આવે, અકર્મકની ન આવે, કેમકે સકર્મક ક્રિયાપદ શક્ય=ભેદમાં જાય તો કર્મણિ વાચ્ય કહેવાય, પણ અકર્મક ક્રિયાપદ શક્યભેદમાં જાય તો કર્મણિ વાચ્ય ન કહેવાય.

પ્ર–શક્યભેદની વ્યાખ્યામાં કેટલાક કઈ જાતની ભૂલ કરે છે?

ઉ–જે ક્રિયાપદ શંકા પડતી વાત બતાવે તે શક્યભેદ, પણ તે તદન ખોટું છે.

પ્ર–થઈ શકે, થઇ શક્યું, થઇ શકશે એનો અર્થ શો ?

ઉ–બને, બન્યું, બનશે.

પ્ર–શક્યભેદ કરવાના નિયમ લખો ?

ઉ–અકારાંત ધાતુને આ ઉમેર્યાથી શક્યભેદ થાય છે, પણ તે ધાતુના પહેલા અક્ષરમાં 'આ' હોય તો 'અ' થઈ જાય છે જેમ લખવું લખા, જાળવનું જળવા, બાંધનું બંધા થાય છે.

અકરાંત સિવાય બીજા ધાતુને છેડે શક્યભેદમાં વા વધે છે, પણ વા વધારતાં પહેલાં મૂળમાં આ હોય તો અ થઇ જાય છે. જેમ ખાનું ખવા, પાનું પીવા, સૂનું સૂવા, લેનું લેવા, જોનું જોવા.

કાળ વિષે.

પ્ર–કાળ એટલે શું ?

ઉ–કાળ એટલે સમય અથવા વેળા. ક્રિયાને અંગે વખત

લાગેલો હોય છે તે, એટલે ક્રિયા ક્યારે બની તે જણાવનારને તેનો કાળ કહે છે.

પ્ર–કાળના મુખ્યભાગ કેટલા છે? તેનાં નાગ તથા પેટા ભાગ હોય તે લખો, તથા તેની દરેકની વ્યાખ્યા આપો.

ઉ–મુખ્ય કાળ ત્રણ છે. (૧) વર્તમાનકાળ (૨) ભૂતકાળ (૩) ભવિષ્યકાળ. વર્તમાનકાળના ત્રણ પેટા ભાગ છે. (૧) વર્તમાનકાળ (૨) અનિયમિત વર્તમાનકાળ (૩) વિધિ વર્તમાનકાળ. ભૂતકાળના ત્રણ ભાગ છે (૧) ભૂતકાળ, (૨) અનિયમિત ભૂતકાળ (૩) સંકેત ભૂતકાળ. ભવિષ્ય કાળના પેટા ભાગ નથી.

(૧) વર્તમાનકાળ એટલે જે ક્રિયાપદ ચાલતો વખત બતાવે છે તે.

(૨) અનિયમિત વર્તમાનકાળ એટલે હુકમ કરતી વખતે અથવા રજા લેતી વખતે વપરાય છે તે. જેમ તું કામ કર, હું જાઉં?

(૩) વિધિવર્તમાનકાળ–વિધિ=રીત, માટે રીત બતાવનાર કાળ. આ કાળની અંદર વિધિ સાથે હુકમ બતાવે છે- જેમ આ કામ તારે કરવું.

(૪) ભૂતકાળ–ભૂત=ગયો વખત જે ક્રિયાપદ ગયો વખત બતાવે છે તે.

(૫) અનિયમિત ભૂતકાળ એટલે ભૂતકાળનુ જારીપણું બતાવે છે તે, એટલે અમુક વખત સુધી તે કામ ચાલતું હતું, એમ બતાવે છે, જેમ તે જ્યારે નાની ઉમરનો હતો ત્યારે રોજ નિશાળે ભણવા જતો.

(૬) સંકેત ભૂતકાળ–સંકેત=સરત, એમાં કોઇ પણ જાતિની સરત કરવામાં આવે છે. જેમ તમે કહ્યું હોત તો હું આવત.

(૭) ભવિષ્યકાળ-(ભવિષ્ય=આવતો+કાળ=વખત)= આવતો વખત બતાવે છે તે.*

પ્ર—ભવિષ્યકાળના પેટા ભાગ કેમ નથી.

ઉ—ભવિષ્યકાળ અજાણ્યો વખત બતાવે છે, માટે તેના પેટા ભાગ નથી.

પ્ર—પદચ્છેદ કરવામાં કાળ મુકરર કરવાની બાબતનો આધાર શાં ઉપર રાખવો?

ઉ—અર્થ ઉપર નહીં, પણ તેના પ્રત્યય ઉપર.

પ્ર—વર્ત્તમાનકાળનો પ્રત્યય હોય, ને તે ભવિષ્ય કાળનોઅર્થ બતાવે, તથા ભૂતકાળનો પ્રત્યય હોય ને તે વર્ત્તમાનકાળનો અર્થ બતાવે, એવો એક દાખલો આપો?

ઉ—મગનલાલ ગયા પછી હું દશ દહાડે આવુંછું(આવીશ) તમે જાઓ હું તમારી પુઠળ આ આવ્યો.(આવું છું)

પ્ર—કયા કાળ જાતિદર્શક છે? ને કયા કાળ પુરૂષ દર્શક છે?

ઉ—વર્ત્તમાન, અનિયમિત વર્ત્તમાન, ભવિષ્યકાળ, ને સંકેત ભૂતકાળ પુરૂષદર્શક છે, અને વિધિ વર્ત્તમાનકાળ, ભૂતકાળ, અને અનિયમિત ભૂતકાળ જાતિદર્શક છે.

પ્ર—કયો કાળ અવિકારી છે?

ઉ—સંકેત ભૂતકાળ.

પ્ર—સાતેકાળના પ્રત્યય આપો.

વર્ત્તમાનકાળ.

	એકવચન	બહુ વચન.
પે. પુ.	ઉંછું	ઇએ છીએ
બી. પુ	એ છે	ઓ છે
ત્રી. પુ.	એ છે	એ છે

---

*કાળવિષે હકીકત માત્ર હોપકૃતનાજ આધારે લીધી છે.

અનિયમિત વર્ત્તમાનકાળ.

એક વચન	બહુ વચન.
પે. પુ. ઉં	ઈએ
બી. પુ. એ	ઓ
ત્રી. પુ. એ	એ

વિધિ વર્ત્તમાનકાળ.

ન. જા. વો.	વા.
ના. જા. વી.	વી.
નાન્ય. જા. વું.	વાં.

ભૂતકાળ.

ન. જા. યો.	યા.
ના. જા. યી,	યી.
નાન્ય. જા. યું.	યાં.

અનિયમિત ભૂતકાળ.

ન. જા. તો.	તા.
ના. જા. તી.	તી.
નાન્ય. જા. તું,	તાં

. સંકેત ભૂતકાળ.

પે. પુ. ત.
બી. પુ. ત.
ત્રી. પુ. ત.
} ત્રણે પુરૂષ, ત્રણેજાતિ, નેબંનેવચ એજ પ્રત્યય છે.

ભવિષ્યકાળ.

પે. પુ. ઈશ	ઇશું
બી. પુ. શે, જે	શો, જો,
ત્રી. પુ. શે.	શે,

પ્ર—ભૂતકાળનો સાધારણ પ્રત્યય કયો છે? તે સિવાય બીજા કોઈ હોયતો દાખલા સાથે લખો.

ઉ–સાધારણ પ્રત્યય યો, યી, યું છે. એ સિવાય બીજા પણછે. જેમ ધો. ધી, ધું. દાખલા બાંધો, બાંધી, બાંધું. ઠો, ઠી, ઠું=બેઠો, બેઠી, બેઠું. તો, તી, તું=સૂતો, સૂતી, સૂતું. ણો, ણી, ણું=છપાણો, છપાણી. છપાણું, એલો, એલી એલું=થએલો, થએલી, થએલું. પણ કેટલાકને યો પ્રત્યય લાગતાં ન ઉમેરાય છે. †જેમ બીન્યો, બીની, બીન્યું

પ્ર– કર ને કરૂં, વેચ્યો ને વેચાણો, કરશે ને કરજે, એમાં શો તફાવત છે?

ઉ–"કર" એ બીજા પુરૂષનું એકવચન છે, ને "કરૂં" એ પહેલા પુરૂષનું એકવચન છે. 'વેચ્યો' એ મૂળભેદ છે, ને 'વેચાણો' એ શક્યભેદ છે. 'કરશે' એ બીજા પુરૂષના એકવચનમાં તથા ત્રીજા પુરૂષનાં બંને વચનમાં ભવિષ્યકાળમાં વપરાય છે, ને 'કરજે' એ ભવિષ્યકાળમાં બીજા પુરૂષના એકવચનમાં આજ્ઞાર્થે વપરાય છે.

પ્ર–પુરૂષ દર્શક કાળમાં કયા પ્રત્યય એક કરતાં વધારે પુરૂષ કે વચનમાં વપરાય છે?

ઉ–વર્ત્તમાન, અનિયમિત વર્ત્તમાન. ને ભવિષ્ય કાળ એ પુરૂષ દર્શક છે, એ ત્રણે કાળમાં બીજા પુરૂષના એકવચનનો પ્રત્યય ત્રીજા પુરૂષના બંને વચનના પ્રત્યયને મળતોછે

પ્ર–દરેક વચનને ત્રણ પુરૂષ છે, એટલે શું?

ઉ–એટલે એકવચનને બહુવચન એ ત્રણે પુરૂષને લાગે છે,

પ્ર–હોપ કૃત વ્યાકરણની ૬૭મી કલમ સમજાવો.

ઉ–કેટલાંએક સહાય કારક ક્રિયાપદનાં રૂપાખ્યાપન, ઘણુંકરીને મુખ્ય ક્રિયાપદનાં રૂપાખ્યાપન પ્રમાણે સઘળા કાળમાં થાય છે, પણ તેમાંનાં કેટલાંક ક્રિયાપદનાં બધા કાળમાં

---

†કાઠીઆવાડમાં તો ઘણું કરીને બીનો, બીની, બીનું એમ વપરાય છે.

રૂપ થતાં નથી, માટે તેવાં સહાય કારક ક્રિયાપદનાં (છે ને હો ધાતુનાં) રૂપાખ્યાપન સકર્મક ને અકર્મક ક્રિયાપદ (લખ ને આવ ધાતુ)નાં રૂપાખ્યાપનની પહેલાં લખેલાંછે.

પ્ર– છ, હો, લખ, આવ એ ધાતુનાં મૂળભેદમાં કયા કયા કૃદંત બને છે?

ઉ–છતો, છતી, છતું, છતા, છતાં, હો ધાતુના–હોવો, હોવી હોવું, હોવા, હોનારો, હોનારી, હોનારૂં, હોનારા, હોનારાં, હોનાર, હોઇ, હોઇને, હોતાં. આવ ધાતુના–આવવો, આવવી, આવવું, આવ્યો, આવી, આવ્યું, આવનારો, આવનારી, આવનારૂં, આવનારા, આવનારાં, આવતો, આવતી, આવતું, આવતા, આવતાં, આવેલો, આવેલી, આવેલું, આવેલ, આવીને, લખ ધાતુનાં–લખવો, લખવી, લખવું, લખ્યો, લખી, લખ્યું, લખનાર, લખનારો, લખનારી, લખનારૂં, લખનારાં, લખતો, લખતી, લખતું લખેલો, લખેલી, લખેલું, લખેલ, લખી, લખીને, લખતાં.

પ્ર–લખ ને આવ ધાતુના શક્યભેદમાં કયા કયા કૃદંત બનેછે?

ઉ–લખ ધાતુના. લખાવો, લખાવી, લખાવું, લખાયો, લખાઇ, લખાયું, લખાનાર, લખાનારો, લખાનારી, લખાનારૂં, લખાતો, લખાતી, લખાતું, લખાએલો, લખાએલી, લખાએલું, લખાએલ, લખાઇ, લખાઇને, લખાતાં. એમાંનાં ઘણાંરૂપો વપરાતાં નથી, આવ ધાતુનાં, અવાયો, અવાઇ, અવાયું, અવાનાર, અવાનારો, અવાનારી, અવાનારૂં, અવાતો, અવાતી, અવાતું, અવાએલો, અવાએલી, અવાએલું, અવાએલ, અવાઇ અવાઇને, અવાતાં.

પ્ર–આવ ધાતુનાં શક્યભેદનાં રૂપ લખો.

ઉ—કાળ,	પુરુષ.	જાતિ.	વચન.	રૂપ.
વર્તમાનકાળ,	ત્રી. પુ.	નાન્ય. જા.	એકવચન	અવાય
અનિયમિત વર્તમાનકાળ	ત્રી. પુ.	નાન્ય. જા.	,,	અવાય,
વિધિ વર્તમાનકાળ	,,	,,	,,	અવાતું
ભૂતકાળ	,,	,,	,,	અવાયું
અનિમિત ભૂતકાળ	,,	,,	,,	અવાતું
સંકેત ભૂતકાળ	,,	,,	,,	અવાત.
ભવિષ્યકાળ	,,	,,	,,	અવાશે.

પ્ર—અકર્મક ક્રિયાપદના શક્યભેદમાં કયો નિયમ ધ્યાનમાં રાખવો?

ઉ—અકર્મક ક્રિયાપદના શક્યભેદનાં રૂપ ત્રીજે પુરુષ, નાન્યતરજાતિ એકવચનમાંજ લખવાં. કેમકે તેનો ક્રિયાનાથ હમેશાં તે વખતે ભાવ હોય છે, અને ક્રિયાપદનો ભાવ ત્રીજા પુરુષ, નાન્યતર જાતિ ને એકવચનમાંજ રહેછે.

પ્ર—સકર્મક ને અકર્મક ક્રિયાપદ ઓળખવાની રીત લખો.

ઉ—ધાતુ ઉપર નાર પ્રત્યય મૂકી "કોણ" એમ સવાલ પૂછવો, અને વાનું પ્રત્યય મૂકી "શું" એમ સવાલ પૂછવો. જો બંનેના જવાબ એક આવે તો તે ક્રિયાપદ અકર્મક† છે, એમ જાણવું. ને જૂદા જૂદા આવે તો સકર્મક ક્રિયાપદ જાણવું.

પ્ર—કર્ત્તાને કર્મ શોધી કાઢવાની રીત લખો.

ઉ—ધાતુ ઉપર નાર પ્રત્યય મૂકી કોણ સવાલ પૂછવો, ને જે જવાબ આવે, તે કર્ત્તા જાણવો. આવી રીતે સવાલ

---

† **થા** ધાતુમાં એ નિયમ લાગુ પડતો નથી જેમ છોકરો રાજા થયો—એમાં "રાજા" એ કર્મ નથી. એ વાત કર્મની વ્યાખ્યા વાંચ્યાથી સમજાશે.

પૂછતાં પહેલી વિભક્તિનો કર્ત્તા માલમ પડે છે. જો કર્ત્તા ત્રીજીમાં હશે, તો ક્રિયાપદની પહેલાં કોણે મૂકી સવાલ પૂછતાં જે જવાબ આવે તે કર્ત્તા જાણવો. ધાતુ ઉપર વાનું પ્રત્યય મૂકી શું સવાલ પૂછતાં જવાબ આવે તે કર્મ.

પ્ર–કર્ત્તરિ પ્રયોગ ક્યારે થાય?

ઉ–જ્યારે સકર્મકને અકર્મક બંને ક્રિયાપદમાં કર્ત્તા પહેલી વિભક્તિમાં હોય છે, ત્યારે કર્ત્તરિ પ્રયોગ થાય છે.

પ્ર–કર્મણિ પ્રયોગ ક્યારે થાય?

ઉ–સકર્મક ક્રિયાપદનો કર્ત્તા ત્રીજી વિભક્તિમાં આવે છે, ત્યારે કર્મણિ પ્રયોગ થાય છે. સકર્મક ક્રિયાપદ વિધિવર્ત્તમાનકાળમાં અથવા ભૂતકાળમાં જાય છે, ત્યારે પણ ઘણું કરીને કર્મણિ પ્રયોગ થાય છે.

પ્ર–ભાવે પ્રયોગ કયારે થાય?

ઉ–(૧) અકર્મક ક્રિયાપદનો કર્ત્તા કારણાર્થે ત્રીજી અથવા પાંચમી વિભક્તિમાં આવે છે, ત્યારે અકર્મક ક્રિયાપદ ભાવે પ્રયોગમાં આવે છે.

(૨) અકર્મક ક્રિયાપદ વિધિવર્ત્તમાનકાળમાં આવે છે, ત્યારે ભાવે પ્રયોગ થાય છે.

(૩) ભાવ વાચ્ય ક્રિયાપદ ભાવે પ્રયોગમાં આવે છે.

(૪) અકર્મક ક્રિયાપદ શક્યભેદમાં આવે છે, ત્યારે ભાવે પ્રયોગ થાય છે.

પ્ર–સકર્મકને અકર્મક ક્રિયાપદ કયા કયા પ્રયોગમાં આવીશકે?

ઉ–અકર્મક ક્રિયાપદ કર્ત્તરિ ભાવે પ્રયોગમાં, તથા સકર્મક ક્રિયાપદ કર્મણિ ને ભાવે પ્રયોગમાં આવે છે.

પ્ર–અકર્મક ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં ને સકર્મક ક્રિયાપદ ભાવે પ્રયોગમાં આવે એવો એક દાખલો આપો?

ઉ–એવા દાખલા મળેજ નહીં, કેમકે અકર્મક ક્રિયાપદમાં

કર્મ હોતુંજ નથી; તેથી અકર્મક કર્મણિ પ્રયોગ ન થાય તેમજ સકર્મક ક્રિયાપદમાં કર્ત્તા અગર કર્મ એમાંથી એકતો ક્રિયાનાથ હોય ને જ્યારે એમાંથી એક ક્રિયાનાથ હોય, ત્યારે ભાવે પ્રયોગ થાય નહીં, માટે સકર્મક ભાવે પ્રયોગ પણ ન થાય.

પ્ર–કર્ત્તા કર્મ એકજ જાતિનાં હોય ત્યારે ક્રિયાનાથ કેમ ગાંલગ પડે.

ઉ–તેવે ઠેકાણે બીજી જાતિનાં કર્ત્તા કર્મ મૂકવાં, ને જેના પ્રમાણે ક્રિયાપદ ફરે તે તેનો ક્રિયાનાથ જાણવો.

પ્ર–કર્મ કેટલી જાતનાં છે? તેનાં નામ તથા વ્યાખ્યા આપો?

ઉ–બે (૧) અનુપસ્થ (૨) ઉપસ્થ, અનુપસ્થ=(અન્=નહીં. ઉપસ્થ=પાસેનું)=આઘેનું. ઉપસ્થ (ઉપ=પાસે+સ્થ=રહેનાર)=પાસે રહેનાર એટલે ક્રિયાપદની પાસે રહેલું, અથવા ખરૂં કર્મ.

પ્ર–ઉપસ્થ ને અનુપસ્થ કર્મના પદચ્છેદમાં કઈ બાબતપર ધ્યાન રાખવું?

ઉ–અનુપસ્થ કર્મને સંબંધાર્થે બીજી વિભક્તિ કહેવી, અને ઉપસ્થ કર્મને કર્માર્થે પહેલીવિભક્તિ કહેવી, પણ જો અનુપસ્થ કર્મ ઉપસ્થને ઠેકાણે વપરાયતો તેને કર્માર્થે બીબીજી વિભક્તિ કહેવી, જેમ રાજા બ્રાહ્મણને દાન આપે છે. એમાં 'દાન' ઉપસ્થ ને 'બ્રાહ્મણને' અનુપસ્થ કર્મ છે. મહેતાજીએ મને માર્યો. એમાં ઉપસ્થ કર્મ 'માર' છે, તે અધ્યાહાર છે, તેથી 'મને' કર્માર્થે બીજી વિભક્તિ કહેવી.

પ્ર–અનુપસ્થ કર્મ કઇ વિભક્તિમાં આવે?

ઉ–બીજી વિભક્તિમાં આવે.

પ્ર–જાતિદર્શક ક્રિયાપદનો પુરૂષ, અને પુરૂષ દર્શક ક્રિયાપદ

ની જાતિ કઈ કહેવાય?

ઉ–તેઓના ક્રિયાનાથ પ્રમાણે પુરૂષને જાતિ કહેવાય.

પ્ર–જ્યારે ઘણાં ક્રિયાપદ સાથે આવે ત્યારે છેલ્લા ક્રિયાપદનો ક્રિયાનાથ કયો હોય છે?

ઉ–જે મુખ્ય ક્રિયાપદનો ક્રિયાનાથ હોય તેજ છેલ્લા ક્રિયાપદનો ક્રિયાનાથ હોય છે. જેમ મગન રોટલો ખાતો હતો, એમાં 'ખાતો, નો ક્રિયાનાથ મગન છે, માટે હતોનો ક્રિયાનાથ પણ મગન છે.

પ્ર–સહાયકારક ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદની પહેલાં આવે એવા બે દાખલા આપો?

ઉ–તે વાત હું નથી જાણતો. એમાં 'નથી' સહાયકારક ક્રિયાપદ છે. અને "હતી દાહતી દાડી જે અતી." એમાં 'હતી' એ સહાયકારક ક્રિયાપદ પહેલું વપરાએલું છે.

પ્ર–વિધિ વર્ત્તમાનકાળનો, ને કૃદંત નામનો પ્રત્યય કેમ ઓળખાય?

ઉ–જો સંયુક્ત ક્રિયાપદમાં છેલ્લા ક્રિયાપદને વો, વી, વું પ્રત્યય લાગે તો તે વિધિ વર્ત્તમાનકાળનો પ્રત્યય છે, એમ જાણવું, પણ વો, વી, વું પ્રત્યય ઉપર વિભક્તિનો પ્રત્યય લાગી સકે તો તે કૃદંત નામનો પ્રત્યય છે, એમ જાણવું. [જો ન લાગી શકે તો વિધિવર્ત્તમાનકાળનો પ્રત્યય છે એમ જાણવું.]

પ્ર–"છે" વર્ત્તમાનકાળનો પ્રત્યય ક્યારે ગણવો? ને જૂદું ક્રિયાપદ ક્યારે ગણવું?

ઉ–અનિયમિત વર્ત્તમાનકાળની પછી "છે" આવે તો તે વર્ત્તમાનકાળનો પ્રત્યય જાણવો. બીજા બધા કાળના ક્રિયાપદ પછી "છે" આવે તો તે ક્રિયાપદ જાણવું. ને તેનું પદચ્છેદ જૂદું કરવું.

પ્ર-"નથી" ક્રિયાપદના પદચ્છેદમાં કઇ બાબતપર ધ્યાન આપવું ? ને શા કારણથી ?

ઉ-(ન+અસ્તિ)=નાસ્તિ સંસ્કૃત શબ્દ પરથી 'નથી' શબ્દ થયો છે. એ સંસ્કૃત શબ્દમાં એક અવ્યય ને પછી ક્રિયાપદ છે, માટે તેનું પદચ્છેદ 'છે' ક્રિયાપદના જેવું કરવું, પણ તેમાં ધાતુ ન કહેવો- ધાતુને ઠેકાણે છ ધાતુનું અકર્ણ રૂપ કહેવું, કેમકે છ ધાતુ હોવાપણું બતાવે છે; તેનાથી આ રૂપ ઉલટો અર્થ બતાવે છે.

પ્ર-"જોઈએ" સકર્મક ક્રિયાપદ ક્યારે થાય ? ને અકર્મક ક્રિયાપદ ક્યારે થાય ?

ઉ-જે ઠેકાણે જોવાનો અર્થ હોય ત્યાં સકર્મક ક્રિયાપદ થાય છે, ને તે વખતે તેનો ધાતુ "જો" હોય છે. બાકી બીજે ઠેકાણે અકર્મક ક્રિયાપદ થાય છે, ને તેનો ધાતુ "જોઇ" હોય છે, જેમ ચાલો આપણે નકશો જોઇએ. (સકર્મક ક્રિયાપદ "જો" ધાતુ). અમારે બ્રાહ્મણને ફ્કત લાડુ ‡ જોઇએ [અકર્મક ક્રિયાપદ "જોઈ" ધાતુ.]

પ્ર-"જોઇ" ધાતુનાં રૂપાખ્યાપન લખો ?

ઉ-વર્તમાનકાળમાં ત્રીજો પુરૂષ જોઈએ છીએ.

અનિયમિત વર્તમાનકાળમાં ત્રીજો પુરૂષ જોઇએ.

અનિયમિત ભૂતકાળમાં જોઇતો, જોઇતી, જોઇતું.

સંકેત ભૂતકાળમાં જોઇએત.

ભવિષ્યકાળમાં ત્રીજો પુરૂષ જોઇશે.

પ્ર-ભાવવાચ્ય ને ભાવેપ્રયોગનો મુકાબલો કરો.

ઉ-સઘળાં ભાવવાચ્ય ક્રિયાપદ ભાવેપ્રયોગમાં આવે છે, પણ સઘળાં ભાવેપ્રયોગનાં ક્રિયાપદ ભાવવાચ્ય હોતાં ન-

---

‡ **युज्यते**=જોઇએ. એ રૂપ ખપના અર્થમાં વપરાયું છે.

થો, કેમકે ભાવવાચ્ય એ ધાતુનો પ્રકાર છે, ને ભાવેપ્રયોગ એ પ્રયોગનો પ્રકાર છે.

પ્ર–ભૂતકાળમાં કર્મણિ પ્રયોગ ન થાય એવા સકર્મક ધાતુ લખો.

ઉ–અડ, અડક, ચૂક, જમ, પામ, બોલ, ભણ, લાવ, વળગ, શીખ, સમજ ઇત્યાદિ. આવા ધાતુ વિધિ વર્ત્તમાનકાળમાં આવે છે, ત્યારે કર્મણિ પ્રયોગ થાય છે.

પ્ર–ભૂતકાળમાં કર્ત્તરિ ને કર્મણિ બંને પ્રયોગ થાય એવા સકર્મક ધાતુ લખો, ને તેનો ક્યારે કર્ત્તરિ ને ક્યારે કર્મણિ પ્રયોગ થાય ?

ઉ–જ્યારે એવાં ક્રિયાપદનો કર્ત્તા પહેલી વિભક્તિમાં હોય, ત્યારે કર્ત્તરિ ને ત્રીજીમાં હોય, ત્યારે કર્મણિ પ્રયોગ થાય છે. ઉદાહરણ–આચર, કરડ; જાણ, જીત, ડસ, તજ, પરણ, ભાખ, ભૂલ, માંડ, રમ, વ્યાપ, વિસર, હાર, સાંખ ઇત્યાદિ. જેમ મને સરપ કરડ્યો. (કર્ત્તરિ) મને સરપે કરડ્યો (કર્મણિ)

અવ્યય.

પ્ર–અવ્યયના પેટા ભાગ કેટલા છે, તેનાં નામ તથા વ્યાખ્યા આપો.

ઉ–ચાર (૧) ઉભયાન્વયી [૨] શબ્દયોગી [૩] કેવળપ્રયોગી (૪) ક્રિયા વિશેષણ અવ્યય.

[૧] ઉભયાન્વયી અવ્યય [ઉભય= બે+ અન્વય=જોડાવું+ઇ= વાળો)=બે શબ્દ કે બે વાક્ય જોડનારો અવ્યય.

[૨] શબ્દયોગી અવ્યય (શબ્દ+યોગી= જોડાએલો)= જે અવ્યય શબ્દને જોડાએલો છે, ને ક્રિયાપદ સાથે સંબંધ રાખે છે તે.

[૩] કેવળ પ્રયોગી અવ્યય એટલે મનમાં હરખ, શોક, ગભરાટ, નવાઇ, વગેરે ઉપજ્યાથી જે બોલ છૂટા બોલાય છે તે.

(૪) ક્રિયા વિશેષણ અવ્યય એટલે જે શબ્દ વેળા, ઠેકાણું, રીત, ક્રિયા, નકાર વગેરે બતાવતાં છતાં ક્રિયાપદનો ગુણ બતાવે છે તે.

પ્ર—દરેક અવ્યયનાં ઉદાહરણ આપો?

ઉ—ઉભયાન્વયી અવ્યયઃ—અથવા, અને, એટલે, †કદાસ, કદાચ, કદાચિત, કદી, કદાપિ, કિંવા, કે, કેમકે, કેમજે, જે, જો, તથા, તથાપિ, તો, નહીં=તો, નીકર, ને, પણ, માટે, રખે, રખેને, વા, વળી.

કેવળપ્રયોગી અવ્યય—અં, અંઃ, અરરર, અરે, આહા, એ, ઓ, ઓય, ઓયરે, ઓહો, કાં, ખરે, ખરેખર, ખરેખાત, ચુપ, જોજે, થુઃ, પોઇસ, બસ, ભલે, રે, વાહ, વાહવાહ, વાહરેવાહ, વારૂ, વારૂવારૂ, સાચે, હત, હડ, હાયહાય, હાઉં, હાશ, હે, હેં, હો, હાં.

શબ્દયોગી અવ્યયની પહેલાં "ની" આવે એવા દાખલા—અગાઊ, અગાડી, આરપાર, આગળ, આસપાસ, કને, ગોડે, જોડે, પછવાડે, પાછળ, પૂઠળ, પુંઠે, પહેલાં, મેળે, વાંસે, સામું, સામાં, સાથે, પાસે.

જેની પહેલાં ચતુર્થીનો પ્રત્યય 'ને' આવે એવા દાખલા—કાજે, માટે, લીધે, વાસ્તે, સારૂ.

જેની પહેલાં "ના" આવે એવા દાખલા—કરતાં, વડે, વના, વિના, સહિત, સોત, સુદ્ધાં.

વેળા દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય—અત્યારે, એટલામાં, ક્યારે, જ્યારે, ઝટ, ઝટપટ, નિત્ય, પરમ, પરાર, પહોર, વળી, વળતી, હમણાં, ઓણ, કદિ.

ઠેકાણું બતાવનાર—આમ, આગળ, અહીં, ઉંચે, ઉ-

---

† કદાસ, કદાચ, કદાચિત, કદી ને કદાપિ એ અવ્યયો ઉભયાન્વયી નથી પણ ક્રિયા વિશેષણ અવ્યયછે.

પર, કયાં, કહીં, જયાં, જહીં, ત્યાં, તહીં, તળે, દૂર, નીચે, પણે, પાછળ, પાસે, બહાર, માંહે, સાથે, હેઠળ.

રીત દેખાડનાર ક્રિ. વિ. અ.–આમ, એમ, કેમ, જેમ, તેમ, હળવે.

નકાર બતાવનાર ક્રિ. વિ. અ.–ન, નહીં, ના, નો, માં.

નિશ્ચય બતાવનાર ક્રિ. વિ. અ.– જ.

એ સિવાય બીજી ઘણી જાતના અવ્યય છે, જેમ જરા, ઠીક, થોડું, ઘણું, ભલે, સારૂં, અધવચ, અંતરીઆળ, ઉત્પન્ન, સ્વાધીન, તાબે, પ્રગટ, પેદા, સર, રવાને, ઘણુંકરીને, સારીપેઠે ઇત્યાદિ.

પ્ર–એવા અવ્યય આપો કે એક કરતાં વધારે અવ્યયમાં આવી જાય.

ઉ–ઉભયાન્વયી અવ્યયને ક્રિયાવિશેષણ અવ્યયમાં આવે તેવાઃ–પણ, વળી, તો.

પ્ર–એવા અવ્યય આપો કે જે કોઈવાર કાળ ને કોઇવાર સ્થળ બતાવે?

ઉ–"એટલામાં"=એટલા વખતમાં, અથવા એટલી જગ્યામાં "અગાઉ"=પાંચ વરસની અગાઉ (વખત)આગાઉ જાય છે (જગ્યા) "પહેલાં" મારી પહેલાં નિશાળે જાય છે (વખત) મારા પહેલાં જાય છે (જગ્યા) "આગળ" મારી આગળ પા કલાક આવ્યો (વખત) મારી આગળ થયો (જગ્યા)

પ્ર–કેવળપ્રયોગી ને શબ્દયોગી અવ્યયનો મુકાબલો કરો?

ઉ–કેવળપ્રયોગી અવ્યય વાક્યમાં શબ્દના કોઈ પણ વર્ગની જોડે સંબંધ રાખતો નથી, પણ સઘળાથી છૂટો બોલાય છે, અને શબ્દયોગી અવ્યય તો ક્રિયાપદ, કેવળપ્રયોગી અવ્યય ને ઉભયાન્વયી અવ્યય સિવાય સઘળા શબ્દ સા-

થે સંબંધ રાખે છે.

પ્ર-નામ, સર્વનામ, વિશેષણ, કૃદંત અને અવ્યયની સાથે શબ્દયોગી અવ્યય આવે એવો દાખલો આપો.

ઉ-મગનની સાથે (નામ). તેની જોડે (સર્વનામ). ભલાની પાસે (વિશેષણ). માર્યા વિના [કૃદંત]. અત્યારસુધાં (અવ્યય).

પ્ર-કેવળપ્રયોગી ને ક્રિયાવિશેષણ અવ્યય શું બતાવે છે?]

ઉ-કેવળપ્રયોગી અવ્યય મનમાં હરખ, શોક, ગભરાટ, નવાઇ વગેરે બતાવે છે, ને ક્રિયા વિશેષણ અવ્યય વેળા, ઠેકાણું, રીત, ક્રિયા, નકાર, નિશ્ચય વગેરે બતાવે છે.

પ્ર-જે, જો, નહીંતો, વળી, વા, ઉભયાન્વયી અવ્યય થાય, એવા દાખલા આપો?

ઉ-જે,-લખવા કારણ એ છે જે. જો-જો તમે જશોતો હું આવીશ. નહીંતો-તમે જાઓ નહીંતો ખરાબી થશે. વળી-તે ડાહ્યો છે વળી મહેનતુ છે. વા-કંજુસ વા, ઉદાર.

પ્ર-વળી શબ્દનું પદચ્છેદ કેટલી રીતે થાય છે? તે દાખલા આપી સમજાવો.

ઉ-પાંચ રીતે. નામ—છાપરાની 'વળી'. ક્રિયાપદ-ગાય પાછી "વળી". કૃદંત અવ્યય-કાગળ "વળી" ગયો. ઉભયાન્વયી અવ્યય-તે ડાહ્યો છે "વળી" મહેનતુ છે. ક્રિયાવિશેષણ અવ્યય-જો તું 'વળી' વધારે ખાઈશ, તો માંદો પડીશ.

વિભક્તિઓના અર્થ.

પ્ર-વિભક્તિના અર્થ એ વ્યાકરણના કયા ભાગનો વિષય છે? ને હોપસાહેબે કયા ભાગમાં ગણ્યો છે?

ઉ-વાક્ય વિચારમાં વિભક્તિના અર્થ સંબંધી વિચાર આપ-

વો જોઇએ. હોપ સાહેબે શબ્દ વિચારના પેટામાં ગણ્યોછે.

પ્ર–પહેલી વિભક્તિ શા શા અર્થમાં આવે છે ?

ઉ–કર્ત્તા, કર્મ, સંબોધન, પરિમાણ, જગ્યા, તથા વખત બતાવનાર શબ્દ ને પહેલી વિભક્તિ લાગે છે. જેમ કર્ત્તાઃ—છોકરો કામ કરે છે. કર્મ તે ચોપડી વાંચે છે. સંબોધન—હે ઇશ્વર તેં દુનિઆ સરજી.

પરિમાણ–તે ચાર ગાઉ ચાલ્યો. જગ્યા—તે અમદાવાદ જાય છે. વખત—દરરોજ ઓછામાં ઓછું છ કલાક ઉંઘવું જોઇએ.

પ્ર–કર્ત્તા, કર્મ, સંબોધન, પરિમાણ એ શબ્દનો અર્થ શો?

ઉ–કર્ત્તા=ક્રિયાનો કરનાર. કર્મ=ક્રિયાનો ખમનાર અથવા કર્ત્તાનું ઉપજાવેલું ફળ. સંબોધન (સં=સારી રીતે+બુધ્=જાણવું+અન=ક્રિઆ બતાવનાર પ્રત્યય)=સારી રીતે જાણીતો કરવો. (બોલાવવાની પેઠે કરવું). પરિમાણ=માપ.

પ્ર–સંબોધન ઓળખવાની રીત લખો.

ઉ–(૧)તે શબ્દ વાક્યમાં કર્ત્તા કે કર્મ બીલકુલ થાયજ નહીં, પણ એ વાક્યનો કર્ત્તા હમેશાં બીજા પુરૂષમાં હોય છે. (૨) સંબોધનવાળા શબ્દની પહેલાં કેવળ પ્રયોગી અવ્યય હોય છે, કે અધ્યાહાર રહેલો હોય છે. (૩) સંબોધનમાં વપરાએલો શબ્દ વાક્યના કોઇ શબ્દ જોડે સંબંધ રાખતો નથી. (૪) જ્યારે ઓકારાંત નર ને ઉંકારાત નાન્યતર જાતિનું નામ સંબોધનમાં વપરાય છે, ત્યારે તેને છેડે આ થઇ જાય છે.

પ્ર–પહેલી વિભક્તિ ને સંબોધનનો મુકાબલો કરો?

ઉ–સંબોધનને પહેલી વિભક્તિનો પેટાભાગ હોપસાહેબે ગણેલ છે, પણ એ બેનાં રૂપમાં કાંઇક તફાવત છે, કેમકે શબ્દનું મૂળરૂપ તે પહેલી વિભક્તિ ગણાય છે,

પણ પહેલા પ્રકારનું નામ સંબોધનના અર્થમાં વપરાય-છે, ત્યારે તેને છેડે આ થાય છે. બીજા પ્રકારનું નામ સંબોધનના અર્થમાં વપરાય છે, ત્યારે તેમાં કાંઇ ફેરફાર થતો નથી, પણ મૂળરૂપ રહે છે. સંસ્કૃતમાં તો સંબોધનનું રૂપ જૂદુંજ ગણેલું છે.

પ્ર–બીજી વિભક્તિ શા શા કામમાં આવે છે? તે ઉદાહરણ સાથે લખો.

ઉ–કર્મ હોય ત્યારે, સંબંધાર્થે અથવા બીજા કારણોને લીધે શબ્દને બીજી વિભક્તિ લાગે છે. સંબંધાર્થે તેણે બ્રાહ્મણને દાન દીધું. કર્મ તેણે મગનને કહ્યું.

પ્ર–ત્રીજી વિભક્તિ શા શા કામમાં આવે છે? તે બરાબર દાખલા સાથે લખો.

ઉ–કર્ત્તા, કરણું, કારણ, પરિમાણ, મૂલ, અંગવિકાર, સાહિત્ય ને અધિકરણ એ શબ્દ જણાવનારને ત્રીજી વિભક્તિ લાગેછે. કર્ત્તા—શેઠે ચાકરને દશ રૂપિઆ આપ્યા. કરણઃ—ગોવાળ લાકડીએ ઢોરને હાંકેછે. કારણ—સરદીએ માણસ ઘણાં આજારી પડેછે, પરિમાણ—રેલવેની ગાડી દરકલાકે દશ માઈલ ચાલેછે. મૂલ—બાજરી અઢી રૂપિએ મણ છે. અંગવિકાર—તે આંખે આંધળો છે. સાહિત્ય—મગનલાલ પાંચ માણસે આવ્યો. અધિકરણ—ભીંતે કક્કાનો કાગળ ચોડ.

પ્ર–અધિકરણ, કારણ, કરણ, સાહિત્ય એ શબ્દોનો અર્થ શો? તથા તેને ઓળખવાની રીત લખો.

ઉ–અધિકરણ—તે બે જાતનું છે. વખતનું, ને જગ્યાનું. એ ઓળખવાની સહેલી રીત–વાક્યની અંદર જે ક્રિયાપદ હોય, તેની પહેલાં "ક્યાં શબ્દ મૂકી પ્રશ્ન પૂછવાથી જગ્યાનું" ને "કેટલામાં" શબ્દ મૂકી પ્રશ્ન પૂછવાથી વખતનું અધિકરણ ઘણું કરીને જણાયછે. કરણ=કોઇ ક્રિયા જેનાવડે થાય તે શબ્દ કરણાર્થે

કહેવાય. કારણ–[સબબ, હેતુ] વાક્યની અંદર જે ક્રિયા કરવાની હોય તે જેમાંથી ઉત્પન્ન થાય તે કારણાર્થે કહેવાય. સાહિત્ય એટલે સામગ્રી. તૈયારી, અથવા તૈયાર કરેલી ચીજો.

પ્ર–પાંચમી વિભક્તિ શા અર્થમાં વપરાય છે?

ઉ–અપાદાન [અવધિ, વિયોગ, ન્યુનાધિકતા] કરણ, કારણ વગેરે જણાવનાર શબ્દને પાંચમી વિભક્તિ લાગે છે. અવધી—આ ઘરથી પેલું ઘર સો કદમ દુર છે. વિયોગ—તું અમદાવાદથી મુંબઈ જાય છે? ન્યુનાધિકતા—આ વર્ગથી પેલો વર્ગ સારો છે. કરણ—સ્કાલરો લેખાં પાટીઆપર ચાકથી ગણે છે. કારણ–કોલેરાના બુરા રોગથી રાજકોટમાં ઘણાં માણસ મરણ પામ્યાં.

પ્ર–છઠ્ઠી ને સાતમી વિભક્તિ શાશા અર્થમાં આવે છે?

ઉ–છઠ્ઠી વિભક્તિ સંબંધ બતાવવાના કામમાં આવે છે, ને સાતમી અધિકરણના કામમાં આવે છે.

પ્ર–બીજી વિભક્તિઓ પણ સંબંધ બતાવવાના કામમાં આવે છે, તે છતાં છઠ્ઠી વિભક્તિનો એ વિશેષ અર્થ શા માટે રાખ્યો?

ઉ–તે વિભક્તિ આગલા નામની જાતિ વચન પ્રમાણે પોતાનાં રૂપ ફેરવે છે, માટે તે સંબંધાર્થે ગણાય છે.

પ્ર–એક અર્થ એક કરતાં વધારે વિભક્તિમાં આવતો હોય, તે અર્થ, ને તે કઇ કઇ વિભક્તિમાં આવે છે? તે લખો.

ઉ–કર્ત્તા–પહેલી ને ત્રીજીમાં. કર્મ–બીજી ને પહેલીમાં. સંબંધાર્થ–બીજી ને છઠ્ઠીમાં. પરિમાણ–પહેલી ને ત્રીજીમાં. અધિકરણ–પહેલી, ત્રીજી, ને સાતમીમાં. કરણ–ત્રીજી ને પાંચમીમાં. કારણ–ત્રીજી ને પાંચમીમાં.

પ્ર–વિભક્તિઓના અર્થ જાણવા માટે કઈ કઈ બાબતપર ધ્યાન આપવું?

ઉ–પ્રથમ આખું વાક્ય વાંચી જવું, તેમાં શી ક્રિયા કરવી છે, તે નક્કી કરવું, એટલે તેનો કર્ત્તા, કર્મ. કારણ વગેરે ઝટ માલમ પડશે. આ રીતે ક્રિયાપદ જોડે સંબંધ રાખનારી સઘળી વિભક્તિઓના અર્થ માલમ પડશે. ફક્ત છઠ્ઠી વિભક્તિનો અર્થ માલમ નહીં પડે, પણ તે અર્થ તો સહેલો છે.

વાક્ય વિચાર.

પ્ર–વાક્ય કેટલી જાતનાં છે? તેનાં નામ તથા વ્યાખ્યા આપો?

ઉ–બે જાતનાં છે (૧) એકાકી (૨) સંયુક્ત એકાકી વાક્ય=જે વાક્યમાં ઓછામાં ઓછા (અકર્મક ક્રિયાપદ હોય તો) એક કર્ત્તા ને એક ક્રિયાપદ નક્કી હોય. અને સકર્મક હોય તો તેમાં ત્રણ શબ્દ હોય. જેમ તેણે કામ કર્યું. સંયુક્ત વાક્ય=જે વાક્ય એક કરતાં વધારે એકાકી-વાક્ય મળીને થયેલું હોય તે. જેમ મગનલાલે ઠાકોરને કહ્યું કે, આપણે ફરવા જઇશું?

પ્ર–એકાકી વાક્યના કેટલા મોટા ભાગ છે? તેનાં નામ દો.

ઉ–(૧) કર્ત્તા. (૨) કર્મ. (૩) ક્રિયાપદ.

પ્ર–કર્ત્તાને કર્મ એટલું શું?

ઉ–કર્ત્તા=ક્રિયાનો કરનાર અથવા જે શબ્દ કરનારની પેઠે ક્રિયાપદનાં રૂપ, પોતાનાં જાતિ, વચન ને પુરૂષ પ્રમાણે ફેરવે છે તે. કર્મ=ક્રિયાનો ખમનાર અથવા કર્ત્તાનું ઉપજાવેલું ફળ, જ્યારે સકર્મક ક્રિયાપદનો કર્ત્તા ત્રીજી વિભક્તિમાં હોય છે, ત્યારે જે શબ્દ પ્રમાણે ક્રિયાપદનાં રૂપ ફરે છે, તે કર્મ જાણવું.

પ્ર–કર્ત્તા અને ક્રિયાનાથનો મુકાબલો કરો?

ઉ–કર્ત્તા=ક્રિયાનો કરનાર. ને ક્રિયાનાથ=ક્રિયાપદનાં જાતિ,

વચન, ને પુરૂષ જેના પ્રમાણે ફરેછે તે. કર્તા તો હમેશાં ક્રિયા કરનાર હોય, અને ક્રિયાનાથ તો ક્રિયા કરનાર કે ક્રિયા ખમનાર (કર્ત્તા કે કર્મ) એમાંથી ગમે તે હોય. જ્યારે કર્ત્તા પહેલીમાં હોય ત્યારે ક્રિયાનાથ હોય છે.

પ્ર-કર્મને ક્રિયાનાથનો મુકાબલો કરો.

ઉ-કર્મ=ક્રિયાનો ખમનાર અથવા કર્ત્તાનું ઉપજાવેલું ફળ. પણ ક્રિયાનાથ=ક્રિયાપદનાં જાતિ, વચન, પુરૂષ જેના પ્રમાણે બદલાય છે તે. કર્મ સઘળી વખત ક્રિયાનાથ હોય નહીં, પણ જ્યારે સકર્મક ક્રિયાપદનો કર્ત્તા ત્રીજી વિભક્તિમાં હોય, ત્યારે તે ક્રિયાનાથ હોય છે.

પ્ર-વાક્યમાં શબ્દ ગોઠવવાની રીત લખો ?

ઉ-ઘણું કરીને પંહેલો કર્ત્તા, પછી કર્મ, ને છેલે ક્રિયાપદ આવે છે.

પ્ર-અધ્યાહાર એટલે શું?

ઉ-હરેક માણસ કોઇ પ્રસંગે ઉતાવળે કે બીજા સબબથી એવી રીતે બોલે છે અથવા લખે છે કે બોલવામાં અથવા લખવામાં શબ્દ પ્રત્યય વગેરે રહી જાય છે અથવા આગલા વાક્યમાં બોલેલા કેટલાક શબ્દો પાછલા વાક્યોમાં બોલાતા નથી, પણ આગલા પાછલા પ્રસંગ ઉપરથી વાંચનાર તથા સાંભળનાર સમજી લે છે. તે સમજનું નામ અધ્યાહાર છે.

પ્ર-સર્વનામ, ક્રિયાપદ, અવ્યય, કે પ્રત્યયો નો અધ્યાહાર હોય એવા દાખલા આપો ?

ઉ- વાક્ય	અધ્યાહાર.
જાઓ પછાડી આવું છું.	હું (સર્વનામ)
શેઠ તે શેઠ ને ચાકર તે ચાકર.	જાણવો (ક્રિયાપદ)
તે કામ કરવાને ગયો.	સારૂ (અવ્યય)

ઘર આગળ પૂછશો.   ની (છઠ્ઠીનો પ્રત્યય)

પ્ર—નામને વિશેષણના નિયમ દાખલા સાથે લખો?

ઉ—નામનો પહેલો નિયમ—જ્યારે ઘણાંએક નામ એક બીજા સાથે સંબંધ રાખે છે, અને તેઓને સરખી રીતે વિભક્તિ તથા શબ્દયોગી અવ્યય લાગુ પડે છે, ત્યારે છેલા નામની સાથે તે અવ્યય કે વિભક્તિ જોડયાથી પણ અર્થમાં કાંઇ ફેર પડશે નહીં. જેમ—મગનલાલ, રણછોડ, ને મથુરની સાથે રહેવાગાં કાંઇ ફળ નથી.

નામનો બીજો નિયમ—જ્યારે ઘણાંએક નામ એક બીજા સાથે સંબંધ રાખે છે. અને તેઓને સરખી રીતે વિભક્તિ તથા શબ્દયોગી અવ્યય લાગુ પડે છે, ત્યારે સઘળાં નામને જે વિભક્તિ લાગી હોય તે વિભક્તિના પ્રત્યયલોપ કરીને " એ " વિશેષણના બહુવચનને વિભક્તિ તથા શબ્દયોગી અવ્યય જોડયાથી પણ ચાલશે. જેમ મગનલાલ, રણછોડ, ને મથુર એમની પાસે રહેવાગાં કાંઇ ફળ નથી.

વિશેષણનો પહેલો નિયમઃ—વિશેષ્યનાં જાતિ વચન પ્રમાણે વિશેષણને જાતિ વચન લાગે છે, પણ વાકયમાં વિશેષ્ય હાજર હોય તો વિભક્તિના છૂટા પ્રત્યય જતા રહે છે. જેમ રાતા ઘોડાને.

[૨] એકથી વધારે વિશેષ્ય જુદી જુદી જાતનાં હોય તો તેમનું વિશેષણ ઘણું કરીને નાન્યતર જાતિના બહુવચનમાં વપરાય છે. જેમ પાઘડી, અંગરખું ને દુપટો સારાં છે.

(૩) માન આપવા સારૂ હર કોઇ જાતિનું એકવચનનું નામ હોય તો તેને બદલે બહુવચનમાં બોલવાની રીત છે, પણ નારી જાતિનું વિશેષ્ય હોય તો તેનું વિશેષણ નાન્યતર જાતિમાં આવે છે. જેમ મારા બાપ સારા છે. મા

શાં માસી સારાં છે.

(૪) એકજ અથવા જુદી જુદી જાતિનાં બે અથવા વધારે નામના ગુણ દેખાડનારાં વિશેષણ તેમની પાસેનાજ નામની સાથે સંબંધ રાખે છે. જેમ અહીં જો ડાહ્યો પુરૂષ કે સ્ત્રી હોય.

પ્ર-વિશેષણનો બીજો ને ચોથો નિયમ એક રીતે લખો.

ઉ-એકજ જાતિનાં ઘણાં વિશેષ્ય હોય ત્યારે તેમનું વિશેષણ તેજ જાતિના બહુવચનમાં આવેછે અગર પાસેના નામ પ્રમાણે જાતિ વચન વિશેષણને લાગે છે, પણ જ્યારે જૂદી જૂદી જાતિનાં ઘણાં વિશેષ્ય હોય ત્યારે તેમનું વિશેષણ નાન્યતર જાતિનાં બહુવચનમાં આવે છે, અથવા પાસેના વિશેષ્ય પ્રમાણે વિશેષણને જાતિ વચન લાગે છે.

પ્ર-ક્રિયાપદને પુરૂષ જાતિ અને વચન કોનાં લાગે છે?

ઉ-ક્રિયાપદને તેના ક્રિયાનાથ પ્રમાણે જાતિ વચનને પુરૂષ લાગે છે.

પ્ર-તેણે કામ કર્યું હશે એમાં હશેનો ક્રિયાનાથ કયો ? તેને ઓળખવાની સહેલી રીત લખો.

ઉ-જ્યારે ઘણાં ક્રિયાપદો સાથે આવે છે, ત્યારે તે સઘળાં ક્રિયાપદોનો ક્રિયાનાથ એકજ હોય છે. માટે કર્યું એ ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદ છે, તેનો ક્રિયાનાથ કામ છે, માટે હશેનો ક્રિયાનાથ પણ કામ છે.

પ્ર-ક્રિયાપદ ત્રીજા પુરૂષમાં કયારે આવે?

ઉ-કર્મણી પ્રયોગવાળું ક્રિયાપદ ત્રીજાજ પુરૂષમાં આવે છે.

(૨) ક્રિયાનાથ ત્રીજા પુરૂષમાં હોય, ત્યારે ક્રિયાપદ ત્રીજા પુરૂષમાં આવે છે.

પ્ર-કર્ત્તરિ કર્મણિ, ને ભાવે પ્રયોગ કયારે થાય? ને તે વખતે કર્ત્તા કઈ કઇ વિભક્તિમાં હોય છે?

ઉ–જ્યારે ક્રિયાનાથ કર્ત્તા હોય છે, ત્યારે કર્ત્તરિ. ને ક્રિયાનાથ કર્મ હોય છે, ત્યારે કર્મણિ પ્રયોગ થાય છે. અને કર્ત્તા કે કર્મ ક્રિયાનાથ ન છતાં ક્રિયાપદનો ભાવ ક્રિયાનાથ હોય છે, ત્યારે ભાવે પ્રયોગ થાય છે. કર્ત્તરિ પ્રયોગમાં કર્ત્તા પહેલી વિભક્તિમાં હોય છે. કર્મણિ પ્રયોગમાં કર્ત્તા ત્રીજી વિભક્તિમાં હોય છે, ને ભાવે પ્રયોગમાં કર્ત્તા કારણાર્થે ત્રીજી અગર પાંચમી વિભક્તિમાં હોય છે.

પ્ર–કર્ત્તરિ તથા કર્મણિ પ્રયોગમાં કર્મ કઇ કઈ વિભક્તિમાં હોય છે?

ઉ–કર્મ પહેલી અગર બીજી વિભક્તિમાં હોય છે જેમ તે કામ કરે છે (પહેલી) મહેતાજીએ 'મને' બોલાવ્યો (બીજી)

પ્ર–જ્યારે ક્રિયાનાથ જૂદા જૂદા પુરૂષ સર્વનામ હોય, ત્યારે ક્રિયાપદ કયા પુરૂષમાં આવે છે?

ઉ–જ્યારે ક્રિયાનાથ ઘણા હોય, ને તે જૂદા જૂદા પુરૂષના હોય, ત્યારે તે ક્રિયાનાથોમાં પહેલો પુરૂષ હોય, તો ક્રિયાપદ પહેલા પુરૂષના બહુવચનમાં. પહેલો ન હોય ને ફક્ત બીજા તથા ત્રીજા પુરૂષના હોય. તો બીજા પુરૂષના બહુવચનમાં આવે છે. જેમ હું ને તું જઇશું. હું ને તે જઇશું. તું ને તે જજો.

પ્ર–ક્રિયાનાથ જૂદી જૂદી જાતિના હોય ત્યારે ક્રિયાપદ કઇ જાતિ વચનમાં આવે છે?

ઉ–એ વખતે ક્રિયાપદ નાન્યતર જાતિના બહુવચનમાં આવે છે. જેમ મામો, મામી, છોકરી, વગેરે આવ્યાં.

પ્ર–ક્રિયાનાથ એકવચનમાં હોય, પણ તેને માન આપીને બોલાવીએ, તો ક્રિયાપદના રૂપમાં શો ફેરફાર થાય?

ઉ–હરકોઇ જાતિનો ક્રિયાનાથ હોય તો પણ તેને માન આપીને બોલાવીએ તો ક્રિયાપદ બહુવચનમાં આવેછે, પણ

ક્રિયાનાથ નારિ જાતિનો હોય, તો ક્રિયાપદ નાન્યતર જાતિના બહુવચનમાં આવે છે. જેમ મારી મા સારાં થયાં. મહારાજ પધાર્યાં.

પ્ર–મૂળભેદના ક્રિયાપદને શકયભેદમાં લાવતાં શો ફેરફાર થાયછે?

ઉ–મૂળભેદનું સકર્મક ક્રિયાપદ શકયભેદમાં આવે તો પ્રથમનો કર્ત્તા કારણ થાય છે, ને કર્મ શકયભેદવાળા ક્રિયાપદનો કર્ત્તા થાય છે. જેમ મેં તેને બોલાવ્યો. એમાં મેં કર્ત્તા ને તેને કર્મ છે. આ વાક્યને શકયભેદમાં લાવતાં મારાથી તે બોલાવાયો એવું વાક્ય બન્યું. એટલે 'મેં' ને બદલે 'મારાથી' કારણાર્થે થયું, 'તે' કર્મ હતું એને બદલે કર્ત્તા થયો. મૂળભેદનું અકર્મક ક્રિયાપદ શક્યભેદમાં આવે તો પ્રથમનો કર્ત્તા કારણ થાયછે, ને ભાવ ક્રિયાનાથ થાય છે. જેમ હું બેઠો. મારાથી બેસાયું. એમાં પહેલા વાક્યમાં 'હું' કર્ત્તા, ને બીજા વાક્યમાં કારણ થયો, અને બેસાયુંનો ક્રિયાનાથ ભાવ થયો.

પ્ર–કોઈ વિશેષણ અકર્મક ક્રિયાપદનો ગુણ બતાવે, ને તે જ્યારે ક્રિયાવિશેષણ અવ્યય થાય, ત્યારે તે કઇ જાતિ વચનમાં આવે છે? તે દાખલા સાથે લખો.

ઉ–એવે વખતે નાન્યતર જાતિના એકવચનમાં આવે છે. જેમ છોકરો ઘણું દોડયો. આ વાકયમાં ઘણું ક્રિયાવિશેષણ અવ્યય છે, પણ છોકરો ઘણો દોડયો. આ વાક્યમાં ઘણો વિશેષણ છે.

પ્ર–નીચેનાં વાક્ય ખરાં છે કે ખોટાં? ને ખોટાં હોય તો સુધારો. ને સુધારવાના નિયમ લખો.

(૧) ગાયનું, બકરીનું ને ભેંસનું દૂધ માણસના ઉપયોગમાં આવે છે. (ખોટું) ગાય, બકરી, ને ભેંસનું દૂધ માણસના ઉપયોગમાં આવે છે (ખરૂં) નામના પહે-

લા નિયમ પ્રમાણે.

(૨) સાધુ સાધવી બહુ નઠારો નીકળ્યો. (ખોટું) સાધુ સાધવી બહુ નઠારાં નીકળ્યાં (ખરૂં). વિશેષણના બીજા નિયમ પ્રગાણે.

(૩) તમે ઉદ્યોગ કે નશીબને મોટાં માનો છો. [ખોટું] તમે ઉદ્યોગ કે નસીબને મોટું માનો છો? (ખરૂં) વિશેષણના ચોથા નિયમ પ્રમાણે.

(૪) રામચંદ્ર સીતા સહિત સીધાવ્યો. (ખોટું) રામચંદ્ર સીતા સહિત સીધાવ્યા. (ખરૂં) ક્રિયાપદના ૫ મા નિયમ પ્રમાણે.

(૫) સ્ત્રીઓ ને પુરૂષો પોત પોતાના ધર્મ સમજવા લાગ્યાં (ખરૂં)

(૬) તેણે મને વાત કરતાં મુર્છા પામ્યો. (ખોટું) તેણે મને વાત કરતાં મુર્છા પમાડી. (ખરૂં) ક્રિયાપદના પહેલા નિયમ પ્રગાણે. (હો. વ્યા. કલગ ૯૫)

(૭) હું તેની સાથે જઇએ છીએ (ખોટું) હું તેની સાથે જાઉંછું. (ખરૂં) ક્રિયાપદના ૧ લા નિયમ પ્રમાણે.

(૮) તું ને તે કાલે જાય છે? (ખોટું) તું ને તે કાલે જાઓ છો? (ખરૂં) ક્રિયાપદના ચોથા નિયગ પ્રમાણે.

(૯) ન્યાય શાસ્ત્ર એ ષડ્ દર્શનનો ભાગ ગણાય છે (ખરૂં)

(૧૦) તેનાથી ચોપડી લખાઇ (ખરૂં)

(૧૧) છોકરો પડી જવાયું (ખોટું) છોકરાથી પડી જવાયું (ખરૂં) ક્રિયાપદના સાતમા નિયમ પ્રમાણે.

પ્ર—વાક્ય પ્રથક્=કૃતિ એટલે શું?

ઉ—વાક્ય પ્રથક્ કૃતિ (વાકય=પ્રથક=જુદું+કૃતિ=કરવાપણું)= વાકયના ભાગ કરવાપણું. એટલે વાક્યમાં આવેલા શબ્દના તેના સંબંધ પ્રગાણે ભાગ કરી બતાવવા તે.

પ્ર-વાક્યના કેટલા ભાગ છે? તેનાં નામ તથા વ્યાખ્યા આપો.
ઉ-બે (૧) કર્ત્તૃપક્ષ. (૨) ક્રિયાપક્ષ વાક્યની અંદર જેના વિષે વિચાર કરવાનો હોય, તેને કર્ત્તૃપક્ષ કહેછે, અને કર્ત્તૃપક્ષ સંબંધી જે વિચાર કરવાનો હોય તેને ક્રિયાપક્ષ કહે છે.
પ્ર-એકાકી વાક્યની પ્રથક્=કૃતિ કરવાના નિયમ લખો.
ઉ-પ્રથમ બે ખાનાં પાડવાં (૧) કર્ત્તૃપક્ષ. (૨) ક્રિયાપક્ષ. ક્રિયાપક્ષના ખાનામાં ત્રણ ખાનાં પાડવાં. (૧) ક્રિયાપૂર્ણી કે કર્મનું (૨) ક્રિયાપદનું (૩) ક્રિયા વૃદ્ધિનું. કર્ત્તૃપક્ષના ખાનામાં કર્ત્તા ને મૂકવો, અને તેનાં વિશેષણ તથા તેની સાથે સંબંધ રાખનાર શબ્દોને પણ તેજ ખાનામાં મૂકવા. ક્રિયાપૂર્ણીના ખાનામાં ઉપસ્થ તથા અનુપસ્થકર્મ અને તેની સાથે સંબંધ રાખનાર શબ્દોને મૂકવા. જેમ તે રાજા થયો. તે ચાકર હતા. આ વાક્યોમાં રાજા અને ચાકર ક્રિયાપૂર્ણીના શબ્દોછે. ક્રિયાપદના ખાનામાં મુખ્ય અને સહાયકારક ક્રિયાપદ હોય તે લખવાં. ક્રિયા વૃદ્ધિના ખાનામાં ક્રિયાનો ગુણ, પ્રકાર, સ્થળ, રીત, કારણ વગેરે બતાવનાર શબ્દો માલમ પડે તે લખવા.
પ્ર-સંયુકત વાક્યની પ્રથક્ કૃતિ શી રીતે કરવી?
ઉ-હરકોઇ સંયુક્ત વાક્યની પ્રથક્=કૃતિ કરવી હોય તો કેટલાં વાક્ય મળીને તે થયેલું છે, તે વાક્યો **अ, ब, क, ड** વગેરે અક્ષરોને અનુક્રમે લખવાં, તથા તે દરેક વાક્યો કયા શબ્દોથી સંધાએલાં છે, તે તેની નીચે બતાવવું. પછી દરેક વાક્યની જૂદી જૂદી પ્રથક્=કૃતિ એકાકી વાક્યના નિયમ પ્રમાણે કરવી.

પરચુરણ પ્રશ્ન.

પ્ર-ક્ષ ને જ્ઞ જોડાક્ષર છે કે મૂળાક્ષર? તેને કોઇ મૂળાક્ષર-

માં લખે છે તેનું કારણ શું?

ઉ–તે જોડાક્ષર છે, કેમકે ક્+ષ્ મળીને ક્ષ થયો છે, ને જ્ ને ઞ મળીને જ્ઞ થયો છે. પણ તેના રૂપ ઉપરથી તે જોડાક્ષર છે એમ વરતાતું નથી. માટે તેને કેટલાક મૂળાક્ષરમાં ગણે છે, પરંતું ખરૂં જોતાં તે જોડાક્ષર છે.

પ્ર–સ, ત, ને ર કયારે જોડાય? ને તે વખતે તેનું રૂપ કેવું લખાય?

ઉ–સ ને ત બંને આવા (સ્, ત્) ખોડા હોય, ત્યારે સ, ત ને ર જોડાય છે, તે વખતે તેનું રૂપ 'સ્ત્ર' લખાય છે.

પ્ર–ગૂજરાતી ભાષામાં જોડાક્ષર આવે, એવા પાંચ છ દાખલા આપો.

ઉ–કયારે, બુદ્ધિ, શાસ્ત્રી, વિસ્તાર, યુક્તિ, યાત્રા.

પ્ર–એવા શબ્દનાં વાકય આપો કે જેનું પદચ્છેદ સર્વનામ થાય, ને ક્રિયાપદ થાય ?

ઉ–તું મને કાગળ **આપ** (ક્રિયાપદ) **આપ** પધારશો (સર્વનામ.)

પ્ર–પ્રત્યય ને વિભક્તિના પ્રત્યયમાં શો તફાવત છે?

ઉ–પ્રત્યય ઘણી જાતના છે. કેટલાએક નામ કરનારા, કેટલાએક જાતિના. કેટલાએક કૃદંતના, માટે વિભક્તિના પ્રત્યય એ પ્રત્યયનો એક પેટા ભાગ છે.

પ્ર–ઘરમાંનો તથા ઘરનો અને તેનામાં તથા તેમાં એના પદચ્છેદમાં શો તફાવત છે?

ઉ–ઘરમાંનો એ સાતમી સાથે છઠ્ઠી વિભક્તિનું એકવચન છે, અને ઘરનો એ ફક્ત છઠ્ઠીનું એકવચન છે. તેનામાં એ છઠ્ઠી સાથે સાતમી વિભક્તિનું એકવચન છે. તેમાં એ સાતમીનું એકવચન છે.

પ્ર–કાપડ, પાણી કોઈ વખત બહુવચનમાં વપરાય કે નહીં?

ને વપરાય તો કેવા અર્થમાં તે દાખલા આપી સમજાવો.

ઉ–જ્યારે જૂદી જૂદી જાતનું કાપડ કે પાણી બતાવવું હોય. ત્યારે બહુવચનના અર્થમાં વપરાય છે. જેમકે ફ્રેન્ચ જર્મન ને અમેરિકાનાં કાપડ બહુ સારાં આવે છે, ઘાટ ઘાટનાં પાણી પીને માંદો થયો. એમાં કાપડ ને પાણી બહુવચનમાં વપરાએલાં છે, કેમકે જૂદી જૂદી જાત બતાવે છે.

પ્ર–જે શબ્દનું એકવચન ને બહુવચનનું રૂપ એક સરખું થતું હોય, તેવા પાંચ દાખલા આપો.

ઉ–પાણી, ગઢ, સાંતી, ઘાંચી. હાથી.

પ્ર–બીજા પ્રકારનાં ઉકારાંત નામ અને વિશેષણ લખો.

ઉ–ઉકારાંત નામ જેમ લાડુ, કાજુ, સાધુ, જૂ, એ ઉકારાંત નામ બીજા પ્રકારનાં છે. તેમજ માયાળુ, દયાળુ, હિતેચ્છુ એ બીજા પ્રકારનાં વિશેષણ છે.

પ્ર–જાતિ પ્રમાણે ફરે નહીં એવાં અકારાંત ને ઉકારાંત વિશેષણના પાંચ દાખલા આપો.

ઉ–અકારાંત–લાલ, સફેદ, નક્કર, કઠણ, બરડ. ઉકારાંત— માયાળુ, દયાળુ, હિતેચ્છુ, કૃપાળુ.

પ્ર–કોઇ વાક્યમાં ક્રિયાનાથ શી રીતે ઓળખાય?

ઉ–આપેલા વાક્યોમાં કર્ત્તા કર્મ કોણ છે, તે ખોળી કાઢવું, પછી એ બંનેમાં કોના પ્રમાણે ક્રિયાપદ ફરે છે, તે તપાસવું, એટલે ઝટ માલમ પડશે. કેમકે ક્રિયાપદનાં રૂપ જેના પ્રમાણે બદલાય છે તે તેનો ક્રિયાનાથ કહેવાય છે, જો અકર્મક ક્રિયાપદ શક્યભેદમાં આવેલું હશે, અગર ભાવવાચ્યનું ક્રિયાપદ હશે તો તેનો ક્રિયાનાથ ભાવ થશે.

પ્ર–એવા શબ્દો આપો કે જે ક્રિયાપદને કૃદંત બંને થઇ શકે.

ઉ–ખાધો, લીધો, બેઠો, જવું, ઇત્યાદિ વિધિવર્ત્તમાનકાળ, ભૂતકાળ, અને અનિયમિત ભૂતકાળના પ્રત્યયવાળા શબ્દ બંનેમાં આવે છે.

પ્ર–છ ધાતુના જૂદા જૂદા કૃદંત આવે એવાં વાક્ય લખો.

ઉ–મગનલાલ છતો થયો. વાત છતી થઇ, કપટ છતું થયું, ઘણી મહેનત કરવા છતાં જશ મળવો મુસ્કેલ છે.

પ્ર–બે વાક્ય એવાં લખો કે જેમાં કૃદંત ને સહાયકારક ક્રિયાપદ સાથે આવે.

ઉ–તે કામ કરીને બેઠો હશે. હમણાં તે ઘણાં કામ કરતો જણાય છે.

પ્ર–એવો એક ધાતુ આપો કે જે હમેશાં સહાયકારક તરીકે વપરાય.

ઉ–'શક' ધાતુ,

પ્ર–સહાયકારક ક્રિયાપદ ને કૃદંતમાં ફેર શો?

ઉ–ઘણાં ક્રિયાપદ સાથે આવે છે ત્યારે તેમાંનું મુખ્ય (પેહેલું) ક્રિયાપદ કૃદંત ગણાય છે, ને બીજાં બધાં સહાયકારક ગણાય છે. સહાયકારક ક્રિયાપદ ઘણાં હોય તો છેલ્લા સહાયકારક ક્રિયાપદ સિવાય બાકીનાં ક્રિયાપદ કૃદંત ગણાય છે,

પ્ર–એવું વાક્ય બનાવો કે તે શક્યભેદમાં દેખાતાં છતાં શક્યભેદમાં ગણાય નહીં.

ઉ–શરીરમાં ઘણો તાવ ભરાવાના કારણથી તે ઘણો "ગભરાય છે."

પ્ર–એવા ધાતુ આપો કે જે દ્વી કર્મી હોય.

ઉ–આપ, દે, માર.

પ્ર–ભાવવાચ્યમાં ને ભાવે પ્રયોગમાં શો તફાવત છે?

ઉ–ભાવે પ્રયોગ એ પ્રયોગનો પ્રકાર છે. ને ભાવવાચ્ય એ

ધાતુનો પ્રકાર છે. સઘળા ભાવવાચ્ય ધાતુ ભાવે પ્રયોગમાં આવે, પણ સઘળાં ભાવે પ્રયોગનાં ક્રિયાપદ ભાવવાચ્ય ન હોય, કેમકે જેજે અકર્મક ક્રિયાપદ ભાવે પ્રયોગમાં આવે છે, તે બધાંના ધાતુ ભાવવાચ્ય હોતા નથી.

પ્ર–કર્મણિવાચ્ય અને કર્મણિ પ્રયોગમાં શો તફાવત છે?

ઉ–કર્મણીવાચ્ય તે ભેદનો પ્રકાર છે. કર્મણિવાચ્ય=શક્યભેદ (સકર્મક ક્રિયાપદ શક્યભેદમાં જાય ત્યારે તે કર્મણિ વાચ્ય કહેવાય) કર્મણિ પ્રયોગ તે પ્રયોગનો પ્રકાર છે. કોઈ વખત કર્મણિ વાચ્યનુંક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં ન આવે. તેમ કર્મણિ પ્રયોગનું ક્રિયાપદ કર્મણિ વાચ્યમાં ન આવે, કેમકે કોઇ સકર્મક ધાતુ જ્યારે કર્મણિવાચ્યમાં (શક્યભેદમાં) જાય છે, ત્યારે અકર્મક ક્રિયાપદ બને છે, તો પછી અકર્મક ક્રિયાપદનો કર્મણિ પ્રયોગ શી રીતે હોઇ શકે?

પ્ર–જા ધાતુના ભૂતકાળમાં કૃદંત લખો.

ઉ–ગયો, ગઇ, ગયું, ગયા, ગયાં.

પ્ર–ખા ધાતુનાં પ્રયોજ્યનાં શક્યભેદમાં રૂપ લખો.

વર્ત્તમાન કાળ.

	એકવચન	બહુવચન
પે. પુ.	હું ખવરાવાઉં છું.	અમે ખવરાવાઇએ છીએ.
બી. પુ.	તું ખવરાવાય છે.	તમે ખવરાવાઓ છો.
ત્રી. પુ.	તે ખવરાવાય છે.	તે ખવરાવાય છે.

એજ મુજબ—જે જે કાળનાં રૂપ કરવાં હોય તે તે કાળના પ્રત્યય લગાડી કરવાં.

પ્ર–"ઘણું" ક્રિ. વિ. અવ્યય ને વિશેષણ થાય એવા દાખલા લખો.

ઉ–છોકરો ઘણું દોડયો (ક્રિયા વિશેષણ અવ્યય) છોકરૂં

ઘણું દોડયું (વિશેષણ).

પ્ર-કેવળપ્રયોગી અવ્યય બીજા અવ્યય કરતાં કઇ બાબતમાં જૂદો પડે છે?

ઉ-બીજા અવ્યય વાક્યમાં કોઈ શબ્દ સાથે સંબંધ રાખે છે, પણ કેવળપ્રયોગી અવ્યય કોઇ પણ શબ્દ સાથે સંબંધ રાખતો નથી, પણ બધાથી છૂટો બોલાય છે.

પ્ર-શબ્દયોગી અવ્યયના કેટલા શબ્દો ક્રિયા વિશેષણ અવ્યયમાં આવી શકે ? તે કહો ને તે શા કારણથી ?

ઉ-અગાઉ, અગાડી, આરપાર, આગળ, આસપાસ, પછવાડે. પાછળ, પુંઠે, પહેલાં, સાથે, પાસે વગેરે ઠેકાણું બતાવનાર શબ્દો ક્રિયાવિશેષણ અવ્યયમાં આવી જાય છે; કેમકે ક્રિયાવિશેષણ અવ્યય ક્રિયાપદ સાથે સંબંધ રાખે છે તેમ શબ્દયોગી અવ્યય પણ સંબંધ રાખે છે. જેમ ઠેકાણું બતાવે છે તેમ આ પણ બતાવે છે, પણ તે એમાં તફાવત એટલોજ કે શબ્દયોગી અવ્યય બીજા શબ્દને જોડાએલો હોય છે, તેમ ક્રિયાવિશેષણ અવ્યય જોડાએલો નથી હોતો જ્યારે શબ્દયોગી અવ્યય કોઇ સાથે જોડાયા વગર એકલો આવે છે, ત્યારે ક્રિયાવિશેષણ અવ્યય થાય જેમ તેની **આગળ** ચાલે છે (શબ્દયોગી અવ્યય) તે **આગળ** ચાલે છે (ક્રિયાવિશેષણ અવ્યય)

પ્ર-" ઉભો " એનું પદચ્છેદ શું થાય ? તે દાખલા સાથે સમજાવો.

ઉ-કૃદંત વિશેષણ ને ક્રિયાપદ. જ્યારે મુખ્ય ક્રિયાપદ તરીકે વાક્યને અંતે આવે છે ત્યારે ક્રિયાપદ થાય છે, નહીં તો કૃદંત થાય છે. આ ક્રિયાપદનું રૂપાખ્યાન ફક્ત ભૂતકાળમાંજ થાય છે. જેમ ત્યાં જઇને **ઉભો** (ક્રિયાપદ). તે ત્યાં જઇને ઉભો રહ્યો (કૃદંત વિશેષણ). ભૂતકાળ સિવાય

બીજાં કાળમાં એ આવતું નથી.

પ્ર–આપણે રોટલા ખાધા, ને આપણે રોટલા જમ્યા આ બે વાક્યમાં કર્ત્તા કઇ વિભક્તિમાં છે? ને ક્રિયાપદ કયાપ્રયોગમાં છે?

ઉ–પહેલા વાક્યમાં આપણે કર્ત્તા ત્રીજી વિભક્તિમાં છે ને ખાધા કર્મણિ પ્રયોગમાં છે. બીજા વાક્યમાં આપણે કર્ત્તા પહેલી વિભક્તિમાં છે ને જમ્યા ક્રિયાપદ કર્ત્તરિ પ્રયોગમાં છે.

પ્ર–સૂતો એ કયો કાળ છે?

ઉ–ભૂતકાળ, પણ જ્યારે ભૂતકાળનું જારીપણું બતાવે ત્યારે અનિયમિત ભૂતકાળ ગણાય. જેમ હું વાંચતાં વાંચતાં "સૂતો" તે ઉંઘી ગયો. એ ઠેકાણે સૂતો એ અનિયમિત ભૂતકાળ છે.

પ્ર–થઈ શકે, થઈ શક્યું, ને થઇ શકશે તેનું પદચ્છેદ શું થાય.

ઉ–એ ત્રણેમાં થઇ કૃદંત અવ્યય છે ને શકે, શક્યું ને શકશે અકર્મક ક્રિયાપદ છે.

પ્ર–આપણ ને આપણેમાં શો તફાવત છે?

ઉ–આપણ એ પહેલી વિભક્તિ છે, ને આપણે એ પહેલી બીજી, ત્રીજી ને ચોથી વિભક્તિ છે.

પ્ર–વિધિવર્ત્તમાન કાળ કયા પ્રયોગમાં આવે?

ઉ–સકર્મક ક્રિયાપદ હોય તો કર્મણિ ને અકર્મક હોય તો ભાવે પ્રયોગમાં આવે છે.

પ્ર–એવા કૃદંત આપો કે જે ક્રિયાપદ ન થઇ શકે, તેમ એવાં ક્રિયાપદ આપો કે જે કૃદંત ન થઈ શકે?

ઉ–લો, લી, લું, નારો, નારી, નારૂં, એને પ્રત્યયવાળા કૃદંત ક્રિયાપદ થઇ ન શકે, તેમ પુરૂષ દર્શક કાળવાળાં ક્રિયાપદ તે કૃદંત થઇ ન શકે.

પ્ર–સકર્મક ક્રિયાપદ ભૂતકાળમાં હોય ત્યારે તેનું લક્ષણ શું? ને તેમાં કોઇ અપવાદ હોય તો લખો.

ઉ–તે વખતે તે ક્રિયાપદ ઘણું કરીને કર્મણિ પ્રયોગમાં આવે છે, પણ કેટલાક ધાતુનો ભૂતકાળે કર્મણિ પ્રયોગ થતો નથી. તેવા કર્તરિ પ્રયોગમાં આવે છે. જેમ છોકરો રમત રમ્યો, છોકરો રોટલી જમ્યો, આ વાક્યમાં ક્રિયાપદ કર્ત્તરિ પ્રયોગમાંછે.

પ્ર–વિશેષણ નાન્યતર જાતિમાં ને વિશેષ્ય નારીજાતિમાં હોય એવો એક દાખલો આપો, ને એમ થવાનું કારણ શું? તે સમજાવો.

ઉ–મારાં મામી સારાં છે. એમ થવાનું કારણ એ કે વિશેષ્ય નારીજાતિમાં હોય તોપણ તેને માન આપતી વખતે નાન્યતરજાતિના બહુ વચનમાં આવે છે.

પ્ર–તમારી ગાય, ઘોડો ને ઘેટું સારૂં છે. એ વાક્યને સુધારતાં કયો નિયમ નડે છે?

ઉ–આ વાક્યને સુધારતાં વિશેષણનો ચોથો નિયમ નડે છે. ચોથા નિયમમાં કહ્યું છે કે વિશેષ્ય ઘણાં હોય તો વિશેષણ પાસેના વિશેષ્ય સાથે જાતિ વચનમાં સંબંધ રાખે છે. આ નિયમ પ્રમાણે આ વાક્ય ખરૂં ગણાય, પણ આ વાક્ય ખોટું છે, કેમકે સારૂં ને બદલે સારાં જોઇએ જ્યારે જૂદાં જૂદાં વિશેષ્યની વચ્ચે ને આવેલો હોય ત્યારેજ વિશેષણનો ચોથો નિયમ લાગુ પડે છે.

પ્ર–તું ને કાળીદાસ કાલે મુંબઇ જજો. તું કાલે ચોપડી વાંચજે. એ બે વાક્યને સુધારો, ને સુધારવાના નિયમ લખો.

ઉ–એ બંને વાક્ય ખરાં છે.

પ્ર–પ્રયોગ એટલે શું?

ઉ–પ્રયોગ (પ્ર=ઉત્કૃષ્ટરીતે+યુજ,=જોડાવું+ અ=ક્રિ. બ.

પ્રત્યય)=ક્રિયાપદ જેની સાથે જોડાયું હોય તે પ્રયોગ કહેવાય. જો કર્તાની સાથે જોડાયું હોય તો કર્ત્તરિ, કર્મની સાથે જોડાયું હોય તો કર્મણિ, ને ક્રિયાના ભાવ સાથે જોડાયું હોય તો ભાવે પ્રયોગ થાય.

પ્ર—આપણે પહેલી વિભિકિતમાં હોય તે જાણવાની સહેલી રીત લખો.

ઉ—"આપણે" ને બદલે "આપણુ" શબ્દ મૂકી જોયો, નેવાક્યમાં બરાબર બોલી શકાય તો જાણવું કે પહેલી વિભકિતમાં છે.

પ્ર—મારે ને તારે ત્રીજી વિભકિતમાં આવે એવાં વાક્ય બનાવવાની રીત લખો.

ઉ—આવાં વાક્ય બનાવવામાં જો સકર્મક ક્રિયાપદ હોય તો તેને વિધિવર્ત્તમાન કાળમાં મૂકી 'મારે' કર્ત્તા થાય એમ કરવું, ને અકર્મક ક્રિયાપદ હોય તો પણ તેને વિધિવર્ત્તમાન કાળમાં મૂકવું ને તેનો મૂળ કર્ત્તા 'મારે' અથવા 'તારે' રાખવો એટલે બનાવેલા વાક્યમાં મારે ને તારે ત્રીજી વિભકિતમાં આવશે.

પ્ર—શક્યભેદના પેટાભાગ કેટલા છે?

ઉ—બે (૧) કર્મણિ વાચ્ય (૨) ભાવ વાચ્ય (૧)સકર્મક ક્રિયાપદનું શક્યભેદનું રૂપ તે કર્મણિ વાચ્ય (૨) અકર્મક ક્રિયાપદનું શક્યભેદનું રૂપ તે ભાવ વાચ્ય કહેવાયછે.

પ્ર—ભાવ વાચ્ય રૂપ, ને ભાવ વાચ્ય ધાતુનો મુકાબલો કરો.

ઉ—સઘળાં ભાવ વાચ્ય રૂપ તે ભેદનો પ્રકારછે, ને ભાવ વાચ્ય ધાતુ તે ધાતુનો પ્રકારછે. ભાવ વાચ્ય રૂપ ને ભાવ વાચ્ય ધાતુ એ બંને ભાવે પ્રયોગમાં આવેછે.

પ્ર—ઘણું કરીને સંબંધાર્થે બીજાનોને પ્રત્યય આવે છે તેની ઉત્પત્તિ કહો.

૭–કોઈ નામને છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લાગ્યો હોય, એ નામ વાક્યમાં જે નામ સાથે સંબંધ રાખતું હોય તે નામને જ્યારે ત્રીજી વિભક્તિનો એ પ્રત્યય લાગેછે ત્યારે 'નો'ને બદલે 'ને' થઇ જાયછે. કારણ કે છઠ્ઠી વિભક્તિવાળું નામ વિકારી વિશેષણના જેવુંછે. એ રીતે ને પ્રત્યય થાય છે તે સંબંધાર્થે બીજીનો ગણાયછે. જેમ ફકીરનો વેશ એને બદલે ફકીરને વેશે ઇત્યાદિ.

પદચ્છેદ.

૧ લખનોર ખાતે લાર્ડ કાનીંગના વખત પછી પાંચ છ વાર મોટી દરબારો ભરાઈ હશે, પણ આ અઠવાડીઆમાં ત્યાં જેવી રમત અને ધામધુમ છે તેવી આગળ કદી થઇ નહીં હશે.

લખનોર ખાતે–પહેલા પ્રકારનું નામ નાન્યતરજાતિ અધિકરણ અર્થે ત્રીજીનું એકવચન.

લાર્ડ કાનીંગના–બીજા પ્રકારનું નામ નરજાતિ સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન. (વખતની સાથે સંબંધ)

વખત–બીજા પ્રકારનું નામ નરજાતિ સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન (પછીની સાથે સંબંધ, છઠ્ઠી વિભક્તિનો અધ્યાહાર)

પછી–શબ્દયોગી અવ્યય.

પાંચ છ–બીજા પ્રકારનું સંખ્યાવાચક વિશેષણ વિશેષ્ય વાર નારીજાતિ પહેલીનું બહુવચન.

વાર–બીજા પ્રકારનું નામ નારીજાતિ વખત અર્થે પહેલીનું એકવચન.

મોટી–પહેલા પ્રકારનું વિશેષણ વિશેષ્ય દરબારો નારીજાતિ પહેલીનું બહુવચન.

દરબારો–બીજા પ્રકારનું નામ કર્તા–અર્થે પહેલીનું બ-

હુવચન (હશે.ક્રિ.નો કર્ત્તા)

ભરાઈ–કૃદંત વિશેષણ નારીજાતિ પહેલીનું બહુવચન.

હશે–અકર્મક ક્રિયાપદ હો ધાતુ મૂળભેદ ભવિષ્યકાળ ક્રિયાનાથ દરબારો ત્રીજો પુરૂષ નારીજાતિ બહુવચન કર્ત્તા દરબારો અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

પણ–ઉભયાન્વયી અવ્યય.

આ–બીજા પ્રકારનું વિશેષણ વિશેષ્ય અજવાળીઆમાં નાન્યતરજાતિ સાતમીનું એકવચન.

અજવાળીઆમાં–પહેલા પ્રકારનું નામ નાન્યતરજાતિ અધિકરણાર્થે સાતમીનું એકવચન.

ત્યાં–ઠેકાણું બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

જેવી–પહેલા પ્રકારનું વિશેષણ વિશેષ્ય રમત ને ધામધુમ નારીજાતિ પહેલીનું એકવચન.

રમત–બીજા પ્રકારનું નામ નારીજાતિ કર્ત્તા–અર્થે પહેલીનું એકવચન (છે ક્રિયાપદનો કર્ત્તા)

અને–ઉભયાન્વયી અવ્યય.

ધામધુમ–બીજા પ્રકારનું નામ નારીજાતિ કર્ત્તા–અર્થે પહેલીનું એક વચન (છે ક્રિયાપદનો કર્ત્તા)

છે–અકર્મક ક્રિયાપદ છ ધાતુ મૂળભેદ વર્ત્તમાન કાળ, ક્રિયાનાથ રમત ને ધામધુમ ત્રીજો પુરૂષ નારીજાતિ એક વચન કર્ત્તા રમત ને ધામધુમ અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

તેવી–પહેલા પ્રકારનું વિશેષણ વિશેષ્ય રમત ને ધામધુમ નારીજાતિ પહેલીનું એક વચન.

આગળ કદી–વખત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

થઇ–કૃદંત વિશેષણ નારીજાતિ એક વચન.

નહીં–નકાર બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

હશે–અકર્મક ક્રિયાપદ હો ધાતુ મૂળભેદ ભવિષ્યકાળ ક્રિ-

યાનાર્થ રમત ને ધામધુમ ત્રીજો પુરૂષ નારીજાતિ એકવચન કર્ત્તા રમત ને ધામધુમ અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૨) એવું બન્યું કે એક સમે બે સ્વાર ત્યાંથી જતા હતા.

એવું–પહેલા પ્રકારનું વિશેષણ વિશેષ્ય બનવાનું નાન્યતરજાતિ પહેલીનું એકવચન.

બન્યું—અકર્મક ક્રિયાપદ બનધાતુ મૂળભેદ ભૂતકાળ ક્રિયાનાર્થ બનવાનો ભાવ ત્રીજો પુરૂષ નાન્યતરજાતિ એકવચન કર્ત્તાભાવ અકર્મક ભાવે પ્રયોગ.

કે–ઉભયાન્વયી અવ્યય.

એક–બીજા પ્રકારનું વિશેષણ વિશેષ્ય સમે માટે નરજાતિ ત્રીજીનું એકવચન.

સમે–પહેલા પ્રકારનું નામ નરજાતિ અધિકરણ અર્થે ત્રીજીનું એકવચન.

બે–બીજા પ્રકારનું સંખ્યા વાચક વિશેષણ વિશેષ્ય સવાર નરજાતિ પહેલીનું બહુવચન.

સવાર–બીજા પ્રકારનું નામ નરજાતિ કર્ત્તા—અર્થે પહેલીનું બહુવચન.

ત્યાંથી–ઠેકાણું બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

જતા–કૃદંત વિશેષણ નરજાતિ પહેલીનું બહુવચન.

હતા–અકર્મક ક્રિયાપદ હો ધાતુ મૂળભેદ ભૂતકાળ ક્રિયાનાર્થ સવાર ત્રીજો પુરૂષ નરજાતિ બહુવચન કર્ત્તા સવાર અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૩)–મેં તો અફીણ બફીણ ખાધું નથી, પણ તને તો ભાંગની લહેર ચડી જણાયછે.

મેં–પ્રહેલો પુરૂષ સર્વનામ સવારને ઠેકાણે નરજાતિ કર્ત્તા–અર્થે ત્રીજીનું એકવચન (ખાધું કૃદંતનો કર્ત્તા)

તો–ક્રિયા વિશેષણ અવ્યય.

અફીણુ બફીણુ–બીજા પ્રકારનું નામ નાન્યતરજાતિ કર્મ અર્થે પહેલીનું એકવચન (ખાધું કૃદંતનું કર્મ)

ખાધું– કૃદંત વિશેષણ નાન્યતર જાતિ પહેલીનું એકવચન.

નથી–અકર્મક ક્રિયાપદ. છ ધાતુનું અકર્ણ રૂપ, મૂળભેદ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ અફીણુ બફીણુ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એક વચન કર્ત્તા અફીણુ બફીણુ, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

પણુ–ઉભયાન્વયી અવ્યય.

તને–બીજો પુરૂષ સર્વનામ સવારને ઠેકાણે નરજાતિ સંબંધાર્થે બીજીનું એકવચન (લહેર સાથે સંબંધ)

તો–ક્રિયા વિશેષણુ અવ્યય.

ભાંગની–બીજા પ્રકારનું નામ, નારીજાતિ, સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન (લહેર સાથે સંબંધ).

લહેર–બીજા પ્રકારનું નામ નારીજાતિ કર્ત્તા–અર્થે પહેલીનું એકવચન (જણાયછે ક્રિયાપદનો કર્ત્તા)

ચડી–કૃદંત વિશેષણ નારીજાતિ પહેલીનું એકવચન.

જણાયછે–અકર્મક ક્રિયાપદ, જાણધાતુનું શક્યભેદ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ લહેર, ત્રીજો પુરૂષ નારીજાતિ, એક વચન, કર્ત્તા લહેર. અકર્મક કર્ત્તરી પ્રયોગ.

(૪) તમારા કહેવા પ્રમાણે મારૂં ભાલું મેં છોડયું હોત.

તમારા–બીજો પુરૂષ સર્વનામ માણસને ઠેકાણે નરજાતિ સંબંધાર્થે છઠ્ઠીનું બહુવચન (કહેવા સાથે સંબંધ).

કહેવા–કૃદંતનામ નાન્યતરજાતિ છઠ્ઠીનું એકવચન.

પ્રમાણે–શબ્દયોગી અવ્યય.

મારૂં–પહેલો પુરૂષ સર્વનામ માણસને ઠેકાણે નરજાતિ

સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન (ભાલા સાથે સંબંધ).

ભાલું-પહેલા પ્રકારનું નામ નાન્યતરજાતિ કર્મ અર્થે પહેલીનું એકવચન (છોડયું કૃદંતનું કર્મ).

મેં-પહેલો પુરૂષ સર્વનામ માણસને ઠેકાણે નરજાતિ કર્ત્તા-અર્થે ત્રીજીનું એકવચન (છોડયું કૃદંતનું કર્મ.)

છોડયું-કૃદંત વિશેષણ નાન્યતરજાતિ પહેલીનું એકવચન

હોત-અકર્મક ક્રિયાપદ હો ધાતુ મૂળભેદ સંકેતભૂતકાળ ક્રિયાનાથ ભાલું ત્રીજો પુરૂષ નાન્યતરજાતિ એકવચન કર્ત્તા ભાલું અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૫) આ દુનિયામાં જેટલી ચીજો આપણે જોઇએછીએ, તેના ત્રણ વર્ગ ગણાયછે. એક તો જેને જીવછે તે.

આ-બીજા પ્રકારનું વિશેષણ વિશેષ્ય, દુનિઆમાં નારીજાતિ સાતમીનું એકવચન.

દુનિઆમાં-બીજા પ્રકારનું નામ નારીજાતિ સ્થળ અર્થે સાતમીનું એકવચન.

જેટલી-પહેલા પ્રકારનું વિશેષણ વિશેષ્ય ચીજો નારીજાતિ પહેલીનું એકવચન.

ચીજો-બીજા પ્રકારનું નામ નારીજાતિ કર્મ અર્થે પહેલીનું બહુવચન (જોઇએછીએ ક્રિયાપદનું કર્મ.)

આપણે-પહેલો પુરૂષ સર્વનામ માણસને ઠેકાણે નરજાતિ કર્ત્તા-અર્થે પહેલીનું બહુવચન (જોઇએછીએ ક્રિયાપદનો કર્ત્તા),

જોઇએછીએ-સકર્મક ક્રિયાપદ, જો ધાતુ મૂળભેદ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ આપણે પહેલો પુરૂષ નરજાતિ બહુવચન, કર્ત્તા આપણે કર્મ ચીજો સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

તેના-ત્રીજો પુરૂષ સર્વનામ ચીજોને ઠેકાણે નારીજાતિ સંબંધાર્થે છઠ્ઠીનું બહુવચન (વર્ગ સાથે સંબંધ રાખેછે,)

ત્રણ–બીજા પ્રકારનું સંખ્યા વાચક વિશેષણ વિશેષ્ય વર્ગે નરજાતિ પહેલીનું બહુવચન.

વર્ગ–બીજા પ્રકારનું નામ નરજાતિ કર્ત્તા–અર્થે પહેલીનું બહુવચન, (ગણાયછે ક્રિયાપદનો કર્ત્તા).

ગણાયછે–અકર્મક ક્રિયાપદ, ગણધાતુનું શકયભેદ, વર્ત્તમાનકાળ ક્રિયાનાથ વર્ગ, ત્રીજોપુરૂષ, નરજાતિ, બહુવચન, કર્ત્તા વર્ગ, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

એક–બીજા પ્રકારનું સંખ્યા વાચક વિશેષણ વિશેષ્ય વર્ગ નરજાતિ પહેલીનું એકવચન.

તો–ક્રિયાવિશેષણ અવ્યય.

જેને–બીજા પ્રકારનું વિશેષણ વિશેષ્ય વર્ગ નરજાતિ બીજીનું એકવચન.

જીવ–બીજા પ્રકારનું નામ નરજાતિ કર્ત્તા અર્થે પહેલીનું એકવચન (છે ક્રિયાપદનો કર્ત્તા.)

છે–અકર્મક ક્રિયાપદ, છ ધાતુ મૂળભેદ. વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ જીવ ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, કર્ત્તા જીવ, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

તે–બીજા પ્રકારનું વિશેષણ વિશેષ્ય વર્ગ માટે નરજાતિ પહેલીનું એકવચન.

(૬) પણ વળી એ કરતાં સહેલું યંત્ર એક બનાવેલું છે.

પણ–ઉભયાન્વયી અવ્યય.

વળી–ક્રિયાવિશેષણ અવ્યય.

એ–બીજા પ્રકારનું વિશેષણ વિશેષ્ય યંત્ર નાન્યતર જાતિ સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન (છઠ્ઠી વિભકિતનો અધ્યાહાર, કરતાં શબ્દ સાથે સંબંધ)

કરતાં–શબ્દયોગી અવ્યય.

સહેલું–બીજા પ્રકારનું વિશેષણ વિશેષ્ય યંત્ર નાન્ય-

તરજાતિ પહેલીનું એકવચન.

યંત્ર—બીજા પ્રકારનું નામ નાન્યતરજાતિ કર્ત્તા—અર્થે પહેલીનું એકવચન (છે ક્રિયાપદનો કર્ત્તા)

એક—બીજા પ્રકારનું વિશેષણ વિશેષ્ય યંત્ર નાન્યતરજાતિ પહેલીનું એકવચન.

બનાવેલું—કૃદંત વિશેષણ નાન્યતરજાતિ પહેલીનું એકવચન.

છે—અકર્મક ક્રિયાપદ, છ ધાતુ, મૂળભેદ વર્ત્તમાનકાળ ક્રિયાનાથ યંત્ર, ત્રીજો પુરૂષ નાન્યતરજાતિ, એકવચન કર્ત્તા યંત્ર અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૭) તેથી એકદમ ઘણા કાગળ થાય છે.

* તેથી—ત્રીજો પુરૂષ સર્વનામ યંત્રને ઠેકાણે નાન્યતરજાતિ કરણાર્થે પાંચમીનું એકવચન.

એકદમ—વખત બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

ઘણા—પહેલા પ્રકારનું વિશેષણ વિશેષ્ય કાગળ, નરજાતિ, પહેલીનુ બહુવચન.

કાગળ—બીજા પ્રકારનું નામ નરજાતિ કર્ત્તા—અર્થે પહેલીનું એકવચન (થાય છે ક્રિયાપદનો કર્ત્તા)

થાયછે—અકર્મક ક્રિયાપદ, થા ધાતુ, મૂળભેદ, વર્ત્તમાન કાળ. ક્રિયાનાથ કાગળ, ત્રીજો પુરૂષ, નરજાતિ, બહુવચન, કર્ત્તા કાગળ, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૮) ત્યાં જઇને જુએછે તો ગરમામાં એકે પૂરી દીઠી નહીં, ત્યારે તો ઘણા ગભરાયા.

ત્યાં—ઠેકાણું બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

---

* તે પછી "કારણ" શબ્દ મૂકાતો હોયતો વિશેષણ કરવું. અહીંઆં કારણ શબ્દ મૂકી શકાય એમ નથી.

જઇને-કૃદંત અવ્યય.

જુએછે-સકર્મક ક્રિયાપદ, જો ધાતુ, મૂળભેદ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ મનસુખને ઓચ્છવ, ત્રીજો પુરૂષ નરજાતિ બહુવચન, કર્ત્તા મનસુખ ને ઓચ્છવ. કર્મ જોવાનું સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

તો-ઉભયાન્વયી અવ્યય.

ગરગામાં-પહેલા પ્રકારનું નામ, નરજાતિ, અધીકરણાર્થે સાતમાંનું એકવચન.

એક-બીજા પ્રકારનું સંખ્યા વાચક વિશેષણ, વિશેષ્ય પૂરી. નારીજાતિ પહેલીનું એકવચન.

એ-ક્રિયાવિશેષણ અવ્યય.

પૂરી-બીજા પ્રકારનું નામ નારીજાતિ કર્મ અર્થે પહેલીનું એકવચન (દીઠી ક્રિયાપદનું કર્મ)

દીઠી-સકર્મક ક્રિયાપદ, દેખ ધાતુ. મૂળભેદ, ભૂતકાળ, ક્રિયાનાથ પૂરી, ત્રીજો પુરૂષ, નારીજાતિ. એકવચન. કર્ત્તા મનસુખને ઓચ્છવ, કર્મ પૂરી, સકર્મક કર્મણિ પ્રયોગ.

નહીં-નકાર બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

ત્યારે-વખત બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

તો-ક્રિયાવિશેષણ અવ્યય.

ઘણા-પહેલા પ્રકારનું વિશેષણ વિશેષ્ય મનસુખ ને ઓચ્છવ નરજાતિ પહેલીનું બહુવચન.

ગભરાયા-અકર્મક ક્રિયાપદ, ગભરા ધાતુ, મૂળભેદ ભૂતકાળ. ક્રિયાનાથ ઓચ્છવ ને મનસુખ. ત્રીજો પુરૂષ, નરજાતિ બહુવચન. કર્ત્તા મનસુખને ઓચ્છવ, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૯) ઓચ્છવ કહે કે, આપણે કેમ કરીશું?

ઓચ્છવ-બીજા પ્રકારનું નામ, નરજાતિ, કર્ત્તા-અર્થે પહેલીનું એકવચન (કહે ક્રિયાપદનો કર્ત્તા)

કહે—સકર્મક ક્રિયાપદ, કહે ધાતુ, મૂળભેદ, અનિયમિત વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ ઓચ્છવ ત્રીજો પુરૂષ, નરજાતિ. એકવચન, કર્ત્તા ઓચ્છવ, કર્મ કહેવાનુ સકર્મક કર્ત્તરિ પ્રયોગ

કે—ઉભયાન્વયી અવ્યય.

આપણે—પહેલો પુરૂષ સર્વનામ મનસુખને ઓચ્છવને ઠેકાણે નરજાતિ કર્ત્તા- અર્થે પહેલીનું એકવચન (કરીશું ક્રિયાપદનો કર્ત્તા)

કેમ—રીત બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

કરીશું—સકર્મક ક્રિયાપદ, કર ધાતુ, મૂળભેદ. ભવિષ્ય કાળ, ક્રિયાનાથ આપણે પહેલો પુરૂષ, નરજાતિ, બહુવચન કર્ત્તા આપણે, કર્મ કરવાનું સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૧૦) શુકલપક્ષના ચંદ્રની પેઠે પરમેશ્વર તમારી ચડતી કળા રાખે, એમ અમે ઇચ્છીએ છીએ.

શુકલપક્ષના—બીજા પ્રકારનું નામ નરજાતિ સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન (ચંદ્રની સાથે સંબંધ.)

ચંદ્રની—બીજા પ્રકારનું નામ નરજાતિ સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન (પેઠે સાથે સંબંધ)

પેઠે—શબ્દયોગી અવ્યય.

પરમેશ્વર—બીજા પ્રકારનું નામ નરજાતિ કર્ત્તા—અર્થે પહેલીનું એકવચન (રાખે ક્રિયાપદનો કર્તા)

તમારી—બીજો પુરૂષ સર્વનામ સાંભળનારને ઠેકાણે નરજાતિ સંબંધાર્થે છઠ્ઠીનું બહુવચન (ચડતીકળા સાથે સંબંધ)

ચડતી—કૃદંત વિશેષણ નારીજાતિ પહેલીનું એકવચન.

કળા—બીજા પ્રકારનું નામ નારીજાતિ કર્મ અર્થે પહેલીનું એકવચન (રાખે ક્રિયાપદનું કર્મ).

રાખે—સકર્મક ક્રિયાપદ, રાખધાતુ. મૂળભેદ, અનિયમિત વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ પરમેશ્વર, ત્રીજો પુરૂષ, નરજાતિ, એક

વચન, કર્ત્તા પરમેશ્વર, કર્મ કળા, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

એમ–રીત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

અમે–પહેલો પુરૂષ સર્વનામ માણસને ઠેકાણે નરજાતિ કર્ત્તા–અર્થે પહેલીનું બહુવચન (ઇચ્છીએ છીએ ક્રિયાપદનો કર્ત્તા.]

ઈચ્છીએછીએ–સકર્મક ક્રિયાપદ. ઇચ્છધાતુ, મૂળભેદ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ અમે, પહેલો પુરૂષ, નરજાતિ બહુવચન, કર્ત્તા અમે, કર્મ ઈચ્છવાનું સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૧૧) અમારે તે કેટલી ચોવેટ રાખવી? તમે સમજો તો સારૂં કામ થાય.

અમારે–પહેલો પુરૂષ સર્વનામ કહેનારને ઠેકાણે નરજાતિ કર્ત્તા–અર્થે ત્રીજીનું બહુવચન (રાખવી ક્રિયાપદનો કર્ત્તા.)

તે–ક્રિયા વિશેષણ અવ્યય.

કેટલી–પહેલા પ્રકારનું વિશેષણ વિશેષ્ય ચોવેટ, નારીજાતિ પહેલીનું એકવચન.

ચોવેટ–બીજાપ્રકારનું નામ નારીજાતિ કર્મ અર્થે પહેલીનું એકવચન (રાખવી ક્રિયાપદનું કર્મ.)

રાખવી–સકર્મક ક્રિયાપદ, રાખધાતુ, મૂળભેદ, વિધિવર્ત્તમાનકાળ, ક્રિયાનાથ ચોવેટ ત્રીજો પુરૂષ, નારીજાતિ, એકવચન, કર્ત્તા અમારે, કર્મ ચોવેટ, સકર્મક કર્મણિ પ્રયોગ.

તમે–બીજો પુરૂષ સર્વનામ સાંભળનારને ઠેકાણે નરજાતિ કર્ત્તા–અર્થે પહેલીનું બહુવચન (સમજો ક્રિયાપદનોકર્ત્તા)

સમજો–સકર્મક ક્રિયાપદ, સમજધાતુ, મૂળભેદ, અનિયમિત વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ તમે, બીજો પુરૂષ નરજાતિ. બહુવચન, કર્ત્તા તમે કર્મ સમજવાનું, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

તો–ઉભયાન્વયી અવ્યય.

સારૂં-પહેલા પ્રકારનું વિશેષણ વિશેષ્ય કામ નાન્યતર જાતિ પહેલીનું એકવચન.

કામ-બીજાપ્રકારનું નામ નાન્યતરજાતિ કર્ત્તા-અર્થે પહેલીનું એકવચન (થાય ક્રિયાપદનો કર્ત્તા.

થાય-અકર્મક ક્રિયાપદ, થાધાતુ મૂળભેદ, અનિયમિત વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કામ, નાન્યતરજાતિ, એકવચન, કર્ત્તા કામ, અકર્મક કર્ત્તરી પ્રયોગ-

(૧૨) કાલે ગણિત ગણીશું, ને પાઠપણ તૈયાર કરીશું.

કાલે-વખત બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

ગણિત-બીજાપ્રકારનું નામ નાન્યતરજાતિ કર્મ અર્થે પહેલીનું એકવચન (ગણીશુ ક્રિયાપદનું કર્મ)

ગણીશું-સકર્મક ક્રિયાપદ, ગણધાતુ મૂળભેદ, ભવિષ્યકાળ, ક્રિયાનાથ આપણે, પહેલો પુરૂષ, નરજાતિ, બહુવચન, કર્ત્તા આપણે, કર્મ ગણિત સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

અને-ઉભયાન્વયી અવ્યય.

પાઠ-બીજાપ્રકારનું નામ નરજાતિ કર્મ અર્થે પહેલીનું બહુવચન (કરીશું ક્રિયાપદનું કર્મ.)

પણ=ક્રિયા વિશેષણ અવ્યય.

તૈયાર-ક્રિયાવિશેષણ અવ્યય.

કરીશું-સકર્મક ક્રિયાપદ, કર ધાતુ, મૂળભેદ, ભવિષ્ય કાળ, ક્રિયાનાથ આપણે, પહેલો પુરૂષ, નરજાતિ, બહુવચન. કર્ત્તા આપણે, કર્મ પાઠ, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૧૩) ધોરણ બદલાયું એટલે કેટલાક શિક્ષકો નવા ધોરણનો વધારાનો વિષયજ ચલાવવા મંડી જાય છે.

ધોરણ-બીજા પ્રકારનું નામ, નાન્યતરજાતિ કર્ત્તા-અર્થે પહેલીનું એકવચન (બદલાયું ક્રિયાપદનો કર્ત્તા.)

બદલાયું-અકર્મક ક્રિયાપદ, બદલ ધાતુનું શકયભેદ,

ભૂતકાળ, ક્રિયાનાથ ધોરણ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, કર્ત્તા ધોરણ, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

એટલે–વખત બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

કેટલાક–બીજા પ્રકારનું વિશેષણ વિશેષ્ય શિક્ષક નરજાતિ પહેલીનું બહુવચન.

શિક્ષક–બીજા પ્રકારનું નામ, નરજાતિ કર્ત્તા–અર્થે પહેલીનું બહુવચન (ચલાવવા કૃદંતનો કર્ત્તા]

નવા–પહેલા પ્રકારનું વિશેષણ વિશેષ્ય ધોરણનો નાન્યતરજાતિ છઠ્ઠીનું એકવચન.

ધોરણનો–બીજા પ્રકારનું નામ નરજાતિ સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન [વિષય સાથે સંબંધ]

વધારાનો–પહેલા પ્રકારનું નામ, નરજાતિ, સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન. (વિષય સાથે સબંધ.)

વિષય–બીજા પ્રકાનું નામ નરજાતિ કર્મ અર્થે પહેલીનું એકવચન (ચલાવવા કૃદંતનું કર્મ)

જ–નિશ્ચય બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

ચલાવવા–કૃદંત નામ નાન્યતરજાતિ ચોથીનું એકવચન [ચોથીનો અધ્યાહાર]

માંડી–કૃદંત અવ્યય.

જાયછે–અકર્મક ક્રિયાપદ, જા ધાતુ, મુળભેદ, વર્ત્તમાનકાળ. ક્રિયાનાથ શિક્ષક, ત્રીજો પુરૂષ, નરજાતિ બહુવચન, કર્ત્તા શિક્ષક, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૧૪ વૈદે કહ્યું તમારાથી અવાય નહીં, તો ચાકરને મોલકજો.

વૈદે–બીજા પ્રકારનું નામ નરજાતિ કર્ત્તા–અર્થે ત્રીજાનું એકવચન (કહ્યું ક્રિયાપદનો કર્ત્તા)

કહ્યું–સકર્મક ક્રિયાપદ કહે ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ક્રિયા-

નાથ કહેવાનું આગલું વાક્ય, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ એકવચન કર્ત્તા વૈદ્ય, કર્મ કહેવાનું સકર્મક કર્મણિ પ્રયોગ.

તમારાથી—બીજો પુરૂષ સર્વનામ સાંભળનારને ઠેકાણે, નરજાતિ કારણાર્થે પાંચમીનું બહુવચન.

અવાય—અકર્મક ક્રિયાપદ, આવધાતુનું શક્યભેદ, અનિયમિત વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ, ભાવ ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ એકવચન કર્ત્તાભાવ અકર્મક ભાવે પ્રયોગ.

નહીં—નકાર બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.
તો— ઉભયાન્વયી અવ્યય.

ચાકરને—બીજાપ્રકારનું નામ નરજાતિ કર્મ અર્થે બીજીનું એકવચન. (મોકલજો ક્રિયાપદનું કર્મ)

મોકલજો—સકર્મક ક્રિયાપદ, મોકલ ધાતુ, મૂળભેદ, ભવિષ્યકાળ. ક્રિયાનાથ તમે, બીજો પુરૂષ. નરજાતિ, બહુવચન કર્ત્તા તમે. કર્મ ચાકરને. સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૧૪) ગમે તેમ કરો, પણ ગોરનું તરભાણું ભરો, એમ ન થવું જોઇએ. ગમે તેમ—રીત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

કરો—સકર્મક ક્રિયાપદ, કરધાતુ. મૂળભેદ. અનિયમિત વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ તમે, બીજો પુરૂષ, નરજાતિ. બહુવચન કર્ત્તા તમે, કર્મ કરવાનું સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

પણ—ઉભયાન્વયી અવ્યય,

ગોરનું—બીજાપ્રકારનું નામ નરજાતિ સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન (તરભાણું શબ્દ સાથે સંબંધ)

તરભાણું—પહેલાપ્રકારનું નામ નાન્યતરજાતિ કર્મ અર્થે પહેલીનું એકવચન. (ભરો ક્રિયાપદનું કર્મ)

ભરો—સકર્મક ક્રિયાપદ, ભરધાતુ. મૂળભેદ, અનિયમિત વર્ત્તમાનકાળ. ક્રિયાનાથ તમે, બીજો પુરૂષ નરજાતિ, બહુવચન કર્ત્તા, તમે કર્મ તરભાણું, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.
એમ—રીત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.
ન—નકાર બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય

થવું–કૃદતનામ નાન્યતરજાતિ પહેલીનું એકવચન.

જોઇએ–અકર્મક ક્રિયાપદ, જોઇ ધાતુ, મૂળભેદ, અનિયમિત વર્તમાનકાળ ક્રિયાનાપ ભાવ, ત્રીજોપુરૂષ, નાન્યતરજાતિ, એકવચન. કર્ત્તાભાવ, અકર્મક ભાવે પ્રયોગ.

(૧૬) પ્રબળ બુદ્ધિ બળ અકળ તન, જળ ફળ ભૂતળદત્ત;
ચપળ સકળ એ અચળ નહીં. દળ વાદળ દલપત્ત.

પ્રબળ–બીજાપ્રકારનું વિશેષણ, વિશેષ્ય બુદ્ધિ, નારીજાતિ પહેલીનું એકવચન.

બુદ્ધિ–બીજાપ્રકારનું નામ, નારીજાતિ કર્ત્તા અર્થે પહેલીનું એકવચન (છે અધ્યાહાર ક્રિયાપદનો કર્ત્તા)

બળ–બીજાપ્રકારનું નામ, નાન્યતરજાતિ, કર્ત્તા અર્થે પહેલીનું એકવચન (છે અધ્યાહાર ક્રિયાપદનો કર્ત્તા)

અકળ–બીજાપ્રકારનું વિશેષણ, વિશેષ્ય બળ, નાન્યતરજાતિ, પહેલીનું એકવચન તન(નું)–બીજાપ્રકારનું નામ, નાન્યતરજાતિ, સંબંધાર્થે છઠ્ઠીનું એકવન (બળસાથે સંબંધ)

જળ–બીજાપ્રકારનું નામ, નાન્યતરજાતિ, કર્ત્તા અર્થે પહેલીનું એકવચન (છે અધ્યાહાર ક્રિયાપદનો કર્ત્તા.)

ફળ–બીજાપ્રકારનું નામ, નાન્યતરજાતિ, કર્ત્તા અર્થે પહેલીનું એકવચન (છે અધ્યાહાર ક્રિયાપદનો કર્ત્તા]

ભૂતળ(માં)–બીજાપ્રકારનું નામ, નાન્યતરજાતિ, અધિકરણાર્થે સાતમીનું એકવચન,

દત્ત–કૃદંત વિશેષણ, નાન્યતરજાતિ પહેલીનું બહુવચન.

ચપળ–બીજાપ્રકારનું વિશેષણ, વિશેષ્ય એ, નાન્યતરજાતિ, પહેલીનું બહુવચન.

સકળ–બીજાપ્રકારનું વિશેષણ, વિશેષ્ય એ નાન્યતરજાતિ, પહેલીનું બહુવચન.

એ–બીજાપ્રકારનું વિશેષણ, વિશેષ્ય જળ ફળ વગેરે, નાન્યતરજાતિ, પહેલીનું બહુવચન.

નહીં–નકાર બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

દળ(ની) બીજાપ્રકારનું નામ, નાન્યતરજાતિ, સંબંધાર્થે છ-

ઠ્ઠીનું એકવચન (છઠ્ઠીનો અધ્યાહાર, "પેઠે" અધ્યાહાર, નીસાથે સંબંધ)

વાદળ-(ના) બીજા પ્રકારનું નામ નાન્યતર જાતિ સંબંધાર્થે છ-ઠ્ઠીનું એકવચન (છઠ્ઠીનો અધ્યાહાર દળ સાથે સંબંધ)

દલપત્ત-બીજાપ્રકારનું નામ, નરજાતિ, કર્ત્તા અર્થે પહેલીનું એકવચન (કહે છે અધ્યાહાર ક્રિયાપદનો કર્ત્તા)

(૧૭) સર્વ શકિત ધરી તેં હરિ, તિક્ષ્ણ આંખથી જોય; (નર્મ કવિતા)

સર્વ-બીજાપ્રકારનું વિશેષણ, વિશેષ્ય શક્તિ, નારીજાતિ, પ-હેલીનું એકવચન.

શકિત-બીજાપ્રકારનું નામ, નારીજાતિ, કર્મ અર્થે પહેલીનું એકવચન (ધરી કૃદંતનું કર્મ)

ધરી-કૃદંત વિશેષણ, નારીજાતિ, પહેલીનું એકવચન (છેક્રિયાપદનો અધ્યાહાર છે, માટે કૃદંત વિશેષણ કહ્યું છે.)

તેં-બીજો પુરૂષ સર્વનામ, નરજાતિ, કર્ત્તા-અર્થે ત્રીજીનુંએ-કવચન (ધરી કૃદંતનો કર્ત્તા)

હરિ-બીજાપ્રકારનું નામ, નરજાતિ, સંબોધનાર્થે પહેલીનુંએ-કવચન

તિક્ષ્ણ-બીજાપ્રકારનું વિશેષણ, વિશેષ્ય આંખથી, નારીજાતિ પાંચમીતું એકવચન.

આંખથી-બીજા પ્રકારનું નામ, નારીજાતિ, કરણ અર્થે પાંચ-મીનું એકવચન.

જોય (જુએ છે) સકર્મક ક્રિયાપદ, જો ધાતુ, મૂ-ળભેદ, વર્ત્તમાનકાળ. ક્રિયાનાથ તું (અધ્યાહારછે.) બીજો પુ-રૂષ, નરજાતિ, એકવચન, કર્ત્તા તું, કર્મવાત સકર્મક ક-ર્ત્તરિ પ્રયોગ.

(૧૮) મુઆ પછી ઈનસાફમાં. વંચાએ સઉ જેહ;
જમે ઉધારો અહીં કર્યા, પુણ્ય પાપનાં તેહ.

મુઆ (નાં) કૃદંત વિશેષણ, નાન્યતરજાતિ, છઠ્ઠીનું એકવચન (છઠ્ઠીનો અધ્યાહાર)

પછી-શબ્દયોગી અવ્યય.

ઇનસાફમાં–બીજાપ્રકારનું નામ. નરજાતિ, અધિકરણાર્થે સાતમીનું એકવચન.

વંચાએ–[વંચાય છે] અકર્મક ક્રિયાપદ, વાંચ ધાતુ, શક્યભેદ, વર્તમાનકાળ, ક્રિયાનાથ તેહ (તે), ત્રીજો પુરૂષ નાન્યતરજાતિ, બહુવચન કર્ત્તા તેહ કર્ત્તરિ પ્રયોગ.

સઉ (સૌ)– બીજા પ્રકારનું વિશેષણ, વિશેષ્ય તેહ (તે). નાન્યતરજાતિ, પહેલીનું બહુવચન.

જેહ (જે)–બીજા પ્રકારનું વિશેષણ, વિશેષ્ય જમે ઉધારો, નાન્યતરજાતિ, પહેલીનું બહુવચન.

જમે–બીજા પ્રકારનું નામ, નાન્યતરજાતિ, કર્મ અર્થે પહેલીનું એકવચન (કર્યાનું કર્મ)

ઉધારો–પહેલા પ્રકારનું નામ, નરજાતિ, કર્મ અર્થે પહેલીનું એકવચન (કર્યાં ક્રિયાપદનું કર્મ)

અહીં–ઠેકાણું બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

કર્યાં–સકર્મક ક્રિયાપદ, કર ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ક્રિયાનાથ જમે, ઉધારો, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, બહુવચન કર્ત્તા મેં (અધ્યાહાર) કર્મ જમે ઉધારો સકર્મક કર્મણિ પ્રયોગ.

પુણ્યપાપનાં–બીજા પ્રકારનું નામ. નાન્યતરજાતિ, સંબંધાર્થે છઠ્ઠીનું બહુવચન (જમે ઉધારો સાથે સંબંધ)

તેહ [તે]–બીજા પ્રકારનું વિશેષણ, વિશેષ્ય જમે ઉધાર, નાન્યતરજાતિ, કર્ત્તા અર્થે પહેલીનું બહુવચન (વંચાય છે નો કર્ત્તા)

૧૯ હરખ હાસ્ય દુખ આંસુ તે, ખોટાં ચળકે વેહ; (નર્મ કવિતા)

હરખ (નું) બીજા પ્રકારનું નામ, નરજાતિ સંબંધાર્થે છઠ્ઠીનું એકવચન (છઠ્ઠીનો અધ્યાહાર, હાસ્ય સાથે સંબંધ)

હાસ્ય–બીજા પ્રકારનું નામ, નાન્યતરજાતિ કર્ત્તા અર્થે પહેલીનું એકવચન (ચળકે છે ક્રિયાપદનો કર્ત્તા)

દુખ (નાં) બીજા પ્રકારનું નામ, નાન્યતરજાતિ, સંબંધાર્થે છઠ્ઠીનુ એકવચન (છઠ્ઠીનો અધ્યાહાર, આંસુ સાથે સંબંધ)

આંસુ—બીજા પ્રકારનું નામ, નાન્યતરજાતિ, કર્ત્તા અર્થે પહેલીનું બહુવચન, (વહે (છે) ક્રિયાપદનો કર્ત્તા)

તે—બીજા પ્રકારનું વિશેષણ વિશેષ્ય હાસ્ય અને આંસુ, નાન્યતરજાતિ, પહેલીનું બહુવચન.

ખોટાં—પહેલા પ્રકારનું વિશેષણ, વિશેષ્ય તે, નાન્યતર જાતિ પહેલીનું બહુવચન.

. ચળકે (છે)—અકર્મક ક્રિયાપદ. ચળક ધાતુ, મૂળભેદ વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ, હાસ્ય, ત્રીજો પુરૂષ. નાન્યતરજાતિ, એકવચન, કર્ત્તા હાસ્ય. અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

વેહ (વહે છે)—અકર્મક ક્રિયાપદ, વહે ધાતુ, મૂળભેદ વર્ત્તમાનકાળ. ક્રિયાનાથ આંસુ. ત્રીજો પુરૂષ. નાન્યરજાતિ, બહુવચન, કર્ત્તા આંસુ. અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

(૨૦) કરવા કર વાવરો મને, સુખીઆરો સુખીઆ ભજું તને; (સાતમીનો પાઠ ૪૦)

કરવા—કૃદંતનામ, નાન્યતરજાતિ, ચોથીનું એકવચન (ચોથી વિભક્તિનો અધ્યાહાર છે.)

કર—બીજા પ્રકારનું નામ, નરજાતિ, કર્મ અર્થે પહેલીનું બહુવચન (વાવરો ક્રિયાપદનું કર્મ)

વાવરો—સકર્મક ક્રિયાપદ, વાવરધાતુ, મૂળભેદ, અનિયમિત વર્ત્તમાનકાળ ક્રિયાનાથ તમે. (અધ્યાહાર છે) બીજો પુરૂષ. નરજાતિ, બહુવચન, કર્ત્તા તમે કર્મ કર સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

મને—પહેલો પુરૂષ સર્વનામ, નરજાતિ. સંબંધાર્થે બીજીનું એકવચન ('સુખીઆરો' સાથે સંબંધ)

સુખીઆરો—પહેલા પ્રકારનું વિશેષણ. વિશેષ્ય હું, નરજાતિ, પહેલીનું એકવચન.

સુખીઆ—પહેલા પ્રકારનું વિશેષણ, વિશેષ્ય પ્રભુ (અધ્યાહાર) નરજાતિ સંબોધનાર્થે પહેલીનું એકવચન.

ભજું—સકર્મક ક્રિયાપદ, ભજધાતુ, મૂળભેદ, અનિયમિત વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ હું (અધ્યાહાર) પહેલો પુરૂષ, નરજાતિ, એકવચન, કર્ત્તા હું. કર્મ તને, સકર્મક કર્ત્તરિપ્રયોગ

તને—બીજો પુરૂષ સર્વનામ પ્રભુને ઠેકાણે નરજાતિ, કર્મ

અર્થે બીજીનું એકવચન (ભજ્યું ક્રિયાપદનું કર્મ.)

[૨૧]હતી દાહતી દાડી જે અતિ મળીની ગઇ મળી નિર્મળી ગતિ.

હતી–અકર્મક ક્રિયાપદ, હોધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ક્રિયાનાથ મલિનિ (મતિ), ત્રીજો પુરૂષ, નારીજાતિ, એકવચન કર્ત્તા મલિનિ (મતિ) અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

દાહતી–કૃદંત વિશેષણ, નારીજાતિ, પહેલીનું એકવચન.

દાડી–વખત બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય.

જે–બીજા પ્રકારનું વિશેષણ, વિશેષ્ય મલિનિ(મતિ),નારીજાતિ પહેલીનું એકવચન.

અતિ–રીત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

મળીની–પહેલા પ્રકારનું વિશેષણ,વિશેષ્ય મતિ, નારીજાતિ પહેલીનું એકવચન.

ગઇ–અકર્મક ક્રિયાપદ, જાધાતુ. મૂળભેદ, ભૂતકાળ, ક્રિયાનાથ તે (અધ્યાહાર) ત્રીજો પુરૂષ, નારીજાતિ, એકવચન કર્ત્તા તે (મેલીગતિ) અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

મળી–અકર્મક ક્રિયાપદ, ગળધાતુ, મૂળભેદ ભૂતકાળ, ક્રિયાનાથ નિર્મળી ગતિ, ત્રીજો પુરૂષ. નારીજાતિ, એકવચન કર્તા નિર્મળી મતિ, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

નિર્મળી–પહેલા પ્રકારનું વિશેષણ, વિશેષ્યમતિ, નારીજાતિ પહેલીનું એકવચન.

મતિ–બીજા પ્રકારનું નામ નારીજાતિ, કર્ત્તા અર્થે પહેલીનું એકવચન (મળી ક્રિયાપદનો કર્ત્તા)

(૨૨) સોટી પાંચ મચે પછી, આંપે તજે કચાશ (નિશાળપક્ષે)

સોટી––બીજાપ્રકારનું નામ, નારીજાતિ, કર્ત્તા અર્થે પહેલીનું બહુવચન (મચે ક્રિયાપદનો કર્ત્તા)

પાંચ–બીજાપ્રકારનું વિશેષણ, વિશેષ્ય સોટી, નારીજાતિ,પું

હેલીનું બહુવચન.

મચે–અકર્મક ક્રિયાપદ, મચધાતુ, મૂળભેદ, અનિયમિત વ-
ર્તમાનકાળ, ક્રિયાનાથ સોટી, ત્રીજોપુરૂષ નારીજાતિ બ-
હુવચન, કર્ત્તા સોટી, અકર્મક પ્રયોગ

પછી–વખત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

આપે (આપ) ત્રીજો પુરૂષ સર્વનામ' છોકરાને ઠેકાણે નરજાતિ
કર્ત્તા અર્થે પહેલીનું એકવચન (તજે ક્રિયાપદનો કર્ત્તા)

તજે–સકર્મક ક્રિયાપદ, તજધાતુ, મૂળભેદ. અનિયમિત વર્ત્ત-
માનકાળ, ક્રિયાનાથ આપ, ત્રીજોપુરૂષ. નરજાતિ, એક-
વચન, કર્ત્તા આપ, કર્મ કચાશ, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

કચાશ–બીજાપ્રકારનું નામ, નારીજાતિ, કર્માર્થે પહેલીનું એ-
કવચન (તજે ક્રિયાપદનું કર્મ).

(૨૩)સો ટીપાં ચમચે પછી, આપે તજે કચાશ [ભોજનશા-
ળાપક્ષે]

સો–બીજાપ્રકારનું વિશેષણ, વિશેષ્ય ટીપાં, નાન્યતરજાતિ,
પેહેલીનું બહુવચન.

ટીપાં– પહેલા પ્રકારનું નામ નાન્યતર જાતિ, કમાર્થે પેહે-
લીનું બહુવચન (આપે કૃદંતનું કર્મ)

ચમચે–બીજાપ્રકારનું નામ. નરજાતિ, કરણાર્થે ત્રીજીનું એકવચન

પછી–વખત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય.

આપે (આપવાથી)–કૃદંતનામ, નાન્યતરજાતિ, પાંચમીનું
એકવચન.

તજે કચાશ.	} બાવીશમા વાક્ય પ્રમાણે

વાક્ય પ્રથક્ કૃતિ.

એકાકી વાક્યો.

વાક્ય.	કર્તૃપક્ષ.	ક્રિયાપક્ષ.		
		ક્રિયાપૂર્ણી કે કર્મ	ક્રિયાપદ.	ક્રિયાવૃદ્ધિ.
૧ તે ઘણો મહેનતુ, ડાહ્યો નમ્ર ભણવામાં ચપળ, અને બહુશોભિતો નાગરનો દીકરો ઘણા બુદ્ધિવાન પુરૂષને હાથે સરસ વિષયપર લખાએલી સુંદર ચોપડી ઘટતી રીતે મધુરે રાગે અમારા મહેલની અગાશીમાં સાંજની વખતે વાંચે છે.	તે ઘણો મહેનતુ. ડાહ્યો નમ્ર ભણવામાં ચપળ. અને બહુ શોભીતો નાગરનો **દીકરો**	ઘણા બુદ્ધિવાનપુરૂષને હાથે લખાએલી સુંદર ચોપડી	વાંચેછે.	ઘટતી રીતે મધુરે રાગે (રીત)અમારા મહેલની અગાશીમાં (સ્થળ) સાંજની વખતે (વેળા)

૨ મહેનતુને સદ્ગુણી છોકરાં પોતાનું હરેક કામ ઉમંગથીજ પાર પાડે છે.	મહેનતુ ને સદ્ગુણી **છોકરાં**	પોતાનું હરેક **કામ** પાર (ક્રિયાપૂર્ણી)	પાડે છે.	ઉમંગથી (કરણ) જ (નિશ્ચય)
૩ ભાવનગરના મહારાજા સાહેબ તખ્તસિંહજીએ લોકના સુખને માટે પબ્લીક ગાર્ડમાં બહુ પૈસા વાપર્યા છે.	ભાવનગરના મહારાજા સાહેબ **તખ્તસિંહજીએ**	બહુ પૈસા.	**વાપર્યા છે.**	લોકના સુખને માટે (કારણ) પબ્લીક ગાર્ડમાં (સ્થળ)
૪ વિદ્વદ્ભૂષણ બાણકવિએ કાદંબરી ગ્રંથમાં અલંકારની પરાસીમા કરી છે.	વિદ્વદ્ભૂષણ **બાણ કવિએ**	અલંકારની **પરિસીમા.**	**કરી છે.**	કાદંબરી ગ્રંથમાં (સ્થળ)
૫ મહારાણી સાહેબના સુબા લૉર્ડ રીપને હિંદની રૈયતપર અનેક ઉપકાર કર્યા છે.	મહારાણી સાહેબના સુબા લૉર્ડ **રીપને**	અનેક **ઉપકાર.**	**કર્યા છે**	હિંદની રૈયતપર (સ્થળ)
૬ અર્જુન યુદ્ધકળામાં પ્રવિણ. રણચતુર, ધીટ. વિજયીને પ્રતાપી યોદ્ધો હતો.	**અર્જુન** યુદ્ધ કળામાં પ્રવિણ રણચતુર ધીટ વિજયીને પ્રતાપી યોદ્ધો		હતો	
૭ તમારા સ્નેહને લીધે નટવરલાલ દસ ગાઉ દુરથી પણ પગે ચાલીને	**નટવરલાલ**		**આવી પહોંચ્યો**	તમારા સ્નેહને લીધે (કારણ) દસ ગાઉ દુરથી

વખતપર આવી પહોંચ્યો.				(સ્થળ) પણ (નિશ્ચય) પગે ચાલીને (રીતે) વખતપર (વેળા.)

(૨) સંયુક્ત વાકયો.

આજે એક ઉતારૂએ રાણપુર સ્ટેશને કહ્યું કે તમારા મામા આવતી કાલે અહીંના શેઠને ત્યાં આવશે માટે તેમનાસારૂ તમે રસોઇની ગોઠવણ સવારના દશ વાગે કરજો.

અ બ એકાકી વાક્યને "કે" શબ્દ જોડે છે.

બ ક એકાકી વાકયને "માટે" શબ્દ જોડે છે.

અ આજે એક ઉતારૂ એ રાણપુર સ્ટેશને કહ્યું.	એક **ઉતારૂએ**		કહ્યું.	આજે (વખત) રાણપુર સ્ટેશને (સ્થળ)
બ તમારા મામા આવતી કાલે અહીંના શેઠને ત્યાં આવશે.	તમારા મામા		**આવશે**	આવતી કાલે (વખત) અહીંના શેઠને ત્યાં (સ્થળ)
ક તેમના સારૂ તમે રસોઈની ગોઠવણ સવારના દશ વાગે કરજો.	**તમે**	રસોઇનીગોઠવણ	**કરજો**	તેમના સારૂ (કારણ) સવારના દશ વાગે (વખત)

કાળાંતરે યુદ્ધમાં ધુમનારાઓએ ઊપરા ઉપરી પ્રદેશ જીત્યા ને તેથી આર્ય પ્રજા નવા લોકના સંબંધમાં આવવાથી નવા નવા મોહ વિચાર ઉદ્યમમાં પડી. **અ બ** એકાકીવાક્યને "ને" શબ્દ જોડેછે.

અ કાળાંતરે યુદ્ધમાં ધુમનારાઓએ ઉપરા ઉપરી પ્રદેશ જીત્યા	યુદ્ધમાં **ધુમનારાઓએ**	**પ્રદેશ**	**જીત્યા**	કાળાંતરે (વખત) ઉપરા ઉપરી (રીત)
બ તેથી આર્ય પ્રજા નવા લોકના સંબંધમાં આવવાથીનવા નવા મોહ વિચાર ઉદ્યમમાં પડી	**આર્ય પ્રજા**		**પડી**	તેથી (કારણ) નવા લોકના સબંધમાં આવવાથી (કારણ) નવા નવા મોહ વિચાર ઉદ્યમમાં (સ્થળ)

અસાધારણ ઉદ્ધત સ્વભાવ આગળ વિવેકનું શું ચાલે? પણ જ્યારે વિવેકને **ઘણાની સહાય અને** યુક્તિઓ ગળે ત્યારે ઘણીવારે પણ વિવેક જય મેળવે, તેમ રામને જય મળ્યો.

અ બ એકાકી વાક્યને 'પણ' શબ્દ જોડે છે.

બ ક એકાકી વાક્યને 'ત્યારે' શબ્દ જોડે છે.

ક ડ એકાકી વાક્યને 'તેમ' શબ્દ જોડે છે.

અ અસાધારણ ઉધ્ધત સ્વભાવ આગળ વિવેકનું શું ચાલે?	વિવેકનું શું		ચાલે	અસાધારણઉદ્ધત સ્વભાવ આગળ(સ્થળ).
બ જ્યારે વિવેકને ઘણાની સહાયને યુક્તિઓ મળે	ઘણાની સહાયને યુક્તિઓ	વિવેકને	મળે	જ્યારે (વખત)
ક ઘણીવારે પણ વિવેકજ જય મેળવે.	વિવેક	જય	મેળવે	ઘણીવારે(વખત) પણ (નિશ્ચય)જ (નિશ્ચય)
ડ રામને જય મળ્યો	જય	રામને	મળ્યો	

આ દિવસે ઈંગ્લાંડની કિર્તી શીરો બિંદુએ પહોંચે છે અને હિંદુસ્તાનના ઉદય થવાના ચિન્હ ભવિષ્યમાં રાજવેત્તાઓની શુક્ષ્મ દૃષ્ટીએ પડે છે.

અ બ એકાકી વાક્યને 'અને' શબ્દ જોડે છે.

અ આ દિવસે ઈંગ્લાંડનો કિર્તી શિરો બિંદુએ પહોંચે છે.	ઈંગ્લાંડની કિર્તી		પહોંચે છે.	આ દિવસે(વખત શિરો બિંદુ એ(સ્થળ)
બ હિંદુસ્તાનનો ઉદય થવાનાચિન્હ ભવિષ્માં રાજવેત્તાઓની શૂક્ષ્મ દૃષ્ટીએ પડે છે.	હિંદુસ્તાનનો ઉદય થવાનાં ચિન્હ		પડેછે	ભવિષ્યમાં (વખત) રાજવેત્તાઓની શુક્ષ્મ દ્રષ્ટીએ (સ્થળ)

શુદ્ધિપત્ર.

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૨	નીશાનીઓ	નિશાનીઓ
૨	૧૦	વિભક્ત્તિ	વિભક્તિ
૩	૩	કર્તા	કર્ત્તા
૩	૧૩	ગોઠવાની	ગોઠવવાની
૩	૧૭	શુ	શું
૪	૨	ऋ ऋ,ऌ,ऌ	ऋ,ॠ ऌ,ॡ
૪	૪	,ऋ,ऋ,ऌ,ऌ	ऋ,ॠ ऌ ॡ
૫	૧૧	શુ	શું
૫	૧૫	શૂ	શું
૬	૧૭	ક	ક્
૬	૮	ઝ,ઢ,ડ઼,	ઝ્,ઢ્,ડ઼્
૬	૧૫	પૂ;ગ,ર	પ્,ગ્,ર્
૬	૧૬	છ,પ	છ્,પ્.
૬	૧૯	બીજુ	બીજું
૬	૨૨	બીજુ	બીજું
૮	૧૬	આપે	આપો
૯	૨૨	પણું	પણું)
૯	૨૨	નાન્યેતર	નાન્યતર
૧૦	૧૬	પુજા	પૂજો
૧૨	૨	હિંદ	હિંદી
૧૬	૨૦	સંખ્યા	સંખ્યાવાચક

૧૭	૧	સવ	સર્વ
૧૮	૨૫	વર્તમાન	વર્ત્તમાન
૧૮	૨૬	વર્તમાન	વર્ત્તમાન
૨૦	૧૦	નામના	નામનાં
૨૩	૮	તેઠેકાણે	ત્યારે
૨૩	૧૬	અને	અગર
૨૩	૨૨	પથ્થરો	પત્થરો
૨૪	૨૫	બધા	બધાં
૩૭	૩	ક્રિયાનાથનો	ક્રિયાનાથનાં
૩૭	૮	જાણુવી	જાણવી
૩૭	૨૨	જુદું	જૂદું
૪૦	૧૧	છેડેના	છેડાના
૪૦	૨૬	વર્તમાન	વર્ત્તમાન
૪૨	૩	સુતું,સુવાડ,સુવાર	સૂતું,સૂવાડ,સૂવાર
૪૨	૯	છુટતું	છૂટતું
૪૨	૧૮	સકમક	સકર્મક
૪૨	૧૩	આર	આર્
૪૩	૧૦	ભણેજને	ભાણેજને
૪૫	૩	કર્તા	કર્ત્તા
૪૫	૫	કર્તા	કર્ત્તા
૪૫	૬	કર્તા	કર્ત્તા
૪૫	૧૬	સકમક	સકર્મક
૪૭	૧૫	ત્વારે	ત્યારે
૪૭	૧૯	વર્ગેરેનો	વગેરેનો
૪૮	૧૭	ત્યાયે	ત્યારે

૫૧	૨	કર્મમાં વાંચ્ય	કર્મમાં+વાચ્ય
૫૧	૯	શક્ય=ભેદમાં	શક્ય ભેદમાં
૫૧	૨૪	પાનું	વીનું
૫૮	૨૩	કર્ત્તરિ	કર્ત્તરિને
૫૯	૧૧	નહીં	નહીં×
૬૦	૧૯	સકે	શકે
૬૩	૩	નહીં=તો	નહીંતો
૬૬	૨૨	ઉકારાત	ઉકારાંત
૬૬	૨૬	એનાં	એના
૬૭	૧૪	શબ્દ	અર્થ
૭૦	૧	કર્તા	કર્ત્તા
૭૦	૪	કિયાનાથ	ક્રિયાનાથ
૭૧	૨૧	જુદીજુદી	જૂદીજૂદી
૭૨	૨	જુદીજુદી	જૂદીજૂદી
૭૨	૧૧	જાતિનાં	જાતિના
૭૪	૨૩	કર્મણી	કર્મણિ
૭૪	૧	નારિ	નારી
૭૫	૨૪	પ્રથક=કૃતિ	પ્રથક્કૃતિ
૭૫	૨૫	વાક્ય=પ્રથક્	વાક્ય+પ્રથક
૭૬	૫	પ્રથક્=કૃતિ	પ્રથક્ કૃતિ
૭૬	૨૦	પ્રથક્=કૃતિ	પ્રથક્ કૃતિ
૮૦	૬	કર્મણીવાચ્ય	કર્મણિવાચ્ય
૮૦	૨૨	તે	તેઓ
૮૪	૭	જોયો	જોવો
૮૪	૧૨	જા	જો

૮૪	૧૨	સકમક	સકર્મક
૮૪	૨૬	બીજાનો	બીજીનો
૮૫	૨૪	એક વચન	બહુવચન
૮૫	૨૭		નારીજાતિ
૮૬	૪	કત્તા	કર્ત્તા
૮૬	૧૯	વત્તમાન	વર્ત્તમાન
૮૬	૨૫		પહેલીનું
૮૯	૧૭	એકવચન	બહુવચન
૯૧	૧૮	એકવચન	બહુવચન
૯૩	૩	કહેવાનું	કહેવાનું
૯૩	૬	એકવચન	બહુવચન
૯૪	૫	કર્તા	કર્ત્તા
૯૪	૨૨	કત્તા	કર્ત્તા
૯૫	૧૧	ગણીશુ	ગણીશું
૯૬	૧૦	નરજાતિ	નાન્યતરજાતિ
૯૬	૨૦	મૂળભેદ	મૂળભેદ
૯૬	૨૫	ત્રીજાનુ	ત્રીજીનું
૯૮	૫	અવળ	અચળ
૧૦૨	૨	મળીની	મળિનિ
૧૦૩	૪	પ્રયોગ	કર્ત્તરિપ્રયોગ
૧૦૪	૩	કર્તૃપક્ષ	કર્ત્તૃપક્ષ
૧૦૫	૧૫	ધાંટ	ધીટ
૧૦૭	૧	ધુમનારા	ઘૂમાનારા
૧૦૭	૩	ધુમનારા	ઘૂમનારા
૧૦૮	૯	શુક્ષ્મદ્રષ્ટીએ	સૂક્ષ્મદ્રષ્ટીએ
૧૦૮	૧૪	શુક્ષ્મદ્રષ્ટાએ	સૂક્ષ્મદ્રષ્ટાએ